હજરતે ફરમાવ્યું છે

"ખુદા જેના વિષે ભલાઇ ધારે છે તેને દીનમાં સમજ આપે છે".

રાહે નજાત.

અથવા

મુક્તિ માર્ગ

મુળ ઉર્દુથી ભાષાંતર કરી છપાવી પ્રસિદ્ધ કર્તા

ગુલામ મોહમ્મદ બીં૦ હાજી હાફેજ સાહેબ

મુ૦ રાંદેર જીલ્લે સુરત.

જીલહજ્જ સને ૧૩૨૦ હીજરી

બીજી આવૃત્તિ

મી૦ મોહમ્મદ કાસેમ હાશેમ ભરૂચા તરફથી ભેટ.

સુરત

"દેશી મિત્ર" પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપી

ખુદાના નામથી

બ્યાન કવીતામાં મુનાસેબ જણાય છે. કેમકે કવીતા ઘણી જલદી યાદ થાય છે. તેને યાદ કરવા માટે ઘણું સારૂં છે કે નાનપણથીજ અકીદો ચોખ્ખો રહે અને શી રી રીતે દીલમાં બેસી જાય. માટે જનાબ મોલવી ખુરંમઅલી સાહેબ (રહ)ની અતરે ટાંકુંછું.

નજમ.

ખુદા ફરમા ચુકા કુરઆં કે અંદર * મેરે મોહતાજ હેં પીરો પયગમ્બર
નહિ તાકત સીવા મેરે કેસી મેં * કે કામ આવે તોમહારી એ કસી મે
જો ખુદ મોહતાજ હોવે દુસરેકા * ભલા ઉસ્સે મદદકા માંગના ક્યા
ખુદાસે ઓર બુજુરગો સે ભી કહેના * યહી હે શીરક યારો ઉસ્સે બચના
ખબર કુરઆનમેં હે યે મોહકકક * નબખ્શેગા ખુદા મુશરેકકુ મુતલક
મઆજલ્લાહ જીસે બખ્શે ન અલ્લાહ * મુકર્રર વો જહન્નમ મેં પડેગા
અગર કુરઆંકુ તુમ સચ જાનતે હો * તો ફીર તુમ મનતે કયુ માનતે હો
તોમહે યે તોર બદ કીસને સીખાવા * મોહમ્મદને કહાં હે યે બતાયા
હે શેતાં દુશમને અવલાદે આદમ * સીખાતાહે વોહી શહે જહનમ
કીસીકુ બુત પરસ્તી હે સીખાતા * કીસીકુ હે વોહ કબરોપર ઝુકાતા
ગરજ અલ્લાહ સે દોનો કુ રોકા * ભોલાકર રાહ જો, ખંદક મેં ઝોકા
મુસલમાનો જરા સોચો તો દીલ મે * કહે હો કીસ્લતરહ તુમ આબો ગીલ મે
ઓહાત ગફલતમેં મારે અબ તો જાગો * ખુદાકે હોતે ગેરો સે ન માંગો
વોહ માલેક હે સબ આગે ઉસકે લાચાર * નહિ હે કોઇ ઉસકે ઘરકા મુખ્તાર
વોહ કયા હે જો નહિ હોતા ખુદા સે * જેસે તુમ માંગતે હો ઓલીયા સે
બયાને શીરક સુન કેહતે હું મરદક * કે મુનકેર હે બુઝરગોંસે બેબાકક
અરે ધોકા જુઠા અપનીકુ રોકો * બુજુરગો સે નહિ ઇનકાર હમકો
ખુદા લાનત કરે ઉસ રૂ સિયાહ પર * કે ઉસકે દીલમેં ના બુઝરગો પયગમ્બર
જેસે હો બુઝરગ આલે મુસતફા કા * ખુદા ઉસકુ કરે દાજખ કા કુનદા
જેસે અસહાબે હજરત સે હો ઇનકાર * રહે હરદમ ખુદાકી ઉસપર ફીટકાર
જેસે કુચ બુગ્જ હોવે ઓલયા સે * હમેશા અબ્બર લાનત ઉસપ બરસે
અબ ઇતના ઓરભી સુન રખયે હજરત * જો હકપર નાચલે ઉસપર ભી લાનત
હમારા કામ સમઝના હે યારો * અબ આગે ચહો તુમ માનો નમાનો
તું અપને હાલ મેં કુચ માચ ખુરંમ * જોબાં અબ અંધેર વાહ્હો આલમ

જાહેર ખબર

માલા બુદ્દ મિન્હા નામની જગત જાણીતી ફારસી કીતાબ મહા વિદ્વાન વલીયે કામેલ જનાબ કાજી સનાઉલ્લાહ પાનીપતી (રહ)ની રચેલી કે જે ઘણા સહેરોના ઘણા પ્રેસોમાં ઘણી વાર છપાઇ માન પામી દરેક ઇલ્માની મદરસાઓમાં ચાલું છે તેનો તરજુમો ગુજરાતીમાં છપાએ છે. મજકુર કીતાબના તરજુમા ઉર્દુમાં પણ થઇ ઘણા માનીતા થયો છે પણ તે ફકત કીતાબનો તરજુમા છે. અને ગુજરાતીમાં કીતાબના તરજુના સાથે તેની નોટોનો પણ તરજુમા થયો છે કે જેમાં મસલા ઓનો મોટો ખજાનો સમાઇયે. છે. અને એજ કારણથી ફારસી માલા બુદ્દ મિન્હાની સાથે દરેક પ્રેસ વાળાએ એ નોટને છાપી છે. એ તરજુમા ૬૦ રતલી ઉમદા કાગલ ઉપર છપાય છે જે રબીઉલ અવવલ સુધી બહાર પડશે કી. રૂ. ૧ પોષ્ટ વગર.

ગુલામ મોહમ્મદ બીન હાજી હાફેજ સાહેબ
મુ૦ શહેર જુની સુરત

હજરતે ફરમાવ્યું છે

"ખુદા જેના વિષે ભલાઇ ધારે છે તેને દીનમાં સમજ આપે છે".

રાહે નજાત.

અથવા

મુકિત માર્ગ

મુળ ઉર્દુથી ભાષાંતર કરી છપાવી પ્રસિદ્ધ કર્તા

ગુલામ મોહમ્મદ બીં૦ હાજી હાફેજ સાદેક

જીલકાદ સને ૧૩૨૮ હીજરી


બીજી આવૃત્તિ

કીંમત દોઢ આનો.

સુરત

"દેશી મિત્ર" પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપી

રાહે નજાત



મુક્તિ માર્ગ

ખુદાના નામથી જે મોટો મેહેરબાન રહમકર્તા

અલ્લાહની બક્ષીશો કારથી તેને માટે સર્વ તારીફ છે. અને તેના રસુલ હજરત મોહમ્મદ ઉપર અને તેમની આલ અને અસહાબ ઉપર દરૂદ અને સલામ થાઓ.

ઓ પ્યારાઓ! તમો સમજો કે મુસલમાન થવું મોટી નેઅમત છે, જે કોઇ મુસલમાન હશે તે ખુદાના દોસ્તોમાં દાખેલ થશે. દુન્યામાં પણ તેના ઉપર રહમત થશે, અને આખેરતમાં જંનતમાં મોટા મોટા દરજાત (પદવી) મેળવશે. અને મુસલમાન થયા વગર કોઇ ઇબાદત કબુલ થતી નથી. માટે દરેક માણુસપર લાજેમ છે કે તે પ્રથમ ઇમાન અને ઇસ્લામના મસઅલા શીખે. અને પોતાની ઓલાદને અને સર્વ ઘરવાળાઓને શીખવે. કે જેથી મરવા પછી અજાબથી મુક્તિ (નજાત) મળે. અને નહીં તો એ અને એના ઘરવાળા પણ ઘણો અજાબ જોશે.[1]

---

૧ ભાષાંતર કર્તાએ પોતાની પ્રસ્તાવના છેવટમાં રાખી છે. ગુ. મો.

હવે તમો દીનના મસલાઓને દીલ લગાડી સાંભળો, માતબર માતબર અને ભરોસેદાર કીતાબોથી છાંટીને બયાન કરૂં છું:—

ખુદાના રસુલ (સલ) સાહેબે ફરમાવ્યું છે કે "ઇસ્લામનો પાયો પાંચ ચીજ છે (૧)લુ કલેમે શહાદત (શાક્ષી વાકયો) (૨)જી નમાજ (૩)જી જકાત (૪)થી હજજ (૫) મી રમજાનનો રોજો"

હવે તમો પ્રથમ કલેમાના માએના (અર્થ) સાંભળો. દરેક મુસલમાન ઉપર ફરજ છે કે તે જબાનથી એકરાર કરે અને દીલથી સાચુ જાણે કે સર્વ જહાનનો પેદા કરનાર એકજ છે. તેનું પાક (પવિત્ર) નામ અલ્લાહ છે. કોઇ તેનો ભાગ્યો નથી. સર્વ રીતની મોટાઇ અને કમાલ (સંપુર્ણતા) તેનેજ છે. અને તે સર્વ એબોથી પાક છે. તે કોઇ કામમાં કોઇનો મોહતાજ નથી (નીરાધાર છે). અને સર્વ (પીર, પેગંબર, ગોસ, કોતુબ) તેના મોહતાજ છે. **સર્વ વસતુની તેનેજ ખબર છે** એક જર્રા (રજ) તેનાથી છુપુ નથી. તેને સર્વ ચીજોની કુદરત છે. જે ચાહે તે કરે કોઇ તેના હુકમને ફેરવી શકતું નથી. અને બંદો જે કંઇ કામ કરે છે સારૂં યા નરસુ એટલુંજ નહીં પણ દુન્યામાં જે કંઇ થાએ છે તે સર્વ ખુદાની તકદીરથી છે. એટલે ખુદાએ પ્રથમથીજ ઠેરવેલું હતું (અને તેના જાણમાં હતું) કે ફલાણાથી ફલાણી વખતે આવું આવું કામ થશે.

અને ઇમાન લાવે કે ફીરશતા ખુદાના બંદા છે નુરથી પેદા થયા છે તેઓ પાક છે પાપ કરતા નથી. જેજે કામ ઉપર ખુદાએ નીમ્યા છે તેપર કાએમ છે. ન તેઓ મરદ છે અને ન ઓરત, ખાતા પીતા નથી. [2]ખુદાની યાદ એ તેઓની જીનદગાની છે. **તેઓની ગણુતરી ખુદા વગર કોઇ જાણતું નથી.** તેમાં ચાર ફીરશતા ઘણા નામીચા છે. (૧) જીબ્રઇલ (અલે) કે ખુદાની કીતાબો અને ખુદાના હુકમ પેગમ્બરો પાસે લાવતા હતા. (૨) મીકાઇલ (અલે) કે ખુદાના હુકમથી બંદાઓને રોજી પોહોંચાવે છે. અને વરસાદની તૈયારી પણ કરે છે, (૩) ઇસ્રાફીલ (અલે) કે મ્હોંમા સુર (નીરસંગો, બીયુગલ) લઇને ઉભેલા છે કેયામતને દીવસે ફુંકશે (૪) ઇજરાઇલ (મલકુલ મોત) (અલે) કે મરતી વેળા રૂહ નીકાળે છે,

અને ઇમાન લાવે કે ખુદાએ પેગમ્બરો ઉપર કીતાબો મોકલી છે તૌરાત હજરત મુસા (અલે)પર. ઇનજીલ હજરત ઇસા (અલે)પર. જબુર હજરત દાઉદ (અલે)પર. કુરઆન હજરત મોહમ્મદ મોસ્તફા (સલ)પર. અને કેટલીક કીતાબો બીજા પેગમ્બરો ઉપર ઉતારી છે. જે કંઇ ખુદાની કીતાબોમાં લખેલું છે તે સર્વ હક્ક છે, તે સર્વ ઉપર ઇમાન લાવે.

અને ઇમાન લાવે કે ખુદાએ બંદાઓની હીદાયત માટે દુન્યામાં પેગંબરોને મોકલ્યા છે. અને હુકમ કીધો છે કે જે માર્ગ ઉપર પેગમ્બર ચલાવે તેજ માર્ગ ઉપર ચાલો; કે જેથી તમારા દીન અને દુન્યા ઠીક રહે. જે કોઇ બીજે માર્ગે ચાલશે તે દોજખી થશે. સર્વે પેગમ્બર બરહક્ક (સચ્ચાઇપર) છે અને ગુનાહોથી પવિત્ર છે. અને ખુદાની તમામ મખલુકથી અફજલ છે, તેમના દરજાને કોઇ પોહોંચી શકતું નથી. પેગમ્બરોમાં પેહેલા હજરત આદમ (અલે) છે. તેવણ સર્વ આદમીઓના બાપ છે. તેવણ પછી તેવણની ઓલાદથી ઘણા પેગમ્બરો થયા છે. તેઓની ગણુતરી ખુદાને ખબર છે. દુન્યામાં સર્વે પેગમ્બરોથી પાછલ હજરત મોહમ્મદ મુસ્તફા (સલ) આવ્યા, અને પેગમ્બરી હજરત પર ખતમ થઇ. પણ હજરતનું નુર સર્વથી પેહેલાં પેદા થયું હતું.[1] એજ માટે હજરત (સલ) સર્વે પેગમ્બરોના સરદારછે.

તેવણ મક્કા શરીફમાં જન્મયા. જ્યારે ચાલીસ વર્ષના થયા ત્યારે ખુદાના તરફથી પેગમ્બરી મળી અને કુરઆન શરીફ ઉતરવું શરૂ થયું. તે પછી

---

૨ હજરત ઇબરાહીમ [અલે] પાસે ફીરશતા આવેલા અને હજરત ઇબરાહીમે તેમને ઓળખેલા નહીં. જેથી તેમને ખાવા વાછરડો ભુંજેલો લાવેલા. (સુરા હુદ ૧૧; ૭૯, ૭૦) ત્યારે જે લોકો એવુ માને છે કે હજરત પીર (રહ) દરેક રજ રજ જાણે છે કોઇ ચીજ તેમનાથી છુપી નથી તે ખરૂં જોતાં ઓહલ અજમ પેગંબર કરતાં વધીને વધારનાર છે. ગુ. મો.

૧ પેદા થએલી દરેક ચીજ હાદેસ હોએ છે. તેમ હજરત (સલ)નું નુર પણ હાદેસ છે. એટલે તે નહીં હતુ અને ફરી ખુદાએ પેદા કીધું. અને ખુદાનુ નુર કદીમ છે. તે હમેશાથી છે અને હમેશ વગર ખપાકે ઘટાડે રેહેશે. ગુ. મો.

મક્કા શરીફમાં બીજા ૧૩ વર્ષ રહ્યા ત્યાં મેઅરાજ થઇ. હજરત જીબ્રઇલ (અલે) બુરાક લઇને આવ્યા ને હજરતને બેસડાવી મસજીદે અકસા[2]માં લઇ ગયા. અને ત્યાંથી હજરત સાતો આસમાન પર તશરીફ લઇ ગયા. અરશ કુરસી સર્વ કંઇ જોયા. અને જંનત જહંનમની પણ સેર કીધી. અને તે રાતમાં ખુદાના તરફથી મોટી મોટી નેઅમતો મળી. અને પાંચ વખતની નમાજ પણ ત્યાં ફરજ થઇ. ફરી જ્યારે હજરત ૫૩ વર્ષના થયા તો ખુદાના હુકમથી મક્કા શરીફથી મદીના તૈયેબા (પવિત્ર)માં આવ્યા. ૧૦ વર્ષ બીજા ત્યાં રહ્યા. જ્યારે ૬૩ વર્ષના થયા તો વફાત થઇ. અને કબર શરીફ હજરતની ત્યા છે.

હજરતની ચાર પેહેડી (કુરસી) આ છેઃ-મોહમ્મદ (સલ) બીન અબ્દુલ્લાહ બીન અબ્દુલ મુત્તલેબ બીન હાશેમ બીન અબ્દેમનાફ.

અને ઇમાન લાવે કે મરણ પછી આદમી પાસે બે ફીરશતા મુનકર અને નકીર આવીને સવાલ કરે છે. "તારો રબ્બ કોણ છે? તારૂં દીન કયું છે? આ કોણ શખ્સ છે[3] કે જે તારી પાસે આવ્યા હતા?" જો તે મુડદું ઇમાનવાળુ મરૂં હશે તો તેમને જવાબ આપશે, મારો પરવરદીગાર અલ્લાહ, મારૂં દીન ઇસ્લામ, અને આ શખ્સ ખુદાના રસુલ છે. અમારે માટે ખુદાનો હુકમ લઇને આવ્યા હતા. ફરી તે મુડદાં ઉપર ખુદાની રહમત થાય છે. જંનતના તરફ તેને માટે દરવાજો ખોલી દે છે. અને જો એ મુડદું બે ઇમાન મરૂં હશે તો મુનકર, નકીરનો જવાબ તેને આવડતો નથી. દરેક વેળા કહે છે "હું જાણતો નથી" ફરી તેના ઉપર સખ્ત અજાબ કરે છે. અને જહંનમની તરફ દરવાજો ખોલી દે છે.[4]

અને ઇમાન લાવે કે કેયામતનું આવવું બરહક્ક છે [5]તે દીવસે ઇસ્રાફીલ (અલે) સુર ફુંકશે. આસમાન ફાટી જશે, તારા તુટી જશે, અને તુટીને પડી જશે. અને રૂના ગાળાની જેમ પહાડો ઉડતા ફરશે. ફરી જમીન, આસમાન અને બધુ જ હાન ફના થશે. ફરી જયારે બીજીવાર સુર(સીંગડું) ફુંકશે તો સર્વ કંઇ હસ્તિમાં આવશે. મુડદાં કબરોથી નીકળશે. અને અમલો તોલવા તરાજુ મુકાશે અને અમલનામા તેઓના હાથમાં દેશે અને હીસાબ કરશે. તેના હાથ પગ સાક્ષી આપશે કે ભલાં કામ કીધાં હતાં કે બુરાં. અને દોજખના ઉપર પુલસેરાત ગોઠવવામાં આવશે કે જે વાળથી બારીક અને તલવારથી તેજ છે. તેપરથી સર્વેને પસાર થવાનો હુકમ આપશે. નેક લોકો વીજળી અથવા તેજ હવા અથવા તેજ ઘોડાની માફક ચાલ્યા જશે અને કેટલાક પગે ચાલનારાઓની તરહ જશે. અને ઘણા બુરા કપાઇને દોજખમાં પડશે.

અને ઇમાન લાવે કે હક્ક તઆલાએ હજરત મોહમ્મદ (સલ)ને હોજે કોસર એનાયત કીધો છે.

---

[2] મસજેદે અકસા એ બૈતુલ મુકદ્દસ કેહતાં યરૂશલીમની મસજીદનું નામ છે. એ શામના મુલકનું એક શેહેર છે. ગુ. મો.

[3] એટલે હજરત મોહમ્મદ (સલ) કે જેવણની નોબુવ્વત સર્વ જગ્યા પોહોંચી છે અને ધ્યાનમાં છે તેમના વિશે તું શું કહે છે? ત્યાં કોઇ સુરત કે શીકલ હાજર કરવામાં આવતી નથી. ગુ. મો.

[4] આથી તમો સમજી શકશો કે કેટલાક કીસ્સા બયાન કરનાર બયાન કરે, છે કે "હજરત પીર (રહ)નો એક મોરીદ મરી ગયો અને દફન થયો તો મુનકર, નકીરે તનાથી ઉપલા સવાલો કીધા ત્યારે તે દરેક સવાલના જવાબમાં હજરત પીર (રહ) ને બતાવતો હતો. ફરી તેને અજાબ કરવા ખુદાથી માંગણી કીરી તો ખુદાએ અજાબ કરવાનો હુકમ કીધો અને તેઓ અજાબ કરવા લાગ્યા તો હજરત પીર (રહ) ત્યા પોહોંચ્યા અને અજાબ કરવા દીધો નહીં" એ તદ્દન બનાવટી વાત છે. કારણ કે જો તે ઇમાનવાળો હોત તો ઉપર બતાવ્યા પ્રમાણે જવાબ આપત. અને જ્યારે તેમ જવાબ નહીં આપ્યો તો માલમ પડ્યું કે તે બેઇમાન હતો ફરી હજરત પીર (રહ) જેવા બુજરૂગ તે કાફરની શીફારસ કેમ કરે? એનું ખુલાસાવાર બયાન 'લોબાબુલ મઆની'માં છે. ગુ મો.

[5] કેયામત કયારે થશે એ ખુદા વગર કોઈ જાણતું નથી. કુરઆનની કોઇ પણ આયતમાં કે કોઇ પણ હદીસમાં કેહવાયલું નથી કે કેયામત કયારે થશે તે હજરત (સલ) જાણતા હતા. મહા વિદ્વાન એની શરહ બુખારીમાં લખે છે કે કેયામત કયારે થશે એની કોઈને ખબર નથી એવું માનવું દીનમાંથી છે. ગુ. મો.

તેનું પાણી મધથી મીઠું છે. અને દુધથી ઉજળું છે. આસમાનના તારાની જેમ તેના કુજા ઘણા છે. હજરત રસુલે ખુદા (સલ) કેયામતને દીવસે તેપર બેસીને પોતાની ઉમ્મતને પાણી પાશે. જે કોઇ પીશે તે બીજીવાર તરસો થશે નહીં.

અને ઇમાન લાવે કે હજરત રસુલે ખુદા તથા બીજા પેગમ્બરો તથા વલીયો તથા નેક આદમીઓ કેયામતને દીવસે ગુન્હેગારોની શફાઅત કરશે.

અને ઇમાન લાવે કે મુસલમાનોને જંનતમાં મોટી મોટી નેઅમતો મળશે, ખાવાને મેવા, પીવાને શરબત, ખીજમતને હુર અને ગીલમાન, રેહવાને સારાં સારાં ઘરો. અને સર્વથી મોટી નેઅમત જંનતમાં ખુદાનો દીદાર છે; કે જે પોતાનાં ફજલથી મુસલમાનોને નસીબ (ભાયગે) કરશે. અને કાફેરોને દોજખમાં મોટા મોટા અજાબ થશે. આગ, સર્પ. વિંછુ, ગરમ પાણી, ગલામાં તોક, સાંકલ, કાંટા બદબોવાળા ઘરો અને બીજા ઘણા અજાબ છે ખુદા તઆલા દુન્યાથી ઇમાનની સાથે ઉચકે. અને સર્વ મુસલમાનોને અજાબથી બચાવે. (આમીન).

અને ઇમાન લાવે કે કુરઆન અને હદીસમાં જે કંઇ જંનત જહંનમનો એહવાલ અને આગલી પાછલી વાતો લખી છે એ સર્વ સાચી છે. અને જે વાત શરઅ શરીફને માફક છે તે સાચી છે. અને જે વાત કુરઆન, હદીસની વિરૂદ્ધ છે તે સર્વ ખોટી છે[2] અને બુરી છે. અને દરેક મુસલમાનપર લાજેમ છે કે હજરત રસુલુલ્લાહ (સલ) ની ખુશીને માટે હજરતની અહલે બૈત, અજવાજે મોતહહરાત (પવિત્ર બીબયો) અને હજરતના સહાબીઓથી મોહબ્બત અને અકીદો રાખે. અને તમામ ઉમ્મતમાં તેમને અફજલ અને બેહત્તર સમજે અને તે સર્વને માન આપે. જ્યારે એઓમાંના કોઇનું નામ સાંભળે તો રદેયલ્લાહો તઆલા અનહો[1] કહે. કુરઆનમાં તેઓની ઘણી તારીફ છે તથા હજરતે તેઓની ઘણી ખુબીયો બયાન કીધી છે. તેમનો મોહબ્બત કરનાર જંનતી છે અને તેમનો દુશમન જહંનમી છે. તે સર્વમાં હજરત અબુબકર (રદી) હજરત ઓમર (રદી) હજરત ઉસમાન (રદી) અને હજરત અલીને અફજલ(શ્રેષ્ઠ) જાણીને ઘણો અકીદો અને તાજીમ કરે.

આ સર્વ વાતોપર અકીદો રાખીને હક્ક જાણીને પકો મુસલમાન થઇને વોજુ નમાજના મસલા શીખે.

અને નમાજને સર્વ ઇબાદતોમાં અફજલ અને બેહતર ખુદાનું ફરજ જાણે. પાંચો વખત નમાજને જમાઅતથી અદા કરે અને સુસ્તીથી કદી છોડે નહીં. હજરત રસુલે ખુદાએ (સલ) ફરમાવ્યું છે "જે કોઇ નમાજને હમેશ પડા કરશે તેને માટે કેયામતને દીવસ નુર, દલીલ (દાખલો), અને નજાત થશે. અને જે કોઇ નમાજની સંભાળ નહીં કરશે તેને ન નુર થશે અને ન હુજ્જત (દલીલ) અને ન નજાત. અને તે કેયામતને દીવસે કારૂન ફીરઓન, હામાન અને ઓબેય બીન ખલફની સાથે થશે"[2] અને હજરતે (સલ) ફરમાવ્યું છે. તમો પોતાની ઓલાદને જ્યારે તે સાત વર્ષની થાએ તો કહો કે નમાજ અદા કરે. અને જ્યારે દસ વર્ષની થાએ તો મારીને નમાજ પડાઓ.

વોજુનું બયાન.

વોજુમાં ચાર ફરજ છે. ૧ મ્હોં ધોવું, માથાના વાળથી હડીને નીચે સુધી અને બંને કાનો સુધી. ૨જુ કોહણી સુધી બંને હાથ ધોવા. ૩જુ પા માથાનો મસહ કરવો. ૪થુ ગુંટી સુધી બંને પગ ધોવા. એ ચારે ચીજમાંથી જો વાળ બરાબર કોરૂ રેહશે તો વોજુ સહી થશે નહીં.

સુંનત આવી રીતે છે. બીસમીલ્લાહી--ર્રહમાની--ર્રહીમ પડીને બંને હાથ પોહોચા સુધી ત્રણવાર ધોએ. ફરી ત્રણવાર કોગલો કરે દાંતણ સુદ્ધાં.

---

૨ દરેક મસલો અકીદો અને વાત માટે કુરઆન શરીફ અને હદીસ શરીફ કસોટી છે. તેથી પરખવું જોઈએ. જ્યારે હજરત (સ) ને નામે લોકોએ ખોટી હદીસો બનાવી છે, તો બુજરોગોને નામે ખોટી વાતો કહે એમાં નવાઇ શી. માટે કુરઆન હદીસથી વિરૂધ્ધ વાતોને કદી માનવી નહીં. ગુ. મો.

૧ અર્થ—ખુદા તઆલા તેમનાથી રાજી થાઓ. ગુ. મો.

૨ હજરત પીર (રહ)ના મજહબ (હંબલી) માં એક વાર જાણી જોઇને નમાજ નહી પડનારો કાફેર થાએ છે ગુ. મો.

અને ત્રણુવાર નાકમાં જમણા હાથથી પાણી લઇ ને ડાબા હાથથી નાક છણુકે અને ત્રણવાર મ્હોં ધોએ. અને ત્રણુવાર કોણી સુધા બંને હાથ ધોએ. એકવાર આખા માથાનો મસહ કરે, કાનોનો મસહ કરે. ગુંટી સુદ્ધાં ત્રણુવાર પગ ધોએ. વોજુ તમામ થયું.

વોજુ કરતાં કલેમે શહાદત પડે.[1] **અશહદો અલ્લાએલાહ ઈલ્લલ્લાહો વહદહુ લા શરીક લહુ વ અશહદો અંન મોહમ્મદં અબ્દોહુ વ રસુલોહુ. અલ્લાહુંમજ—અલની મીનત્ત વાબીન વજઅલની મીનલ મોતતહહેરીન સુબહાન--કલ્લાહુંમા વ બે હમ્દેક વ અસત ગફેરોક વ અતુબો એલેક**[2] વોજુ પછી (જો મકરૂહ વખત ન હોએ તો) બે રકઅત નફલ નમાજ પડે ઘણો સવાબ મલશે. વોજુ કરતી વેળા દુન્યાની વાત કરવી મકરૂહ છે. અને (ત્રણુવારથી વધુ) ઘણું પાણી વાપરવું બુરૂં છે.

વોજુ તોડનાર

માણસને આગલ પાછલથી જો નજાસત નીકળે તો વોજુ તુટી જાએ છે. અને લોહી અથવા પરૂ નીકળીને (વોજુ અથવા ગુસલમાં ધોવામાં આવતી હોએ એવી જગ્યામાં) વેહે તો વોજુ તુટી જાએ છે. ચાતાઅથવા કરવટ લઇને અથવા અઢેલીને ઉંગે તો વોજુ તુટી જાએ છે. અને જો નમાજમાં ઊભાં ઊભાં અથવા રોકુઆં અથવા સીજદામાં ઉંગે અને કાયદા પ્રમાણે બંદોબસ્તથી રહ્યા છે અથવા તે બેઠા બેઠા ઉંગે છે અને તે ઢગલ નહીં થયા છે તો વોજુ નહીં તુટતું. અને જો નીશા પીને મતવાલો બને અથવા બીમારીથી બેહોશ થાએ, અથવા કોઇ ગાંડો થાએ તો વોજુ તુટે છે.

---

૧ હીસને હસીન વગેરે કીતાબોમાં છે કે કલમે શહાદત તથા તેને સાથેની દુઆ વોજુ પુરૂ થએથી પડે. ગુ. મો.

૨ અર્થ—હું શાક્ષી આપું છું કે ખુદા વગર કોઈ પુજ્ય (માબુદ) નથી તે એકલો છે તેનો કોઇ ભાગયો નથી, અને હું શાક્ષી આપું છું કે હજરત મોહમ્મદ (સલ) તેના બંદા છે. અને તેના રસુલ છે ઓ અલ્લાહ તું મને તોબહ કરનારાઓમાં કર. અને તું મને પાકી મેળવનારાઓમા કર હું તારી પાકી કહું છું અને તારી સના (સ્તુતી) માં લાગેલો છું અને હું તારાથી બખશીશ માંગુ છું અને તારા તરફ વળું છું (તોબા કરૂં છું) ગુ. મો.

ગોસલનું બયાન.

ગોસલમાં ત્રણુ ચીજ ફરજ છે. (૧) કોગલો કરવો (૨) નાકમાં પાણી લેવું અને (૩) આખા બદનપર એક વાર પાણી રેડવુ. પણ સુંનત આવી રીતે છે:—પ્રથમ (પોહોચા સુધી) હાથ ધોએ. અને બદન ઊપરની નાપાકી દુર કરે. ફરી વોજુ કરે[2] ફરી ત્રણ વાર બદન ઉપર પાણી રેડે.

ગોસલ જેમાઅ (સ્ત્રી મેલાપ)થી સ્ત્રી પુરૂષ બંને ઉપર ફરજ થાએ છે ફરી મની નીકળી હોએ કે નહીં નીકળી હોએ. અને જો સુઇ ઉઠી બદન ઉપર મની જુએ, ફરી તેને એહતેલામ (સપનો) યાદ હોએ કે નહીં હોએ. ગોસલ ફરજ થાએ છે. પણ જો એહતેલામ યાદ હોએ, અને બદન ઉપર કે કપડાં ઉપર નીશાની નહીં હોએ, તો ગોસલ વાજેબ નથી. જો કોઇ ઓરત પાસે બેસી તેને હાથ લગાડયો અથવા ચુમન કીધું અને શહવત થઇને ચીપ સરખું નીકળ્યું તેને મઝી કહે છે. તેના નીકળવાથી ગોસલ વાજેબ થતું નથી પણ જો હાથ લગાડવાથી શહવતની સાથે ઉછળીને મની નીકળે અને લજત માલમ પડે તો ગોસલ વાજેબ છે. ઓલમાઓએ ફરમાવ્યું છે કે જો કોઇ માણુસ સુતો ઉઠયો અને જકર (પેશાબની જગ્યા)પર મઝીની તરાવટ જોઇ તો પણ તેને જોઇએ કે એહતેયાત (બચાવ)ને માટે ગોસલ કરે. જ્યારે સ્ત્રી હેજ અને નિફાસથી[3] પાક થાએ તો તેના ઉપર ગોસલ ફરજ થાએ છે.

હેજની થોડામાં થોડી મુદત ત્રણુ દીવસ છે અને વધુમાં વધુ દશ દીવસ છે એ મુદત્તમાં કોઇ પણ રંગનું લોહી નીકળે તો તે હેજ છે. પણ જ્યારે ધોરૂ પાણી નીકળુ કે હેજ પુરૂં થયું. ગોસલ કરી નમાજ પડે. જણુવા પછી (ચાલીસ દીવસ સુધી) જેટલા દહાડા લોહી નીકળે નમાજને બંધ રાખે. જ્યારે સુકાઇ જાએ તો નમાજ પડે. પણ જો ચાલીસ દીવસથી વધુ નીકળે તો ગોસલ કરીને નમાજ પડે,

---

૨ જો તે એવી જગ્યામાં ગોસલ કરતો હોએ કે ગોસલનું પાણી ત્યાં ભેગુ થાએ છે તો તે વોજુ કરતાં પગ ધોવાના બાકી રાખે અને ગોસલ પછી બીજી જગ્યા હટીને પગ ધોએ ગુ. મો.

૩ જણુવા પછી જે ખુન વહે છે તેને નિફાસ કહે છે. ગુ. મો.

હેજ અને નિફાસમાં નમાજ નહીં પડે, રોઝો નહીં રાખે. અને જ્યારે બંધ થઇ જાએ તો નમાજની કજા નથી પણ રોજા જેટલા જેટલા ખાધા હોએ તેટલાની કજા કરે, સ્રીથી હેજ અને નિફાસમાં જીમાઅ કરવું હરામ છે. પણ ઇસ્તેહાજામાં દુરૂસ્ત છે[1]

વગર વોજુએ કુરઆન શરીફને હાથ લગાડવું દુરૂસ્ત નથી પણ મ્હોંડે પડવું દુરૂસ્ત છે. અને ગોસલની હાજતવાળાને અને હેજ નિફાસ વાળીને બેને [2]દુરૂસ્ત નથી. અને મસજીદમાં જવુ તથા કાબા શરીફને ચોતરફ તવાફ કરવો પણ દુરૂસ્ત નથી.

તયમ્મોમનું બયાન

જો નમાજીને પાણી નહીં મળે એક માઇલ જેટલું દુર હોએ. અથવા બીમારીથી પાણી નુકસાન કરતું હોએ[3] તો પાક માટીપર તયમ્મોમ કરીને નમાજ પડે. કદી નમાજને છોડે નહીં પ્રથમ નૈયત કરે. કે તયમ્મોમ કરૂં છું નાપાકીને દુર કરવા અને નમાજને દુરૂસ્ત કરવાને માટે ખુદાની નજદીકી મેળવવાને માટે. ફરી નૈયત કરીને બંને હાથ જમીનપર મારીને મ્હોંપર ફેરવે. ફરી (બીજીવાર) જમીનપર મારીને કોહણી સુદ્ધા બંને હાથપર ફેરવે. અને એવી રીતે ફેરવે કે જેટલું મ્હોં, હાથ ધોવું ફરજ છે તે સર્વ જગ્યા હાથ પોહોંચે. અને જો હાથમાં વીંટી હોએ તો તેને પણ હલાવી દે.

ગોસલ અને વોજુનું તયમ્મોમ એક સરખી રીતનું છે. જેવી રીતે માણુસ ગોસલ અને વોજુથી પાક થાએ છે તેમ તયમ્મોમથી પણ પાક થાએ છે. જ્યાં સુધી પાણી નહીં મળે વગર ખટકે નમાજ કુરઆન પડા કરે. જ્યારે પાણી મળ્યુ તયમ્મોમ તુટયુ. અને જે ચીજોથી વોજુ તુટી જાએ છે તેણેથીજ તયમ્મોમ પણ તુટી જાએ છે

જો બદન અથવા કપડુ નાપાક હોએ અને પાક કરવાને પાણી મળતું નથી તો તેવીજ રીતે ફરજ નમાંજ પડે. પણ જો સતરને માફક પાક કપડું મળે તો સર્વ નાપાક કપડા ઉતારીને નમાજ પડે.

નમાજના ફરજો

નમાજના ફરજ ૧૩ છે. ૭ નમાજને બાહારના છે અને ૬ નમાજને અંદરના છે.

બાહારના ૭ આ છે (૧) બદનનું પાક રાખવું. (૨) કપડાનું પાક રાખવું. (૩) નમાજની જગ્યાનું પાક થવું. (૪) સતર ઢાંકવું. (૫) વખત પર નમાજ પડવી. (૬) કીબલાના તરફ ઉભુ રહેવું. (૭) નમાજની નૈયત દીલમાં કરવી. એટલે મનમાં સમજવું કે ફજરની ફરજ પડુ છું જબાનથી નૈયત કરવી જરૂર નથી. જોઇએ કરે જોઇએ નહીં કરે.

જો માણુસના દેહમાં ફુલ્લો કે જખમ છે અને તે દરેક વખત વહયા કરે છે. અથવા કોઇનો પેશાબ દરેક વખત ટપકે છે, અથવા વાયુ સરા કરે છે. બંધ થતું નથી. અથવા નકસોરી ચાલુ રહે છે બંધ થતી નથી. એવો માણુસ દરેક નમાજને વખત તાજુ વોજુ કર્યા કરે. અને વગર ખટકે નમાજ પડા કરે નમાજ છોડે નહીં.[1] જ્યારે નમાંજનું વખત જશે તો (એનું) વોજુ તુટી જશે.

---

[1] ઈસ્તેહાજા બીમારીના ખુનને કહે છે. હેજમાં ત્રણ દીવસથી કમ અને ૧૦ દીવસથી વધારે અને નેફાસમાં ૪૦ દીવસથી વધારે ઇસ્તેહાજા છે. અને એક હેજથી બીજા હેજ સુધી ઓછામાં ઓછા ૧૫ દીવસ પાકીના છે. ગુ. મો.

[2] એટલે કુરઆનને હાથ લગાડવું તથા મ્હોડે પડવું. ગુ. મો.

[3] એવીજ રીતે કુએ કુવો હોએ પણ ડોળચી દોરડું નહીં હોએ. અથવા વાવ કે તલાવ હોએ કે કુવાપર ડોળચી દોરડુ હોએ પણ ત્યાં વાઘ વરૂની કે દુશમનની બીહીક હોએ. અથવા પાણી એટલું હોએ કે વોજુ ગોસલ કરે તો તે અથવા તેનું જાનવર તરસુ રહે, તો ત્યાં પણ તયમ્મોમ કરવું દુરૂસ્ત છે ગુ. મો.

[1] જો કોઇ માણુસની આંખ દુઃખવા આવી હોએ કે કોઇ બીજી બીમારી હોએ અને તેથી ચીપણા કે પાણી હંમેશ વેહતુ હોએ. તેને જરૂર છે કે તે દરેક નમાજને માટે વોજુ અથવા તયમ્મોમ કર્યા કરે; કેમકે જે ચીજ આંખ અથવા કાનમાંથી દરદની સાથે નીકળે તેથી વોજુ તુટી જાએ છે. એ મસલાનો ખુલાસો દુરૂલ મુખતારમાં છે પણ આ જમાનાના લોકો એથી તદન અંજાણ છે. ગુ. મો.

મરદને દુટીથી ગુઠણુ સુધી સતર ઢાંકવું ફરજ છે. અને હુર્રૂ ઓરતને મ્હોં, બંને હથેલી, અને બંને પગ વગર બાકીનું તમામ બદન ઢાકવું ફરજ છે. અને બાંદી ઓરતને પેટ અને પીટથી કે ગુઠણુ સુદ્ધાં ઢાંકવું ફરજ છે, અને બાકી મુસ્તહબ છે. જેટલું ઢાંકવું ફરજ છે તેમાંથી કોઇ પણ અજો (અવયવ)ની ચોથાઇ નમાજમાં ખુલી જાએ તો નમાજ તુટી જાએ છે જેમકે રાનની ચોથાઇ, જકરની[1] ચોથાઇ જોલયાની ચોથાઇ, ઢગરાની ચોથાઇ. અથવા ઓરતના વાળની ચોથાઇ અથવા કોઇ બીજી (ચીજની ચોથાઇ) કેથેથી ખુલી જાએ તો નમાજ તુટી જાએ છે. જે માણસને કપડુ મયસ્સર નહીં હોએ તે નાંગો નમાજ પડે પણ નમાજને છોડે નહીં; કેમકે નમાજ છોડવાનો ઘણો અઝાબ છે. જે માણસની પાસે પાગડી જામો કુડતો ઇજાર હોએ તેને ટોપીથી અથવા એખલી ઇજારથી નમાજ પડવી મકરૂહ છે. સવાબ કમ થાએ છે. પણ ફરજ જેટલું સતર ઢંકાયું હોએ તો એથી નમાજ જતી નથી.

જો નમાજી જંગલમાં એવી જગ્યા પોહોંચે કે કીબલો જણાય નહીં ઝાડી હોએ કે અંધારી રાત હોએ તેથી. અને કોઇ આદમી તેને નહીં દેખાય કે તેને પુછે. તો એવી જગ્યા (કીબલા માટે) અટકલ કરે. જે તરફ તેનું હૃદય (દીલ) શાહેદી આપે તે તરફ નમાજ પડે વગર અટકલે નમાજ દુરૂસ્ત નથી. અને જો ઘણા માણસો હોએ તો દરેક માણસ પોતાની અટકલે નમાજ પડે.

નમાજના વખતો પ્રખ્યાત[2] છે પણ મુસ્તહબ આ છે કે સુબ્હની નમાજ જરાવાર લગાડીને પડે. અને ગરમીના દીવસમાં જોહરની નમાજ જરા મોડેથી પડે. અને વાદળાના દહાડામાં મગરેબની નમાજ વાર લગાડીને પડે. અને એશાની નમાજ થોડી રાત વીતેથી પડે. અને બાકીની નમાજો પ્રથમ વખતમાં પડવી બેહતર છે. જે વખતે સુર્ય નીકળે અને જે વખત ઠીક બપોહોર થાએ અને જે વખત સુર્ય ડુબે, ત્યારે નમાજ પડવી દુરૂસ્ત નથી ન ફરજ અને ન નફલ અને ન જનાજાની અને ન સીજદો તેલાવતનો. પણ જેણે અસરની નમાજ નહીં પડી હોએ તે નાચારીએ સુર્ય ડુબતાં પડી લ્યે. સુબ્હની નમાજ પછી[3] અને સુર્ય નીકળવા પહેલાં તથા અસરની નમાજ પછી અને સુર્ય ડુબવા પેહેલાં નફલો પડવી મકરૂહ છે પણ કજા નમાજ દુરૂસ્ત છે.

નમાજ અંદરના ફરજ

(૧) તકબીર તહરીમા એટલે **અલ્લાહો અકબર** કહીને નમાજ શોરૂઅ કરવી (૨) કેયામ એટલે ઉભા રહીને નમાજ પડવી (૩) કેરાઅત એટલે નમાજમાં કંઇ કુરઆન શરીફ પડવું. (૪) રોકુઅ (૫) દરેક રકાઅતમાં બે સીજદા કરવા. (૬) આખરી કાએદો એટલે નમાજની આખરમાં અત્તહીય્યાત જોગુ બેસવું.

ફરજ નમાજ અને વીતર બીમારી વગર બેસીને પડવી દુરૂસ્ત નથી. અને સુંનત, નફલને બેસીને પડવી પણ દુરૂસ્ત છે પણ ઉભા રહીને પડવી ઘણો સ્વાબ છે *

આ ૧૩ ફરજ નમાંજના છે. એમાંથી એક પણ છોડી દે તો નમાજ તુટી જાએ છે ફરીસેથી નમાજ પડે.

ઇમામ આજમ (રહ) સાહેબના મજહબમાં કુરઆનની એક આયત નમાજમાં પડવી ફરજ છે અને એક આયતથી વધારે પડવું વાજેબ છે અથવા સુંનત છે. પણ બીજા ઇમામોના મજહબ માં પુરી અલહમ્દો પડવી ફરજ છે. કેરાઅત ફરજ નમાજની બે રકઅતમાં ફરજ છે અને બાકીમાં સુંનત છે. અને વીતર, સુંનત, અને નફલની દરેક રકઅતમાં કેરાઅત ફરજ છે

---

૧ પુરૂષની પેશાબની જગ્યા. ગુ. મો.

૨ ફજરનું વખત સુબ્હ સાદેક નીકળવાથી તે આફતાબ નીકળવા સુધી રહે છે. જોહરનું વખત સુર્ય ઢળવા પછીથી તે સાયા અસલી સીવાય બે સાયા સુધી રહે છે એટલે ઠીક બપોરે જે ઓલો પડે છે તેટલો અંદાજે બાદ કાધા બાદ દરેક ચીજનો બવડો ઓલો પડે તો જોહરનું વખત પુરૂં થાએ છે. અને આ મસલો ઇમામ આજમ (રહ)ના મજહબ પ્રમાણે છે. અને ઇમામ અબુ યુસોફ તથા ઇમામ મોહમ્મદ (રહ)ના મજહબ પ્રમાણે એક સાયો થયેથી જોહરનું વખત સમાપ્ત થાએ છે. અને મક્કામાં આજ કાલ એપરજ અમલ છે. કેમકે ત્યાં એક સાયા પછી અસરની નમાજ પડે છે અને અસરનો વખત જોહર પછીથી તે સુર્યાસ્ત સુધી છે. અને મગરેબનો વખત સુર્યાસ્તથી તે શફક કેહતા લાલી ડુબવા સુધી છે. અને ઈશાનો વખત મગરેબ પછીથી તે સુબ્હ સાદેક નીકળવા સુધી છે. ગુ. મો.

૩ સુબ્હ સાદેક નીકળયા પછી બે રકઅત સુંનતથી વધારે કંઇ નફલ પડવી મકરૂહ તથા બીદઅત છે.

* ઉભા રહીને પડવાથી પુરો સવાબ મળે છે અને બેસીને પડવાથી અરધો સવાબ મળે છે. કેટલાકો એવું સમજે છે કે નફલ એ બેસીનેજ પડવી એ તેમની ભુલ છે. ગુ. મો.

નમાજના વાજેબ

નમાજના વાજેબ ૧૪ છેઃ—(૧) પુરી અલહમ્દો પડવી. (૨) અલહમ્દો પછી સુરત મેળવીને પડવી. (૩) રૂકુઅ તથા સિજદામાં વાર લગાડવી. (૪) રોકુઅ કરીને સીધો ઉભો રહી ફરી સિજદામાં જવું[1] (૫) એક સિજદો કરીને બેઠા પછી બીજો સિજદો કરવો[2] (૬) નમાજની વચ્ચે અત્તહીય્યાતને વાસતે બેસવું (પેહેલા કાયદામાં બેસવું) (૭) અત્તહીય્યાત બંને કાયદામાં પડવી.[3] (૮) જ્યાં પુકારીને પડાય છે ત્યાં ઇમામે પુકારીને પડવું અને જ્યાં આહીસતા પડાય છે ત્યાં આહીસતા પડવું. (૯) નમાજની આખરમાં અસ્સલામો અલેકુમ વરહમતુલ્લાહ[4] કેહવું. (૧૦) વીત્રમાં દોઆ કોનુત[5] પડવી. (૧૧) બંને ઇદોની નમાજમાં છ છ તકબીરો કેહવી. (૧૨) ચાર રકઅત (કે ત્રણ રકઅત) ફરજમાંથી આગળી બે રકઅતને કેરાઅત માટે ઠેરવવી. (૧૩) જે ફરજ કે દરેક રકઅતમાં અનેકવાર આવે છે (જેમકે સિજદો) તેમાં તરતીબની સંભાલ રાખવી. (૧૪) દરેક વાજેબમાં તરતીબની સંભાલ રાખવી.

આ સર્વ ૧૪ વાજેબ થયાં તેમાંથી જો જાણી બુજીને એક પણ છોડી દેશે તો નમાજ જતી તો નહીં રેહશે પણ (સખ્ત રીતે) મકરૂહ થશે અને તુટવા જેવી થશે. વાજેબ છે કે એ નમાજને ફરીથી પડે. અને જો એ વાજેબોમાંથી એક અથવા એકથી વધારેને ભુલથી છોડયું છે અને નમાજની આખરમાં સહોનો સિજદો કીધો છે તો તે નમાજ સહી થઇ અને જો સહોનો સિજદો નહીં કીધો છે તો વાજેબ છે કે એ નમાજ ફરીથી પડે. પણ જો ફરીથી નમાજ નહીં પડી તો ફરજ અદા થયું પણ વાજેબ તરક થવાનો ગુનહ માથે રેહે છે.

સહોનો સિજદો એ આવી રીતે થાએ છે કે જ્યારે આખર (ના કાયદા)ની અત્તહીય્યાત પડી રહે તો સલામ ફેરવીને બે સિજદા કરે ને ફરી અત્તહીય્યાત, દોરૂદ, અને દોઆ પડીને સલામ ફેરવે.

દરેક મુસલમાન પર લાજેમ છે કે અલહમ્દો અને કેટલીક કુરઆનની સુરતો અને જે ચીજ નમાજમાં પડાએ છે તેને ખુબ સહી કરીને

---

[1] આ ઉભા રેહવાનું નામ કોમો છે ગુ. મો.

[2] આ બેસવાનું નામ જલસો છે. કોમા તથા જલસાને કેટલીક કીતાબોમાં સુંનત મોઅક્કદા લખ્યા છે અને કેટલીકમાં વાજેબ. પણ વાજેબવાળી વાત મજબુત હોવાથી અમોએ બંનેને વાજેબમાં દાખલ કર્યા છે. ગુ. મો.

[3] અત્તહીય્યાત ઘણી રીતે પડાય છે પણ મશહુર આ છે "અત્તહીય્યાતો લીલ્લાહે વસ્સલવાતો વત્તય્યેબાતો અસ્સલામો અલૈક એય્યોહંનબીયો વરહમતુલ્લાહે વ બરકાતોહુ અસ્સલામો અલેના વ અલા ઈબાદી-લ્લાહી-સ્સાલેહીન અશહદો અંલ્લા એલાહ ઇલ્લ-લ્લાહો વ અશહદો અન્ન મોહમ્મદં અબ્દોહુ વ રસુલોહુ" અર્થઃ—સર્વ બંદગી જુબાનની અલ્લાહને માટે છે. અને સર્વ બંદગી બદનની તથા સર્વ બંદગી પવિત્ર માલની (અલ્લાહને માટે છે) સલામ તારાંપર થાઓ એ નબી અને અલ્લાહની રહમત તથા તેની બરકત (થાઓ) સલામ અમારાંપર તથા સર્વ ખાસ બંદાઓપર થાઓ હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાઇ કોઇ પુજ્ય નથી. અને હું સાક્ષી આપું છું કે મોહમ્મદ તેનો બંદો છે અને તેનો રસુલ છે ગુ. મો.

[4] અર્થ તમારી ઉપર સલામ તથા ખુદાની રહમત થાઓ. ગુ. મો.

[5] દોઆ કોનુત આ છે "અલ્લાહુમ્મા ઇન્ના નસ્તઇનોક વ નસ્તગ્ફેરોક વ નુઅમેનો બેક વ નતવક્કલો અલૈક વ નુસની અલૈકલ ખૈર વ નશકોરોક વ લાનક્ફોરોક વનખલેઓ વનતરોકો મંયફ્જોરોક અલ્લાહુમ્મ ઈય્યાક નાઅબોદો વ લક નોસલ્લી વ નસ્જોદો વ ઇલૈક નસ્આ વ નહ્ફેદો વ નરજુ રહમતક વ નખશા અજાબક ઈન્ન અજાબક બીલ કુફ્ફારે મુલ્હેક" અર્થઃ—એ અલ્લાહ અમો તારાથી મદદ માંગીએ છીએ. અને તારેથી બખ્શીશ માંગીએ છીએ. અને તારા પર ઇમાન લાવીએ છીએ. અને તારાપર ભરોસો રાખીએ છીએ અને તારી ભલી તારીફ કરીએ છીએ. અને તારો ઉપકાર માનીએ છીએ. અને તારો નકાર અમો કરતા નથી. અને જે તારી નાફરમાની કરે છે તેને અમો દુર કરીએ છીએ (તેને) તજીએ છીએ. એ અલ્લાહ અમો તારીજ બંદગી કરીએ છીએ અને તારીજ નમાજ પડીએ છીએ અને સિજદો કરીએ છીએ. અને તારીજ તરફ દોડીએ છીએ અને ખીજમતમાં હાજર છીએ. અને રહમતની આશા રાખીએ છીએ અને તારા અજાબથી ડરીએ છીએ. બેશક તારો અજાબ કાફેરોને લાગનાર છે" આ અર્થ યાદ રાખવા તથા તે પર ધ્યાન આપવું ઘણું ઉપયોગી છે. આથી તમો સમજશો કે હજરતનું ફરમાન છે કે દરેક ખુદાથી આશા રાખે અને તેનો ભય પણ રાખે. એવોજ હાલ પીર પૈગમ્બરનો છે. ખુદાથી નડર થવું કુફર છે તેમ ખુદાથી નીરાસ થવું પણ કુફર છે. ગુ. મો.

(ખરા ઉચ્ચારથી) યાદ કરે. * અને નહીં તો ગુન્હગાર થશે એટલુંજ નહીં પણ કેટલીક ગલતીયોથી નમાજ જાએ છે.

જો અલહમ્દોથી પેહેલાં ભુલથી સુરત અથવા એક આયત પડી ગયો તો સહોનો સિજદો વાજેબ થશે. જો અલહમ્દો પછી પેહેલી અથવા બીજી રકઅતમાં સુરત પડવી ભુલી ગયો તો ત્રીજી અથવા ચોથીમાં અલહમ્દોની પછી સુરત પડે અને સહોનો સિજદો કરે.

ઇમામ ઉપર વાજેબ છે કે સુબ્હ, મગરેબ, ઇશા, જુમઆ, અને ઇદોની બે રકઅતમાં અને તમામ તરાવીહમાં કિરાઅત પુકારીને પડે. ફરી તે અદા નમાજ પડતો હોએ કે કજા પડતો હોએ. જો ભુલીને આહીસ્તા પડશે તો સહોનો સિજદો કરે. અને એકલા પડનારને અખ્તીયાર છે. જોઇએ તો એ નમાજોમાં પુકારીને પડે જોઇએ તો આહીસ્તા પડે, પણ વખતપર જો તે નમાજ પડે છે તો તેને પુકારીને પડવુ બેહતર છે. અને જો એકલો કજા પડતો હોએ તો આહીસ્તા પડે પુકારીને જાએજ નથી. [1] અને જોહર અને અસરની નમાજમાં તથા દીવસની નફ્લોમાં સર્વે [2] આહીસ્તા પડે. પુકારીને પડવું દુરસ્ત નથી.

અને જો બે રકઅત પડીને અત્તહીય્યાતને માટે બેસવું ભુલી જાએ તો જ્યાં સુધી તે ઉભો નહીં થયો છે બેસી જાએ અને અ-તહીય્યાત પડે, સહોનો સિજદો કરવો લાજમ નથી. અને જો સીધો ઉભો થઇ ગયો છે તો ફરી બેસે નહીં, છેવટમાં સહોનો સિજદો કરે. અને જો ફરી બેસી જશે તો નમાજ તુટી જશે. [3] અને જો ચાર રકઅત પડીને પાંચમી (રકઅત)ને માટે ઉભો થયો, અને અત્તહીય્યાત ભુલી ગયો તો જ્યા સુધી પાંચમી રકઅતનો સીજદો નહીં કર્યો છે તો બેસી જાએ, ને અત્તહીય્યાત પડે. અને સહોનો સિજદો કરીને સલામ ફેરવે. એટલે નમાજ દુરૂસ્ત થઇ. અને જો પાંચમી રકઅતનો સિજદો કીર્યો છે તો એ નમાજ ફરજ બાતલ થઇ તે નફલ બની ગઇ. જોઇએ તો અ-તહીય્યાત પડીને સહોનો સિજદો કરીને સલામ ફેરવે, હવે ચાર રકઅત થઇ. અને એક રકઅત નકામી થઇ, અને જો ચાહે તો પાંચમીની સાથે એક બીજી રકઅત પડીને છ પુરી કરીને સહોનો સિજદો કરે ને સલામ ફેરવે. હવે છએ રકઅતો નફલ થઇ જશે. અને જો ચાર રકઅત પછી અ-તહીય્યાત પડીને ભુલથી પાંચમી રકઅત તરફ ઉભો થઇ ગયો છે તો જ્યારે યાદ આવે બેસી જાએ અને સહોનો સિજદો કરીને સલામ ફેરવે. (ફરજ પુરી થશે.) અને જો પાંચમી રકઅત પડીને છઠી રકઅત તેની સાથે મેળવીને સહોનો સિજદો કર્યો અને સલામ ફેરવી તો પણ નમાજ સહી થશે. ચાર ફરજ અને બે નફલ થઇ.

નમાજની સુંનતોનું બયાન.

નમાજમાં સુંનત મોઅક્કદા ૧૨ છે (૧) રફ્અ યદૈન એટલે નમાજ શોરૂ કરવાને વખતે બંને હાથોને કાન સુધી ઉઠાવવા. (૨) બંને હાથો બાંધીને નમાજ પડવી. (૩) 'સુબ્હાનકલ્લાહુમ્મા વ બે હમ્દેક વ તબારક-સમોક વ તઆલા જદદોક વ લાએલાહ ગેરોક [4] પેહેલી રકઅતમાં પડવી (૪) અઉજો બીલ્લાહે મેન-શ્શૈતાની-રંજીમ [5] પેહેલી રકઅતમાં પડવી (૫) દરેક રકઅતમાં બીસ્મીલ્લાહી-ર્રહમાની—ર્રહીમ પડવી [6] (૬) ઇનતેકાલાતની તકબીર કહેવી એટલે ઉઠતાં બેસતાં અલ્લાહો અકબર [7] કેહવું (૭) રોકુઅમાં

---

* અને તેના અર્થ યાદ કરી તેપર ધ્યાન આપે એ ઘણું અગત્યનું છે. ગુ. મો.

[1] કારણ કે નમાજનું કજા કરવું ગુન્હ છે અને ગુનહને જાહેર કરવું દુરૂસ્ત નથી એજ માટે દુરૂલ મોખ્તારમાં છે કે કજા નમાજને મસજીદમાં નહીં પડે. ગુ. મો.

[2] એટલે ઇમામ તથા એકલો પડનાર

[3] કેમકે તેણે ફરજને અફરજ માટે તજ્યુ. પણ દુરૂલ મોખ્તારે બહરૂર્રાએક વગેરેથી નકલ કરી છે. કે જો બેસી પણ જાએ તો એ નમાજ તુટતી નથી. હાં, સહોનો સિજદો કરવો લાજેમ છે. ગુ મો.

[4] અર્થ—તારી હમ્દની સાથે ઓ અલ્લાહ તારી પાકી બયાન કરૂં છું અને તારૂં નામ ઘણું ખુબીનું છે. અને તારી અજમત (મોટાઇ) ઉંચી છે. અને તારા વગર કોઇ પુજ્ય (માબુદ) નથી. ગુ. મો.

[5] અર્થ—બચાવ ચાહું છું હું ખુદા (ના નામ) ની સાથે ધુતકારેલા શેતાનથી

[6] અર્થ—ખુદાના નામથી જે મોટા મેહેરબાન રહમ કર્તા. ગુ. મો.

[7] અર્થ—અલ્લાહ સર્વથી મોટો છે. ખુદા સીવાઇ જે કોઇ છે તે સર્વ તેના હબીબ તેના મોહતાજ છે ખુદાને કોઇની પરવા નથી. ગુ. મો.

ત્રણ વાર કે પાંચ વાર કે સાત વાર સુબ્હાન રબ્બીયલ અજીમ [૮] કેહવું (૮) સમેઅ-લ્લાહો લે-મન હમેદહ, રબ્બના લકલ હમ્દ [૯] કેહવુ (૯) સિજદામાં ત્રણ વાર કે પાંચ વાર કે સાત વાર સુબ્હાન રબ્બીયલ આલા [૧૦] કેહવું. (૧૦) અત્તહીય્યાત પછી દોરૂદ "અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીવ વ અલા આલે મોહમ્મદીન કમા સલ્લૈત અલા ઇબરાહીમ વ અલા આલે ઇબરાહી-મ ઇન્નક હમીદુમ-મજીદ અલ્લાહુમ્મ બારેક અલા મોહમ્મદીવ-વ અલા આલે મોહમ્મદીન કમા બારકત અલા ઇબરાહીમ વ અલા આલે ઇબરા-હીમ ઇન્નક હમીદુમ-મજીદ [૧૧]" પડવું (૧૧) આ દોરૂદ પછી દોઆ પડવી "**અલ્લાહુમ્મ ઈન્ની અઉઝો બેક મીન અઝાબે જહંનમ વ અઉઝો બેક મીન અઝાબીલ કબ્રે વ અઉઝો બેક મીન ફીતનતીલ મસીહીદ-દજ્જાલે વ અઉઝો બેક મીન ફીતનતીલ મહયા વલ મમાતે અલ્લાહુમ્મા ઇન્ની અઉઝો બેક મીનલ માસમે વલ મગરમે**" [૧૨] જેને આ દુઆ નહીં આવે તે બીજી કોઇ દુઆ કુ-રઆનમાંથી અથવા હદીસમાંથી (કે કુરઆન હ-દીસને મળતી બીજી કોઇ દોઆ) યાદ કરીને દોરૂદ પછી પડે. (૧૨) **અલહમ્દો પછી આમીન કેહવી.**

---

૮ અર્થ—પવિત્રાઇ છે મારા પરવરદીગાર મો-ટાઇવાળાને ગુ. મો.

૯ અર્થ—જેણે ખુદાની હમ્દ કીધી (તારીફ કી-ધી) તેની વાત તેણે સાંભળી (કબુલ કીધી) ઓ મારા પરવરદીગાર તનેજ સર્વે તારીફ છે. ગુ. મો.

૧૦ અર્થ—પાકી છે મારા પરવરદીગાર ઉંચી પદવીવાળાને. ગુ. મો.

૧૧ અર્થ—ઓ અલ્લાહ તું ખાસ રહમત મો-હમ્મદપર તથા મોહમ્મદની આલ ઉપર મોકળ જેવી કે તે ખાસ રહમત ઈબરાહીમપર તથા ઈબરાહીમની આલ પર મોકળી છે. ખચીત તું સરહવાએલો બુ-જરગીવાળો છે. ઓ અલ્લાહ તું બરકત આપ મો-હમ્મદને તથા મોહમ્મદની આલને જેવી કે તેં બરકત આપી છે ઇબરાહીમને તથા ઇબરાહીમની આલને. બેશક તું સ્તુતીપાત્ર બુજરગીવાળો છે. ગુ. મો.

૧૨ ઓ અલ્લાહ હું તારી પાસે પનાહ માંગું છું જહંનમના અઝાબથી. અને તારી પાસે પનાહ માંગું છું કબરના અઝાબથી. અને તારી પાસે પ-નાહ માંગું છું મસીહ દજ્જાલના ફીતનાથી અને તારી પાસે પનાહ માંગું છું જીવવા મરવાના ફી-તનાથી. ઓ અલ્લાહ તારી પાસે પનાહ માંગું છું. ગુન્હ અને કરજદારી (અથવા દંડ)થી ગુ. મો.

આ ૧૨ સુંનતો નમાજમાં મોઅક્કદા છે અને એ વગર બીજી કેટલીક ચીજો છે કે જે કેટલીક કીતાબોમાં સુંનત લખાઇ છે અને કેટલી-કમાં મુસ્તહબ. જો આ બધી સુંનતો નમાજમાં બજાવી લાવશે તો નમાજ પુરી થશે અને જો એમાંની કોઇ સુંનતને છોડી દેશે તો નમાજ સહી છે પણ મકરૂહ થશે. એટલે સવાબ ઓછો થશે.

સુંનત નમાજ અને નફલ એટલા માટે ઠેરવાએલી છે કે જો ફરજ નમાજમાં કોઇ નુક-સાની કે હરકત પડે તો કેયામતને દીવસે સુંનત અને નફલથી પુરી કરે અને તે શખ્સની નજા-ત થાએ. માટે દરેક ઇનસાનને લાજેમ છે કે ફરજોને અદા કરવામાં ઘણી કોશીશ કરે. સર્વ કાર-બાર તજીને ફરજ અદા કરે. જો નમાજનું વખત સકોચાયું હોએ અથવા બીમારીથી નમા-જ પડવી મુશકેલ પડે અથવા સફરમાં કાફલો જતો રેહતો હોએ તો ફરજને અદા કરે. બાકી નમાજ (સુંનત મુસ્તહબ)ને ફુરસત મળે તો તેને પણ અદા કરે નહીં તો ખેર. કેમકે કેયામતને દીવસે ફરજના તરક કરવાથી ઘણો અજાબ થશે. અને વાજેબના છોડવાથી પણ અજાબ થશે, પણ ફરજથી ઓછો. અને સુંનતના છોડવાથી કેયામ-તને દીવસે તેનાપર ગુસ્સો કરશે ઝણકી આપશે. પણ સખ્ત અજાબ કરશે નહીં. અને મુસ્તહબ નફલને છોડનાર (પર જરાએ દોશ નથી પણ) મોટી પદવી મેળવવાથી મહરૂમ (અભાગ્ય) રેહશે.

જમાઅતનું બયાન

નમાજ જમાઅતથી પડવી સુંનત મોઅક્કદા છે. એટલુંજ નહીં પણ કેટલાક ઓલમાઓના મત પ્રમાણે વાજેબ છે, [૨] મુસલમાનોપર લાજેમ છે કે જમાઅતની ઘણી સંભાલ રાખે. જો જમાઅત

---

૨ પાંચ વખતની નમાજમાં જમાઅતથી નમાજ પડવી સુંનત છે પણ દુરેં મુખ્તારમાં જમાઅતથી નમાજ પડવાને વાજેબ લખી છે, તથા વાજેબ થવાને ટેકો આપ્યો છે. જોમઆ અને ઈદમાં જમાઅત શરત છે. અને તરાવીહમાં સુંનતે કીફાયા છે. અને રમજાનની વીત્રમાં એક કોલ પ્રમાણે મુસ્તહબ છે. અને એક કોલ પ્રમાણે પાછલી રાતમાં એકલા વિત્ર પડવી મુસ્તહબ છે. અને રમજાન વગર બીજા દીવસોમાં વિત્રને જમાઅતથી પડવી તથા લોકોને ભેગા કરી નફલ જમાઅતથી પડવી મકરૂહ છે ગુ. મો.

થી એક નમાજ પડશે તો ૨૭ નમાજનો સવાબ મળશે અને ફરજ નમાજ મસજીદમાં પડે, જો ઘરમાં અથવા દુકાનમાં પડશે તો એક નમાજનો સવાબ મળશે. અને જો મોહોલ્લાની મસજીદમાં પડશે તો ૨૫ નમાજનો સવાબ મળશે અને જો જુમઆ મસજીદમાં પડશે તો ૫૦૦ નમાજનો સવાબ મળશે, અને જો મસજીદે અકસામાં પડશે તો ૧૦૦૦ નમાજનો સવાબ મળશે; અને જો રસુલુલ્લાહ (સલ)ની મસજીદમાં પડશે તો ૫૦૦૦૦ નમાજનો સવાબ મળશે અને જો કાબા શરીફની મસજીદમાં પડશે તો ૧૦૦૦૦૦ નમાજનો સવાબ મળશે.

ઇમામતનું બયાન

ઇમામત એવો આદમી કરે કે જે બધી જમાઅતના લોકોમાં દીની ઇલમ વધારે રાખતો હોએ, અને કુરઆન શરીફ ખુબ સહી પડતો હોએ. જો ઇમામ જાહેલ હશે તો પોતાની તથા સર્વે મુકતદીયોની નમાજ અકારત કરશે. જે માણસના મજહબમાં ખલલ હોએ *તેની પાછલ નમાજ મકરૂહ છે. અને ફાસેકની પાછલ પણ નમાજ સહી છે પણ મકરૂહ છે. ફાસેક તે શખ્સ છે કે જેણે કબીરો (મોટો) ગુનહ કર્યો હોએ અથવા સગીરા (નાંહલા) ગુનહની ટેવ કરી હમેશા કર્યા કરતો હોએ. ના બાલેગ છોકરાની પાછળ નમાજ સહી નથી. પણ તરાવીહમાં કેટલાક ઓલમાઓએ દુરૂસ્ત રાખી છે અને કેટલાકોએ (તરાવીહમાં પણ) દુરૂસ્ત નહી રાખી. જો ઇમામ બીમારીથી બેસીને નમાજ પડે અને મુકતદીયો ઉભા રહીને નમાજ પડે, અથવા ઇમામ કોઇ કારણસર તયમ્મોમ કરે, અને મુકતદીયો વોજુ કરીને પડે તો તે દુરૂસ્ત છે. અને સર્વેની નમાજ સહી છે. સફની પાછળ જુદો થઇને એક આદમીનું ઊભુ રેહવું મકરૂહ તથા ઘણુ બુરૂ છે.

સુંનત આવી રીતે છે કે જ્યાં સુધી આગળી સફ ભરાએ નહીં ત્યા સુધી પાછલ કોઇ ઉભો રહે નહીં. અને જો સફમાં જગ્યા નહીં રહે તો એક આદમીએ સફમાંથી નીકળીને પાછલાની પાસે આવીને બે થવું જોઇએ, તેને એકલો મુકે નહીં. મુકતદીઓ ખાંધાથી ખાંધો મેળવીને બરાબર ઉભા રહે, વચમાં જગ્યા છોડે નહીં, અને પગને આગળ પાછલ કરીને સફ વાંકી કરે નહીં; કેમકે એ ઘણુ બુરૂ છે.

અજાનનું બયાન

ફરજ નમાજોને માટે અજાન કેહવી સુંનત છે ફરી તે વખતપર પડે કે કજા પડે. અને મોસાફેર જંગલમાં પણ અજાન કહીને નમાજ પડે. અને જોઇએ તો (તે મુસાફેર) ફક્ત એકામત કહે.

બાંગી જ્યારે અલ્લાહો અકબર અલ્લાહો અકબર અલ્લાહો અકબર અલ્લાહો અકબર[1] કહે તો સાંભળનારો પણ એને તેની પાછલ કહે જ્યારે તે કહે અશહદો અલ્લા એલાહ ઇલ્લ-લ્લાહ અશહદો અલ્લા એલાહ ઇલ્લ-લ્લાહ[2] એ પણ (એને) કહે. જ્યારે તે કહે અશહદો અન મોહમ્મદ-ર્રસુલુલ્લાહ અશહદો અન મોહમ્મદ-ર્રસુલુલ્લાહ[3] એ પણ (એને) કહે. જ્યારે તે કહે હૈય અલ-સ્સલાહ હૈય અલ-સ્સલાહ[4] તો એ કહે લાહવલ વલા કુવ્વત ઇલ્લા બીલ્લાહ[5] જ્યારે તે કહે હૈય અલલ ફલાહ હૈય અલલ ફલાહ[6] તો એ કહે લા હવલ વલા કુવ્વત ઇલ્લા બીલ્લાહ જ્યારે તે કહે અલ્લાહો અકબર અલ્લાહો અકબર લાએલાહ ઇલ્લ લ્લાહ એ પણ એને કહે. જે કોઇ અજાન પછી કલેમહ શહાદત પડીને

---

* રસુલુલ્લાહ (સલ)થી પ્રખ્યાતીમાં આવેલા અકીદાથી કોઇ શુબ્હને લીધે વિરૂધ્ધ પડયો હોએ અને તેવા અકીદાથી કુફરે નહીં પુગ્યો હોએ તો તેવા બીદઅતીની પાછળ નમાજ મકરૂહ છે. અને જો તે અકીદો કુફરે પુગાવતો હોએ તો તેની પાછળ નમાજ દુરૂસ્ત નથી. ગુ. [illegible]

1 અર્થ—ખુદા સર્વથી મોટો છે. ચાર વાર કહે. ગુ. મો.

2 અર્થ—હું શાક્ષી આપું છું કે ખુદા વગર કોઇ પુજ્ય નથી તેના સિવાય કોઇની બંદગી નથી. ગુ. મો.

3 અર્થ—હું શાહેદી આપું છું કે હજરત મોહમ્મદ (સલ) અલ્લાહના રસુલ છે. ગુ. મો.

4 અર્થ—તમો નમાજ પડવા આઓ. ગુ. મો.

5 અર્થ—ગુનહાથી ફરવાની તાકાત અને બંદગી કરવાની શક્તિ ખુદાથીજ છે. ગુ. મો.

6 અર્થ—તમો છુટકારા માટે અથવા મતલબ લેવાને આવો

આ દોઆ પડશે "**અલ્લાહુમ્મ રબ્બ હાઝીહ દઅવતીત-તામ્મતે વસ્સલાતીલ કાએમતે આતે મોહમ્મદની-લવસીલત વલફ્ઝીલત** વદ્દરજત-ર્રફીઅત **વબઅસહો મકામ-મ્મહમુદની-લ્લઝી વ અત્તહુ** વરઝુકના• **શફાઅતહુ** યવમલ-કેયામતે **ઈન્નક લા તુખલે ફુલ મીઆદ**"[૭] તો હક્ક તઆલા તેના ગુન્હ બખ્શશે અને હજરત (સલ) તેની શફાઅત કરશે જેવી રીતે અઝાનનો જવાબ છે તેવીજ રીતે એકામતનો જવાબ પણ છે. પણ જ્યારે મોઅઝ્ઝેન કહે કદ **કામતીસ્સલાહ** તો એ કહે **અકામહ-લ્લાહો વ અદામહા**[૮] અઝાન પછી જે ચાહેતે દોઆ કરે કબુલ થવાની આશા છે.

અઝાન સાંભળીને નમાજ માટે આહીસ્તા આહીસ્તા ચાલીને આવે દોડતા આવવું નહીં કે બુરૂં છે અને જમાઅતને માટે પણ દોડીને ચાલે નહીં.

નમાજ પડવાની રીત

જ્યારે કોઇ માણસ ચાહે કે તે સારી રીતે નમાજ પડે એવી રીતે કે જેમાં ફરજ વાજેબ સુંનત અને મુસ્તહબ સર્વ અદા થાએ અને મકરૂહથી કોરો રહે તો તે નમાજ આવી રીતે છે કે અઝાન કહે અને તે પછી એકામત એટલે તકબીર થાએ. અને **હૈય અલ-સ્સલાહ** ને વખતે ઇમામ ઉઠે અને દીલને ખુદાના તરફ કરીને નીયત કરે, અને **કદકામતી-સ્સલાહ**ને વખતે બંને હાથોને કાન સુધી ઉંચકીને **અલ્લાહો અકબર** કહે. અને મુકતદી ઇમામ પછી **અલ્લાહો અકબર** કહે. અને ઓરતો ખભા સુધી હાથ ઉચકે. અને જમણો હાથ ડાબા હાથના ઉપર મરદ દુંટીને નીચે અને ઓરત છાતી ઉપર ઇમામ આજમ (રહ)ના મજહબ પ્રમાણે બાંધે. અને બીજા ઓલમા (ઇમામો)ના મજહબમાં મરદો પણ છાતી ઉપર બાંધે. અને ઇમામ હોએ અથવા મુકતદી હોએ અથવા એકલો પડનાર હોએ સર્વે આહીસ્તાથી **સુબ્હાનક-લ્લાહુમ્મ** પડે. ફરી ઇમામ અને એકલો પડનાર **અઊઝો બીલ્લાહે મીનશ-શૈતાની ર્રજીમ** અને **બીસ્મીલ્લાહ** આહીસ્તા પડે. મુકતદી ફરી (સુબ્હાનક-લ્લાહુમ્મ પડ્યા પછી) ન પડે. ફરી ઇમામ તથા એકલો નમાજ પડનાર અલહમ્દો પડે. અને સર્વ નમાઝી ઇમામ કે મુકતદી જો ઇમામની અલહમ્દો સાંભળી છે તો ઇમામ આજમ (રહ)ના મજહબ પ્રમાણે **આમીન** આહીસ્તા કહે. ફરી ઇમામ તથા એકલો નમાજ પડનાર સુરત પડે, અને મુકતદી ચુપકો રહીને સાંભળ્યા કરે. જ્યારે કેરાઅત પડી રહે તો **અલ્લાહો અકબર** કેહતો રોકુઅમાં જાએ. અને મુકતદી ઇમામની પછી રોકુઅ કરે. અને બંને હાથની આંગળીઓ પોહોળી રાખીને બંને ગુંટણોને મજબુત પકડે. અને કામઠી (કમાન)ના ચીલા (કમાનની દોરી કે તાંત)ની માફક બંને હાથોને સીધા રાખે. અને માથું, કમર, અને ઢમરા બરાબર રાખે. માથું ઉચું નીચું થાએ નહીં. અને ત્રણ વાર કે પાંચ વાર કે સાત વાર **સુબ્હાન રબ્બીયલ અઝીમ** કહે. ફરી ઇમામ અને તે પછી મુકતદી માથું ઉંચકીને સીધા ઉભા રહે. ઇમામ માથું ઊંચકતી વેળા **સમેઅ અલ્લાહો લેમન હમેદહ** કહે. અને મુકતદી **રબ્બના લકલ હમ્દ** કહે. અને એકલો નમાજ પડનારો બંને કહે. અને સાહેબેનના[૧] મત પ્રમાણે ઇમામ પણ બંને કહે. ઘણા ઓલમાનો અમલ (તથા મત) એ પરજ છે. જ્યારે કોમો પુરો કરી રહે તો પ્રથમ ઇમામ અને તેના પછી મુકતદી **અલ્લાહો અકબર** કેહતા સિજદામાં જાએ પ્રથમ જમીન ઉપર ગુંટણો ફરી બંને હાથોની આંગળીયો સરખી કરી કીબલા રૂખ રાખીને તેને કાનના બરાબર રાખે. અને બાજુને બગલથી અને પેટને જાંગથી અને પીંડલી તથા કોહણીને જમીનથી દુર રાખે. અને ઓરત એ સર્વને મેળ-

૭ અર્થ—"ઓ અલ્લાહ' આ સંપુરણ દોઆ તથા કાએમ રેહનાર નમાજના સાહેબ! તું મોહમ્મદને ઉંચો મરતબો અને બુઝુરગી આપ. અને તેને મકામે મહમુદે પોહોંચાવ કે જેનો તેં તેને વાએદો આપ્યો છે. અને તું વાએદા વિરૂધ્ધ કરતો નથી." આ દોઆમાં મોટા અક્ષરે લખાયલા શબ્દો હજરત (સલ)ના કહેલા છે અને જે નાંઢલા અક્ષરોથી લખાયલા છે. તે શબ્દો હદીસ છે જેવું કે મીરકાતમાં છે. ગુ. મો.

૮ અર્થ—ખુદા એને કાએમ તથા દાએમ રાખે.

૧ એટલે ઇમામ અબુ યુસોફ તથા ઈમામ મોહમ્મદ ગુ. મો.

વેબાં રાખે. (એવી રીતે સિજદો કરે) અને ત્રણ વાર કે પાંચ વાર કે સાત વાર **સુબ્હાન રબ્બીયલ આલા** કહે. ફરી ઇમામ અને તેના પછી મુકતદી **અલ્લાહો અકબર** કહેતાં સિજદાથી માથું ઊંચકે અને આરામથી બેસીને પડે "**અલ્લાહુમ્મ-ગ્ફેરલી વરહમ્નીવહદેની વરજોકની**"[3] અને જો આટલા શબ્દો પડી શકે નહીં તો એક બે શબ્દો પડે તે પણ ગનીમત છે. ફરી ઇમામ તે પછી મુકતદી **અલ્લાહો અકબર** કેહતાં બીજા સિજદામાં જાએ. અને ત્રણ વાર કે પાંચ વાર કે સાતવાર **સુબ્હાન રબ્બીયલ આલા** કહે. ફરી ઇમામ તે પછી મુકતદી **અલ્લાહો અકબર** કેહતાં બીજી રકઅત માટે ઉઠે. પ્રથમ માથું ફરી નાક (બંને હાથ ફરી) બંને ગુટણ ઉચકીને ઊભો થઇ જેવી રીતે પેહેલી રકઅત પડી હતી તેમ બીજી રકઅત પડે. પણ **સુબ્હાનક-લ્લાહુમ્મ** અને **અઊઝો** પડે નહીં. જ્યારે બીજી રકઅત પડી રહે તો જમણો પગ ઉભો કરી તેની આંગળીયો કીબલા રૂખ રાખે. અને ડાબો પગ બીછાવી તે પર બેશે. અને બંને હાથની આંગળીયો કીબલા રૂખ રાખી બંને ગુટણ પર મુકી અત્તહીય્યાત પડે.* જો નમાજ બે રકઅતની છે તો અત્તહીય્યાત પછી દોરૂદ દોઆ પડીને બંને તરફ સલામ ફેરવે. એકલો નમાજી સલામની વખતે જીવમાં એવી નૈયત કરે કે બંને બાજુના ફીરશ્તાઓને હું સલામ કરૂં છું. અને ઇમામ આવી નૈયત કરે કે મુકતદીયો અને ફીરશ્તાઓને હું સલામ કરૂં છું. અને મુકતદી એમ સમજે કે ઇમામને અને અહીં તહીંના મુકતદીયોને હું સલામ કરૂં છું. અને ઓરત અત્તહીય્યાત માટે આવી રીતે બેસે કે બંને પગ જમણા તરફ કહાડી ડાબા ઢગરા ઉપર બેસે. અને જો નમાજ ત્રણ કે ચાર રકઅતની છે તો બે રકઅત પછી અત્તહીય્યાત પડીને ઉભો થઇ જાએ (દોરૂદ દુવા નહીં પડે)ને ત્રીજી કે ચોથી રકઅતમાં ફકત અલહમ્દો પડીને છેલ્લી અત્તહીય્યાતને પછી દોરૂદ દોઆ પડીને સલામ ફેરવે.

નમાજી નમાજમાં સીધો ઉભો રહે. અને બંને પગ પર સરખો બોજો રાખે. અને બને પગની વચ્ચે ચાર આંગળનો અંતર રાખે ન ઘણો ચોડો થાએ અને નઘણુ તંગ રાખે. અને નજર સિજદાની જગ્યા ઉપર રાખે, અહીં તહીં જુએ નહીં. અને દરેક વાતમાં ઇમામની તાબેદારી કરે એટલે રોકુઅ કે કોમો કે સિજદો કે જલસો ઈમામથી પેહેલાં કરે નહીં ઘણું પાપ છે. જે કોઇ ઇમામથી જલદી કરશે તેનું માથું ગધેડાના સરખું થશે. અને નમાજીને જોઇએ કે નમાજમાં ખુદાના તરફ દીલ લગાડે. અહીં તહીં ભટકાવે નહીં કે ઘણું બુરૂં છે.

અને જો ખુદા તોફીક આપે તો સલામ પછી આયતુલ કુરસી * એકવાર અને **સુબ્હાન-લ્લાહ** ૩૩ વાર **અલહમ્દો-લીલાહ** ૩૩ વાર **અલ્લાહો અકબર** ૩૪ વાર અને **લાએલાહ ઇલ્લ-લ્લાહો વહદહુ લા શરીક લહુ લહુલ મુલ્કો વ લહુલ હમ્દો બેયદેહીલ ખેરે યોહયી વ યોમીતો વ હો અલા કુલ્લે શૈઇન કદિર**[1] એક વાર પડે. અને ખુદાની જનાબમાં દોઆ માંગે. અને વઝીફા દોઆ હદીસ શરીફમાં ઘણા છે જે ચાહે તે પડે.[2]

---

3 અર્થ—ઓ અલ્લાહ તું મારી બખ્શીશ કર અને મારાપર રહમ કર, અને મને હીદાયત આપ અને મને રિજક આપ ગુ. મો.

અત્તહીય્યાતમાં ઇશારો કરવો સુંનત છે એ ઈશારો શેતાનને ભાલા સરખો લાગે છે. ઈશારો કરવાની રીત આ છે કે પ્રથમ ચટટી આંગળી અને તેના પાસેનીને હથેલીમાં બંધ રાખે. અને વચલી આંગળીને અંગોઠા સાથે મેળવી ગોલાકાર કરે. અને જયારે લાઇલાહ કહે તયારે કલેમાની આંગળીને ઉંચકે અને ઇલ્લલ્લાહ કેહતાંજ તે આંગળીને નમાવી અંગોઠા ઉપર રાખે. કેટલાક લોકો ઇશારો કરવાને ના પાડે છે તેઓએ મુલ્લા અલીકારીનો રીસાલો તથા ઇબને આબેદીન (શામી)નો રીસાલો તથા શાહ અબદુલ અઝીઝનો રીસાલો વાંચવો. ગુ. મો.

* એટલે અલ્લાહો લાએલાહ ઇલ્લ. સુરા બકરની આયત ૨૫૮મી ગુ. મો.

૧ અર્થ—ખુદા સીવાય કોઇ પુજ્ય નથી તે એકલો છે, તેનો કોઇ ભાગયો નથી તેનુજ રાજ્ય છે અને તેનીજ હમ્દ છે. તેનાજ હાથમાં ભલાઈ છે. તેજ જીવડાવે છે અને તેજ મારે છે અને તે દરેક ચીજપર શક્તિવાન છે. ગુ. મો.

૨ હજરત (સલ)ની જુબાન મુબારકથી જે વઝીફા દોઆઓ નીકળા હોએ તે સર્વથી શ્રેષ્ઠ છે. અને તે કીતાબ હિસ્ને હસીન; તથા હીજબુલ આઝમ વગેરેમાં સંગ્રહ કરવામાં આવ્યા છે. ગુ. મો.

જે કોઇને ઇમામ રૌકુઅમાં મળે તો તે ઉભો રહીને નૈયત કારીને **અલ્લાહો અકબર** કહે ને બીજી વાર **અલ્લાહો અકબર** કહેતો રૌકુમાં મળી જાએ. અને જો ઉભો રહીને એકવાર **અલ્લાહો અકબર** કહીને રૌકુઅ કર્યો તો પણ તે નમાજમાં દાખલ થયો અને નમાજ સહી થઇ. પણ કેટલાક ઓલમાઓએ "જ્યાં સુધી બે વાર નહી કહે દુરૂસ્ત રાખેલી નથી. અને જો નૈયત કરીને ઝુકીને રૌકુઅની નજદીક થઇને અલ્લાહો અકબર કહ્યું છે "તો સર્વ ઓલમાઓના મજહબમાં એ નમાજ સહી થઇ નથી,

નમાજની કજાનું બયાન

જો ફરજ નમાજ કજા થઇ હોએ અને બીજી નમાજનું વખત આવ્યું હોએ તો વાજેબ છે કે પ્રથમ કજા નમાજ પડે ને પછી અદા (નમાજ) પડે. અને જો બે ચાર નમાજો કજા થઇ હોએ તો વાજેબ છે કે તરતીબથી પડે. એટલે પ્રથમ સુબ્હની ફરી જોહરની એવી રીતે છેવટ સુધી. જો એક નમાજ કજા થઇ હોએ અને તે યાદ હોવા છતાં વખતની નમાજ પડે તો અદા નમાજ સહી થશે નહીં.

જો કજા નમાજ યાદ હોએ પણ અદા નમાજનું વખત તંગ છે કે બંને નમાજો પડી શકતો નથી તો પેહેલાં અદા નમાજ પડવી જોઇએ તે પછી કજા (નમાજ) પડે અને જો કજા નમાજને ભુલી ગયો છે અને અદા પડી લીધી તો પણ જાએજ છે, તેના પછી કજા પડે. અને જો કોઇ શખ્સે છ નમાજો કજા કરી છે તો તેના યાદ છતાં હવે સાતમી નમાજ પડવી દુરૂસ્ત છે. [3] જ્યારે આ છને પડી લેશે [તો ફરી તરતીબવાળો ગણાશે. જો તે પછી એક બે ત્રણ ચાર કે પાંચ નમાજો કજા થશે તો પ્રથમ તેને પડે ફરી વખતની નમાજ પડે. અને જો છ કજા થઇ કે ફરી તરતીબ જતી રેહશે ફરી એ છને પડી કે તરતીબવાળો થયો.

નમાજ તોડનાર વસ્તુનું બયાન

જો નમાજી નમાજમાં ભુલથી અથવા જાણી જોઇને કંઇ બોલી દે, અથવા કોઇને સલામ કરે, અથવા સલામનો જવાબ મ્હોંથી દે, અથવા ખાએ, અથવા પીએ, અથવા અવાજ કરીને દરદ કે મોસીબતથી રડે, [4] અથવા ઓહ આહ કરે, અથવા ખંખારે [5] અથવા છીંકનારને કહે યરહમોકોમુ-લ્લાહ, અથવા કોઇએ પોતાની શુભ ખબર કે ખુશીની વાત કહી અને એણે જવાબમાં કહ્યું "સુબ્હાન-લ્લાહ" કે "અલહમ્દો લીલ્લાહ," અથવા કોઇએ પોતાના ગમ કે મોસીબતની વાત કરી અને એણે જવાબમાં કહ્યું "લા હવલ વલા કુવ્વત ઇલ્લા બીલ્લાહ" કે "**ઇન્ના લીલ્લાહે વ ઇન્ના ઇલેહે રાજેઉન,**" * **અથવા નમાજમાં કુરઆન એવું ગલત પડયું કે જેથી અર્થ બીજા થઇ ગયા, અથવા પોતાના ઇમામ** વગર બીજા કોઇને ભુલ બતાવી, †અથવા નમાજમાં કુરઆન પડતાં ભુલ પડી અને પોતાના મુકતદી વગર બીજા કોઇના બતલાવ્યાથી તે ભુલ સુધારી, અથવા નજાસત ઉપર સિજદો કર્યો, અથવા કીબલા તરફથી તેની છાતી ફરી ગઇ, અથવા વગર કારણે (ઉજરે) નમાજમાં કોઇ ફરજ તજયુ, અથવા સિજદામાં બને પગ જમીનથી ઉઠાવ્યા, અથવા નમાજમાં કુરઆન દેખીને પડો, અથવા નમાજમાં ઇમામથી આગળ ઉભો રહ્યો,

---

3 તરતીબ ત્રણ ચીજથી જતી રહે છે ૧ વખતના તંગ હોવાથી ૨ કજાને ભુલી જવાથી અને ૩ છ નમાજ કે છથી વધુ કજા થવાથી ગ્રા. મો.

૪ એટલે દુન્યાના દરદ અને મુસીબતથી રડે તો નમાજ તુટે છે પણ જંનત જહન્નમનું બયાન સાંભળી રડે તો નમાજ તુટતી નથી. ગ્ર. મો.

૫ પણ કારણસર ખંખારવાથી નમાજ તુટતી નથી. જેમકે ગલામાં ખખરી થઇ, બલગમ જમ્યુને ખંખાર્યુ, અથવા અવાજ સાફ કરવા ખંખાર્યું અથવા પોતે નમાજમાં છે એવું જણાવવા ખંખાર્યુ તો નમાજ તુટતી નથી. ગ્રા. મો.

* અર્થ—ખચીત અમો ખુદાની મીલકત છીએ અને બેશક અમો ખુદાના તરફ ફરનાર છીએ. ગ્રા. મો.

† પોતાના ઈમામને ભુલ બતાવ્યાથી અને તે પ્રમાણે ઈમામના ભુલ સુધારવાથી કોઇની નમાજ તુટતી નથી. ફરી તે નમાજ ફરજ હોએ કે કોઈ બીજી હોએ. તેમજ ઈમામ ત્રણ આયતની અંદર ભુલ્યો હોએ કે તે પછી ભુલ્યો હોએ લુકમો આપવાથી નમાજમાં કશી હરકત નથી. ગ્રા મો.

આ સર્વ સુરતોમાં નમાજ બાતેલ થઇ. એટલે તુટી ગઇ અને જતી રહી. ફરીથી નમાજ પડે. અને જો નમાજમાં અમલે કસીર (વધારે કામ) કર્યું તો નમાજ તુટી ગઇ. અમલે કસીર તેને કહે છે કે જે કામ બે હાથથી થતું હોએ. જો નમાજીએ તેવા કામને બે હાથથી કીધું કે એક હાથથી કીધું નમાજ તુટી ગઈ. જો નમાજમાં વગર અવાજ કીધે હસો તો નવોજુ જાએ અને ન નમાજ. પણ જો અવાજથી હસો છે અને (તેના અવાજને) તેણે સાંભળ્યો છે બીજા કોઇએ નહીં સાંભળ્યો તો એવી હસીથી નમાજ તુટે છે વોજુ તુટતું નથી. અને ખીખી ખીખી હસો, બીજાએ સાંભળું તો વોજુ બી તુટયું નમાજ પણ તુટી. અને જો જાણી જોઇને વોજુ તોડે તો નમાજ ફાસેદ થાએ છે. જો નમાજનાં એક રૂકુનમાં ત્રણ વાર બદનને ખજવાળ્યું તો નમાજ ફાસેદ થઇ.

નમાજના મકરૂહનું બયાન

નમાજમાં ઘણા મકરૂહ છે પણ જરૂર જોગા બયાન થાએ છે. જો નમાજના વાજેબને છોડી દીધું તો મકરૂહ તહરીમી થઇ. એટલે ઘણી મકરૂહ (નમાજ) થઇ. એવી નમાજ ફરીથી પડવી વાજેબ છે. અને જો મુસ્તહબ તરક કીધું છે તો નમાજ સહી છે પણ ન્રાખણ સવાબ ઓછો થયો. નમાજમાં અબસ (બે ફાયદા) હરકત કરવી જો થોડી છે તો મકરૂહ છે. અને જો ઘણી છે તો નમાજ ફાસેદ થાએ છે. નમાજમાં માથાથી ધુલ નુછવી મકરૂહ છે. અને કપડાને ધુલથી બચાવવા માટે ઉંચકવા મકરૂહ છે. અને કપડાને ખાંધા ઉપર નાખી બંને છેડા લટકાવવા અથવા કુડતા કે જામાને પેહેરી (તેની આસતીનો નહીં પેહેરવી અથવા) બંધ તેના નહીં બાંધવા મકરૂહ છે. માથું ખોલીને નમાજ પડવી મકરૂહ છે. માથા પર વાળોનો અંબોડો બાંધીને નમાજ પડવી મકરૂહ છે. જો સિજદો થઇ શકે છે ને માથા આગળથી માટી કાંકરાને ખસેડવા મકરૂહ છે. અને જો (સિજદો) નહીં થઇ શકે તો એક વાર કે બેવાર ખસેડે. ત્રણવાર ખસેડે નહી. નમાજમાં આંગળીયોના ટચકા ફોડવા મકરૂહ છે. નમાજમાં અહી તહીં જોવું અથવા આસમાન તરફ જોવું અથવા ડાબી તરફ કે જમણી તરફ હલવું, અને ઉબાસી ખાવી, આલસ મડવી, સિજદો કરવામાં જમીન ઉપર કાંડો (કલઇ) બીછાવવો, કે પેટને રાનથી લગાડવું મકરૂહ છે. અને મરદને લાલ પીળા કપડાંથી કે રેશમી કપડાંથી કે પેરાવામાં પાઘડી બાંધી ખોપરી ખુલ્લી રાખવાથી નમાજ મકરૂહ છે. અને જે કપડામાં આદમીની કે જાનવરની મુર્ત હોએ (તેમાં) નમાજ પડવી મકરૂહ છે. અને નમાજીની આગળથી ચાલી જવું ઘણો મોટો ગુન્હ છે નમાજીને જોઇએ કે જે જગ્યા રસ્તો પડેલો હોએ ત્યાં નમાજ નહીં પડે. પણ એક લાકડી પોતાની આગળ ઉભી કરીને પડે. નમાજમાં જ્યાં સુધી જોર નહીં કરે ત્યાં સુધી ખાંસી કરવી સારી નથી. પણ લાચારીએ માફ છે. જે વખતે ભુખ ઘણી લાગી હોએ, અને ખાણું પણ તૈયાર હોએ અને વખત ઘણો હોએ તો, અથવા જાએ જરૂર કે પેશાબની હાજત હોએ તો નમાજ મકરૂહ છે. પ્રથમ દીલને શાંત કરી ફરી નમાજ પડે. જો નમાજ મકરૂહ થઇ હોએ તો ફરીથી પડવી સારી છે કે કેયામતના અજાબથી છુટે અને જો નહીં પડી તો ફરજ માથાથી ઉતર્યું તકસીર વાર થયો.

બીમારની નમાજનું બયાન

જો માણુસ એવો બીમાર થયો હોએ કે ઉભો રહી શકે નહીં તો બેસીને નમાજ પડે અને રોકુઅ સિજદો કરે. અને જો રોકુઅ સિજદો પણ નહીં કરી શકે તો બંનેને માટે ઇશારો કરે. પણ રોકુઅને માટે (માથું) થોડું ઝુકાવે. અને જો બેસવાની શક્તિ ન હોએ તો સુઇને ઇશારાથી નમાજ પડે. ચી-તો સુઇ કીબલા તરફ પગ કરીને અથવા કબરમાં જેમ સુવડાવે છે તેવી રીતે થઇ કીબલા તરફ મોહો કરીને (નમાજ પડે.) અને જો એવો બીમાર હોએ કે ઇશારાને માટે પણ માથું ઉચકી શકતો નથી તો જયારે હકતઆલા માથું ઉચકવાની શકિત આપે કે નમાજ શેરૂઅ કરે. અને કેટલાક આલમાઓએ કહ્યું છે કે જેને માથું ઉચકવાની શક્તિ ન હોએ તે દીલમાં નેયત કરીને દીલથી નમાજ પડે. અને (આંખોના) પલકારાથી રોકુઅ સિજદાનો ઇશારો કરે. મતલબ કે નમાજને છોડે નહીં. નમાજને છોડવી ઘણું બુરું છે; કેયામતને દીવસે બે નમાજીને ઘણો અજાબ થશે.

સફરની નમાજનું બયાન.

જે માણસ ત્રણ મંજલ કે તેથી વધારેનો વિચાર કરી પોતાના ઘરથી નીકળે. અને શેહેરની ઇમારતથી બાહર થઇ જાએ તો એ શખ્સ મુસાફેર થયો. ચાર રકઅત ફરજને બે રકઅત પડે. એટલે જોહર અસર, અને ઇશાની નમાજને બબે પડા કરે. અને ફજર, મગરેબની નમાજ પુરી પડે, ઓછી કરે નહીં. અને જો મુસાફેર ઇમામ હોએ, અને મોકીમ મુકતદી હોએ તો મુસાફેર પોતાની બે રકઅત પડીને સલામ ફેરવે[1] અને મોકીમ મુકતદી ઉભો થઇને પોતાની બાકીની બે રકઅત પડીને સલામ ફેરવે. જયારે મુસાફેર ઘેર આવ્યો કે સફર તમામ થઇ (હવે) ઘરમાં આવીને ચાર રકઅત પડે. અને જો કોઇ શેહેરમાં અથવા કોઇ ગામમાં પંદર કે પંદરથી વધુ દીવસ રેહવાનો ઇરાદો માર્ગમાં (કે કોઇ ગામમાં પોહોંચા પછી) કર્યો છે તોએ ચાર રકઅત પડા કરે. જયારે તે જગ્યાથી સફર કરશે તો ફરી બે રકઅત (દુગાના) પડશે. મુસાફેર સુંનતમાં ઓછું કરે નહીં. પણ જો માર્ગે ચાલતો હોએ અને સુનત પડવાની ફુરસત નહોએ તો સુંનતને મોકુફ રાખે અને ફરજ પડી લે.

જુમઆની નમાજનું બયાન

જુમઆની નમાજ જમાઅત સાથે શેહેરમાં બે રકઅત ફરજ છે. એકલા દુરૂસ્ત નથી. (તેમ) ગામડામાં પણ દુરૂસ્ત નથી. જુમઆની ફરજ (નમાજ) પડવાથી જોહરની નમાજ માથેથી ઉતરી જાએ છે. (જુમઆની) નૈયત આવી રીતે કરે " આ જુમઆની બે રકઅત ફરજ નમાજ પડુ છું જોહરનુ ફરજ મારા માથાથી ઉતરવાને માટે, ખાલેસ ખુદાને માટે મેં આ ઇમામની ઇકતેદા કરી છે કાબા સરીફના તરફ મ્હોં કરીને. અલ્લાહો અકબર" જુમઆને દીવસે બપોર પછી અજાન વખતથી વેચ ખરીદ હરામ છે. નમાજની તૈયારી કરે, અને દુન્યાનો કારોબાર બંધ રાખે જયારે ઇમામ ખુતબો પડે તો તેના તરફ સર્વ મ્હોં કરીને ખુતબો સાંભળે. ખુતબાની શરૂથી તે આખર સુધી વાતો કરે નહીં, નમાજ સુંનત કે નફલ પડે નહીં. * ચુપચાપ બેસી રહે. નમાજ પુરી થતાં વેચ ખરીદ દુરૂસ્ત થશે. જુમઆને દીવસે શેહેરમાં જોહરની નમાજ જમાઅતથી પડવી મકરૂહ છે.

ઇદની નમાજનું બયાન

ઇમામ આજમ (રહ)ના મજહબમાં વીત્રની નમાજ અને બને ઇદની નમાજ વાજેબ છે. પણ બીજા ઓલમાઓના મજહબમાં આ ત્રણે નમાજો સુંનત મોઅક્કદા છે. ઇદુલ ફીત્ર[2] ને દીવસે સુંનત આવી રીતે છે કે પ્રથમ કંઇ ખાએ[3] અને દાતણ કરે અને ગોસલ કરીને સારાં સારાં કપડા પેહેરે. અને જો ખુશબો મયસ્સર હોએ તો લગાડે. અને સદકએ ફીત્રને ફકીરોને આપીને ઇદગાહમાં નમાજને માટે જાએ. અને માર્ગમાં અહીસ્તા આહીસ્તા તકબીર કેહતો કેહતો ચાલે. જ્યારે ઇદગાહમાં પોહોંચે તકબીર બંધ કરે. તકબીર આવી રીતે છે અલ્લાહો અકબર અલ્લાહો અકબર લાએલાહ ઇલ-લલાહો વલ્લાહો અકબર અલ્લાહો અકબર વલી લ્લાહીલ-હમ્દ[4] બને ઇદોની નમાજનું વખત સુર્ય જરા ચહડા પછી (ઇશરાક) થી તે બપોર સુધી છે

---

[1] અને જો મોકીમ ઈમામ હોએ અને મુસાફેર મુકતદી હોએ તો ઈમામની તાબેદારી કરી પુરી ચાર રકઅત પડે ઓછી કરે નહીં અને મોસાફેર ઇમામ બે રકઅત પડી સલામ ફેરવી મોકીમોને કહે કે તમો તમારી નમાજ પુરી કરો હું તો મુસાફેર છું. ગુ. મો.

* કેટલાક લોકો બીજા ખુતબામાં સુંનતો પડે છે એ તેઓની ભુલ છે. ગુ. મો.

[2] ઇદુલ ફીત્ર એટલે રમજાનની ઈદ. શવ્વાલની ૧લી તારીખે થાએ છે. અને ઇદે અજહા એટલે બકર ઇદ એ જીલહજજની ૧૦મી તારીખે હોએ છે ગુ. મો.

[3] થોડુક ખજુર કે ખારક ખાએ અને નહી તો કંઈ મીઠી ચીજ ખાએ. શીર-ખુરમાને ખાસ તે દીવસે મુકરર કરવું એની સાબેતી શરીઅતમાં નથી. એટલુંજ નહીં પણ એક ખોટી રસમ છે. અને તે રસમને લીધે સેવડી કીમ્મત થઈને દુધ ખરીદવું છે, ખરૂં છે. ગુ. મો.

[4] અર્થ--અલ્લાહ સર્વથી મોટો છે અલ્લાહ સર્વથી મોટો છે. અલ્લાહ વગર કોઈ પુજ્ય નથી. અને અલ્લાહ સર્વથી મોટો છે અને ખુદાને માટેજ સ્તુતી છે. ગુ. મો.

બંને ઇદોની નમાજ આવી રીતે પડે. નેયત કરીને તકબીરે તહરીમાને બાદ હાથ બાંધે અને સુબ્હાનક-લ્લાહુમ્મ (ઇત્ય) પડે. જ્યારે પડી રહે તો બંને હાથો કાનો સુધી ઉઠાવીને અલ્લાહો અકબર કહે અને હાથ છુટા રાખે. ફરી હાથ ઉઠાવીને અલ્લાહો અકબર કહે અને હાથ છુટા રાખે ફરી હાથ ઊઠાવિને અલ્લાહો અકબર કહીને હાથ બાંધી લે. અને બીજી રકઅતમાં જ્યારે કિરાઅત પડી રહે તો એવી રીતે ત્રણ વાર અલ્લાહો અકબર કહે. ફરી ત્રીજી વાર હાથ બાંધે નહી પણ ચોથી વાર અલ્લાહો અકબર કહીને રૈકુઅ કરે. જેવી રીતે ઇદુલ ફીત્રમાં કરે છે તેવીજ રીતે ઇદે અદહાને દીવસે પણ કરે આટલું કે નમાજથી પેહેલાં ખાએ નહીં પણ પોતાની કુરબાનીમાંથી ઇદની નમાજ પછી ખાએ.* અને માર્ગમાં તકબીર પોકારીને પડતો ચાલે. અને બંને ઇદમાં એક માર્ગથી જવું અને બીજે માર્ગથી આવવું મુસ્તહબ છે.

અને જીલહજની નવમી તારીખ (ની ફજર) થી તેરમી તારીખની અસરની નમાજ સુધી દરેક ફરજ નમાજ (બજમાઅત) પછી એક વાર પોકારીને કહે અલ્લાહો અકબર અલ્લાહો અકબર લાએલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર અલ્લાહો અકબર વલીલ્લાહીલ હમ્દ (એ વાજેબ છે).

જનાજાનું બયાન.

મુસલમાનના મુડદાંને ગોસલ દેવું અને કફન દફન કરવું, અને જનાજાની નમાજ પડવી ફરજે કેફાયા છે જો થોડા મુસલમાનો પણ એ કામ કરી લેશે તો સર્વના માથાથી (ફરજ) ઉતરી જશે. અને જો કોઇએ કીધું નથી તો જે કોઇને મુડદાંનો હાલ જણાશે તે સર્વ ગુન્હેગાર થશે.

મુસલમાન ઉપર લાજેમ છે કે તે પોતાની મોતને યાદ કરે. હદીસ શરીફમાં લખેલું છે કે જે કોઇ દરરોજ મોતને વીસવાર યાદ કરશે તે શહાદતનો દરજો મેળવશે. અને જો કોઇનું દેણ કે હક્ક તેનાપર લેણું હોએ અથવા નમાજ રોજે, કફ્ફારો, કે કઇ બીજું તેને જીમ્મે (માથે) હોએ, તો લાજેમ છે કે એ સર્વ ચીજને લખીને પોતાની પાસે રાખે; કે જેથી એકાએક મોત આવે તો તેના પછી તેના વારેસ અદા કરે.

જ્યારે ઇનસાન મરવા લાગે તો તેની પાસવાળા કલેમો અને સુરે યાસીન પડે. અને જ્યારે મરી જાએ તો જલદથી ગોસલ[2] કફન કરીને નમાજ જનાજાની પડીને દફન કરે. અને સબર કરે. ઇન્ના લીલ્લાહે વ ઇન્ના ઇલૈહે રાજેઊન પડે. રડવુ ચીલ્લાવવું, હાય વરાલ કરવી, વાળ વીંછવા, (કપડા ફાડવા અને પીટવું હરામ છે. એટલુંજ નહીં પણ એવા લોકોપર હજરતે (સલ) લાનત કીધી છે* પણ ફકત દીલથી ગમ કરવો અને આંસુથી આહીસ્તા રડવું કંઇ મુજાએકો નથી.

જો વગર નમાજ પડે મુડદાને દફન કીધુ હોએ તો ત્રણ દીવસની અંદર તેની કબર ઉપર નમાજ પડે. જનાજાની નમાજ આવી રીતે છે. પ્રથમ નૈયત કરે. "હું નમાજ પડું છું આ જનાજાની, નમાજ ખુદાને માટે અને દોઆ આ મૈયતને માટે, મહોં મારૂં કાબા શરીફ તરફ છે," (ફરી) બંને હાથોને કાન સુધી ઉઠાવીને અલ્લાહો અકબર કહે અને બાંધી દે. ફરી હાથ ઉઠાવે નહીં[3] અને સુબ્હાનક-લ્લાહુમ્મ વગેરે હ..દેક

* અને જો નમાજ આગળ ખાએ તોએ કંઇ હરકત નથી. ગુ. મો.

૨ મરનાર જો ગુસલની હાજતવાળો મર્યો છે, અથવા તે હેજ કે નિફાસની હાલતમાં મરી છે. તો એ તેને એકજ ગુસલ દેવાનું છે. કેટલાક અબમમ જો એવ એને બેવડુ ગુસલ દે છે એ ગુન્હ કરે છે. ગુસલ દીધા બાદ મૈયતના પેટમાંથી કઇ નીકળે તો પણ બીજીવાર ગુસલ દે નહીં પણ જે નીકળું હોએ તેને ધોએ. અને ગોસલમાં ત્રીજીવારના પાણીમાં કાફુર મેળવીને ગોસલ દેવું સુન્નત છે.

* મરનારના કપડા જનાજા ઉપર નાખવા તેમ શાલ ડોપટટો જનાજા ઉપર નાખવો બીદઅત છે મરા પછી ચાર દશા ગેટ્ટી અને ખજુર મોકલવા બીદઅત છે જે મળે તે ખેરાત કરે, અને તેનો સવાબ મુડદાને બખશે. ફતાવા બાહ્રન પૃષ્ટ ૩૬૨માં છે કે "જનાજા ઉપર ફુલ કે સમ્જો (શીલોતરી) નાખવો મકરૂહ છે તેમજ ... વગેરે ઉડવવા મકરૂહ છે, ... મસલમાં છે કે જનાજાને ફુલ પેરેગાવવા મકરૂહ છે મીન્હાજુલ ઇરશાદમાં છે કે જનાજા ઉપર ફુલની ચાદર નાખી મકરૂહ છે. ગુ. મો.

૩ પણ અકબપના હદી ઓલમાઓનો એવો મત છે કે જનાજાની દરેક તકબીરમાં હાથ ઉઠાવે. ગુ. મો.

વ તબાઅદ્‌ન ઉબીઅક વ તબાઅલહો જહદોક વ જલ્લ સનાઓક વ લાએલાહ ગૈરોક [૪] પડે. ફરી અલ્લાહો અકબર કહીને અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીન વ અલા આલે મોહમ્મદીન કમા સલ્લેત અલા ઇબરાહીમ વ અલા આલે ઇબરાહીમ ઇન્નક હમીદુમ્મ જીદ અલ્લાહુમ્મ બારેક અલા મોહમ્મદીન વ અલા આલે મોહમ્મદીન કમા બારકત અલા ઇબરાહીમ વ અલા આલે ઇબરાહીમ ઇનક હમીદુમ્મજીદ પડે. [૫] ત્રીજી વાર અલ્લાહો અકબર કહીને જો જનાજો બાલેગનો છે તો આ દોઆ પડે. અલ્લાહુમ્મગફેર લે હયેના વ મૈયતેના વ શાહેદના વ ગાએબેના વ સગીરેના વ કબીરેના વ જકરેના વ ઉનસાના અલ્લાહુમ્મ મન અહયયતહુ મીન્ના ફ અહયેહી અલલ ઇસ્લામ વ મન તવફ્ફૈતહુ મીન્ના ફ તવફ્ફહુ અલલ ઇમાન. [૬] અને જો મૈયત છોકરો છે. તો આ દોઆ પડે અલ્લાહુમ્મજઅલહો લના ફરતન વજઅલહો લના અજરન વ જુખરન વજઅલહો લના શાફેઅન વ મોશફફન [૧] ને જો (મૈયત) છોકરી છે તો આ દોઆ પડે અલ્લાહુમ્મજઅલહા લના ફરતન વજઅલહા લના અજરન વ જુખરન વજઅલહા લના શાફેઅતન વ મોશફફતન [૧] ફરી ચોથીવાર અલ્લાહો અકબર કહીને બને તરફ સલામ ફેરવે. [૩]

જો બચ્ચુ જન્મયા પછી રડે અથવા હીલે ચાલે કે જેથી તેનું જીવતું હોવું જણાએ તો તે પર નમાજ પડે. પણ જો મરેલું પેદા થયું હોએ તેને ગુસલ દઇને કપડામાં લપેડીને દફન કરે. (તે પર) નમાજ નહીં પડે. [૪]

જો બાયડીનો ખાવીન્દ મરે તે બાયડી પર વાજેબ છે કે ચાર મહીના અને દસ દીવસ સુધી સોગ કરે. એટલે બનાઊ સણગાર કરે નહી. મેંહદી, ચુડી, લાલ પીળુ કપડું વાપરે નહીં. માથામાં તેલ, સુરમો, મેસ લગાડે નહીં. અને ધણીને ઘેરથી બાહર જાએ નહીં. અને જો કારબાર, સોદા સુલુફ માટે કોઇ માણસ ન હોએ તો લાચારીએ દીવસના બાહાર જ્યા કરે અને રાતના તેજ ઘરમાં રહ્યા કરે. પણ રાતના ચોરોનો બીહીક હોએ અથવા ઘર પડતું હોએ અથવા જબરદસ્તીથી તેણીને કોઇ ઘરથી કહાડતું હોએ તો લાચાર એ બીજા ઘરમાં જઇને સોગ કરે. પણ સબરથી બેસી રહે. પીટવું કુટવુ હરામ છે. [૫] જ્યારે ચાર મહીના દસ દીવસ થાએ તો સોગ દુર કરે. એટલે મેંહદી અથવા ખુશબો લગાડે અને જો ખાવીન્દ વગર બાજુ કોઇ મરે. બાપ, ભાઇ,

---

૪ એના અર્થ પેજ ૧૦ની નોટ ના. ૪ માં છે.

૫ એના માઅના પૃષ્ટ ૧૧ના નોટ ના. ૧૧ માં છે.

૬ અર્થ—ઓ અલ્લાહ તું બખશીદે અમારા જીવતાઓને અને અમારા મુડદાંઓને, અને અમારા હાજરોને, અને અમારા ગાએબોને, અને અમારા નાંહલાઓને, અને અમારા મોટાઓને, અને અમારા પુરૂષોને અને અમારી સ્ત્રીઓને. ઓ અલ્લાહ અમારા માંથી જેને તું જીવતો રાખે તેને તું ઇસ્લામ પર જીવડાવ અને અમારામાંથી જેને તું મોત આપે તેને તું ઇમાન ઉપર માર. ગુ૦ મો૦

૧ અર્થ—ઓ અલ્લાહ તું એને અમારે લાભ માટે આગળ જનારો કર. અને એને અમારે માટે અજર અને જખીરો કર, અને એને અમારે માટે શફાઅત કરનાર તથા શફાઅત કબુલ થએલો કર." નાહનાં બચ્ચા મરેલા પોતાના મા બાપની તેમ કેટલાકની શફાઅત કેયામતમાં કરશે તેની માગણી આ દોઆમાં ખુદાથી માગે છે. ગુ. મો.

૨ આના અર્થ પણ છોકરાની દુઆમા લખાયલા અર્થ પ્રમાણે છે માત્ર એટલોજ ફેર છે કે એમાં નરની જગ્યા નારી બોલવાનું છે.

૩ ચોથી તકબીર પછી કંઇ પડવાનું નથી. જનાજાની નમાજમાં ચાર તકબીરો રૂકન છે જો ઇમામની તકબીર બાદ જો મુકતદી અલ્લાહો અકબર નહીં કેહશે તો નમાજ થશે નહીં. ગુ. મો.

૪ જો બચ્ચુ મરેલું જન્મયું હોએ. અથવા કંઇક આજા (અવયવ) ઉત્પન્ન થએલું અધુરૂં બચ્ચુ આવ્યુ હે એ તો તેનું કંઇ નામ રાખવુ જોઈએ. જેમકે દુરલ મુખ્તારમાં છે. ગુ. મો.

૫ એવીજ તરેહ નકામો બકવો કરવો કે દીકરા તું આવો હતો ને તેવો હતો વગેરે, એ પણ હરામ છે. કેટલાક દેશામાં અને ખાસ કરી રાંદેરમાં મરનારની મા કે કોઇ બીજુ પોતાના રડવામાં મરનારના સાસરેવાળાઓને કે બીજાને જે એણા મારે છે એ છેક બુરૂં છે. જો મરનાર એવા કામથી રાજી હશે તો એ આના બકવાથી તેનાપર પણ અજાબ થશે જે દેશામાં એવો બુરો રેવાજ હોએ ત્યા મરનારે એવા બુરા કામ પોતાની પાછળ નહી થાએ તેના વસીયત કરવી જરૂર છે. ગુ. મો.

છોકરી અથવા બીજુ કોઇ તો ત્રણ દીવસ સુધી સોગ રાખવો (માત્ર ઓરતેજ) જાએજ છે. વાજેબ નથી. જોઇએ (સોગ રાખે જોઇએ ન રાખે. અને ત્રણ દીવસથી વધુ સોગ રાખવો હરામ છે.

કબરસ્તાનમાં ઝ્યારતને માટે જવું સવાબ છે[1] કબરોને જોઇને પોતાની મોત યાદ કરે. અને ખુદાથી પોતાને માટે અને મુડદાને માટે રહેમતની તથા બખશીસની દોઆ માંગે. અને અલહમ્દો, કુલ હોવલ્લાહ, અલહાકો, અથવા બીજું કંઇ પડીને (તેનો) સવાબ તેઓને બખશે. પ્રથમ કબરસ્તાનમાં જઇને આ દોઆ પડે. અસ્સલામો અલેકુમ યા અહલલ કોબૂર મીનલ મુસલેમીન વલ મુમેનીન. અનતુમ લના સલફુન વ નહનો લકુમ તબઉન વ ઈન્ના ઈનશાઅલ્લાહો બેકુમ લાહેકુન. યરહમુલ્લાહુલ મુસ્તકદેમીન મીન્ના વલ મુસ્તાખેરીન નસઅલુલ્લાહ લના વ લકુમુલ આફેયત. યગફેરુલ્લાહો લના વલકુમ વ યરહમોના--લ્લાહો વ ઇય્યાકુમ.[1]

જે ઇબાદત ખુદાને માટે કરે, નફલ નમાજ કે રોજો કે હજ્જ કે ફકીરોને ખાણું ખવડાવવું કે પાણી પાવું. અને તે ઇબાદતનેઃ સવાબ મુડદાની રૂહને બખશે તો તેને સવાબ પોહોંચે છે.[2] પણ જો તે ઇબાદતમાં નેયત ખુદાને માટે નહીં કીધી છે જેમકે કેટલાક જાહેલ પીરોના નામપર બકરો અથવા મરગો પાલીને નીયાજ કરે છે. એવી વાતોથી (ઉલટા) પીર નારાજ થાએ છે. અને લોક ઘણા ગુન્હગાર થાએ છે. એટલુંજ નહીં પણ એવા બકરા મરગાનું માંસ ખાવું કેટલાક આલમાઓએ હરામ કહ્યું છે; ખુદા મુસલમાનોને એવી બલાઓથી બચાવે.

કબરોને સીજદો કરવો હરામ છે. અને તેને ચોતરફ કુરબાન થવુ (તવાફ કરવો) તેની માનતા માનવી; તેની રોશની કરવી, અને તેઓથી દોઆ માંગવી ઘણું બુરૂ છે એટલુંજ નહીં પણ તેના નામની બેડીઓ પેહેરવી * નાળા (ના દોરા) નાખવા પણ બુરા છે. અને માથામાં તેઓના નામની વાળની ચોટલી રાખવી પણ ઘણી બુરી છે, એ રસમો જાહેલોની છે. હકક તઆલા નજાત આપે[3].

---

૧ કેટલાક અજ્ઞાનીઓ અમદાવાદમાં કોઇ બુજરૂગની કબરે જાય છે. અને ત્યાં જઈ હજજની માફક કીયા કરે છે. અને હજ્જ કીધી એમ સમજે છે એ તેઓના ભુલ છે. કબરની ઝીયારત વિષે હજરત (સલ) શું ફરમાવે છે તે આપણે ઈબને માજાની કીતાબથી વાંચીએ તેમાં છે "ખચીત રસુલુલ્લાહે (સલ) કહ્યું કે મેં તમને કબરોની ઝીયારત કરવાથી મના કીધા હતી. હવે જયારત કરો. બેશક તે જગતથી બેઅથા રાખે છે; અને આખરતને યાદ કરાવે છે." હવે વિચાર કરવાનું છે બંદગીથી મતલબ આ છે કે ખુદા તરફ ધ્યાન રાખવું, અને દુન્યામાં ફસવું નહીં. એ કબરની ઝીયારતથી મળે છે. કે આ કબરવાળા આપણી મ ફક ચાલતા ફરતા હતા ઘરબારવાળા હતા, આખર તે સર્વ મુકી મરી ગયા. માત્ર સારા કામોજ તેઓની સાથે ગયાં છે. તેઓનું દેહ કેવું સાફ હતું આખર માટી થયું છે. ફરી આવા ગુણ કબરની ઝીયારતમાં હોવા છતાં અમુક મુદત સુધી કબરની ઝીયારત કરતાં લોકોને હજરતે (સલ) અટકાવ્યા, તેનું કારણ શું? તે એજ કે શરૂ ઈસ્લામમાં લોકો મુર્તિપુજા તજી નવા મુસલમાન થયા હતા. તેઓની ટેવ પથ્થર પુજવાની હતી માટે આવા વખતનો ખ્યાલ રાખી અને તેઓના બચાવને લીધે કબરની ઝીયારત કરવી મના કીધી હતી ફરી જયારે લોકોના મન તોહીદપર જમી ગયા અને બીહીક મટી ગઇ તો આપે કબરની ઝીયારતનો હુકમ આપ્યો. અને સાથે ગુણ પણ બતાવ્યા. વળી સાહેબની કબર સીવાઈ બીજી કબરોપર ઝીયારત માટે ઓરતોનુ જવું દુરસ્ત છે કે નહીં, તેમા આલમામાં મતફેર છે. પણ દલીલો જોતાં સહીવાત આ છે કે ઓરતોને જવું મકરૂહ છે. વાંચો મજાલેસુલ અબરાર પૃષ્ટ ૩૫૭ વળી જે કબર પર હરામ કામ થતા હોએ તે કબર પર તે વખતે જયારતે જવું હરામ છે. હનફીયોના કાયદા પ્રમાણે ગુ. મો.

૧ અર્થ—એ કબરવાળા મુસલમાનો અને મુમેનો તમારાપર સલામ થાઓ. તમો અમારેથી આગળ થયા છો, અને અમો તમારી પાછળ આવનાર છીએ અને જો ખુદાએ ચાહ્યું છે તો અમો તમને મળનાર છીએ. ખુદા રહેમ કરે અમારાં આગળાઓપર અને પાછલાઓપર. અને અમો અમારે માટે અને તમારે માટે આફીયત માંગીએ છીએ. ખુદા અમને અને તમને બખશે અને ખુદા અમારાપર ને તમારાપર રહેમ કરે. ગુ. મો.

૨ શાફેઇ મજહબમાં ફકત બદનની ઇબાદતનો સવાબ મુડદાને પોહોંચતો નથી માલની ઈબાદતનો સવાબ પોહોંચે છે. ગુ. મો.

* એવીજ રીતે હજરત પીરાનપીર (રહ)ના નામની હાંસડી બાળકના ગળામાં નાંખવી અને દરવર્ષે તેમાં કડી ઉમેરા કરવી અને અમુકવરસે તેને પીરની નજરમાં વાપરવી એ સર્વ કામ હરામ છે. ગુ. મો.

૩ મિશકાતુલ—હેરવામાં છે કે "બાબા શરીફ મગર કોઈ પણ [illegible]

જે માણસ ઓલીઆઓના વસીલાથી દોઆ કરતી હોએ તે એમ કહે "ઓ અલ્લાહ મારી મતલબ ફલાણા વલીને તુફેલે (અથવા વસીલે) પુરી પાડ" એમ કહે નહીં કે ઓ પીર મારી ગરજ સાર. અને નજર (માનતા) આવી રીતે કરે "ઓ અલ્લાહ મને છોકરો થશે તો તારે નામે ફકીરોને ખાણું ખવડાવીશ. અને સવાબ તેનો ફલાણા વલીની રૂહને બખશીશ" એમ કહે નહીં કે ઓ પીર જો તું મને છોકરો આપશે તો તારી નયાજ કરીશ એવી વાતો ઘણી બુરી છે. ખુદા અમલની તોફીક આપે. શબે બરાતના[4] મુરદાંઓની કબરોપર દીવા બાળવા એટલુંજ નહીં પણ કોઇ વખત (બાળવા)-હરામ છે[5]. ફરી તે ઓલીયાની કબર હોએ કે શહીદની કે કોઇ બીજાની. અને લાલ દોરડો વાસણપર બાંધીને મુડદાનો ફાતેહો આપવો બેહુદા છે. જેને ફાતેહા આપવું હોએ તે ખાણું પાણી ખુદાને વાસતે મોહતાજોને આપી સવાબ મુડદાંઓને બખ્શે. વધારે બખેડો બેવકુફી છે. અને શબે બરાતના પરમી પણ ચીરાગ બાળવા અને આતશબાજી ફોડવી હરામ છે. કેમકે એ રાત બુજુરગીવાળી છે એ રાતમાં બંદગી કરે, બીદઅતોથી વેગળો રહે.

જકાત અને સદકએ ફીત્રનું બયાન

ઇસ્લામનો ત્રીજો રૂકન જકાત છે. અને તે ફરજ છે. જે કોઇ જકાતને ફરજ નહીં જાણે તે કાફેર છે, અને જેનાપર ફરજ હોએ અને અદા કરે નહીં તો તેનો માલ સાપ થઇને તેના ગળામાં તોક થશે, અને સોનું ચાંદી દોજખમાં તાતવીને તેના બદન ઉપર ડામશે.

જકાત મુસલમાન, આજાદ આકેલ બાલેગ ઉપર જ્યારે તે નીસાબ[1]નો માલેક થાએ અને તે નીસાબ જરૂરી કારબારથી બચેલું હોએ અને તે નીસાબ ઉપર પુરૂં એક વર્ષ ગુજર હોએ તો ફરજ છે. એટલે ગુલામપર જકાત ફરજ નથી. અને ઇમામ આજમ (રહ)ના મજહબમાં નાબાલેગ અને ગાંડાના માલમાં જકાત નથી. અને બીજા ઓલમાઓ ફરમાવે છે કે નાબાલેગ અને દીવાનાનાં માલમાં પણ જકાત ફરજ છે. તેઓના તરફથી (તેઓના માલમાંથી) તેઓનો વાલી આપે. અને જેની પાસે નીસાબથી ઓછો માલ હોએ તેપર જકાત નથી. અને જેની પાસે નીસાબ જેટલો માલ હોએ પણ તેટલું અથવા તેથી વધુ દેણુ હોએ, તેપર જકાત નથી. રેહવાના ઘરમાં, પેહેરવાના કપડામાં, ખીજમતના ગુલામોમાં, સવારીના (તથા ખેતીના) જાનવરોમાં, લડાઇના હથીયારોમાં, ધંધાના ઓજારોમાં, ભણવાની કીતાબોમાં, અને જે ચીજો ઘરના કારબારમાં આવે છે જેવું કે તવો વગારૂં રાંધવાના વાસણ એમાં જકાત નથી.

જે માલમાં જકાત ફરજ છે તે ચાર તરેહના છે (૧)લી નગદી એટલે સોનું ચાંદી ફરી તે રૂપીઆ, ગીનીયો હોએ કે ઘરેણા હોએ કે સોના ચાંદીના પત્રાં હોએ. ચાંદીનો નીસાબ બસો

ફરની બીહીક છે' મુલ્લા અલી કારી (રહ) શરહ એનુલ ઇલમમાં લખે છે "કબરને, તાબુતને, અને (કબરની) દીવારને હાથ અડકે નહીં. કેમકે જ્યારે નબી (સલ) ની કબર જોવાને માટે (મજકુર કામોની) મના થઇ તો બીજાઓની કબરોનો શો હાલ અને તેને ચુમે નહી કેમકે એ તો હાથ લગાડવા કરતાં વધારે છે, તો તે મનાને વધારે પાત્ર છે. કેમકે ચુમન કરવું એ હજર અસવદ તથા નબીઓ, ઓલમા, અને સોલહાઓના હાથને ખાસ છે' વળી માલા બુદ્દ પૃષ્ઠ ૮૭ની નોટમાં મેઅત મસાએલથી છે "કબરને ચુમે નહી, (તેના આગળ) વાંકો વળે નહીં મ્હોંને માટીમાં રોળે નહીં, કબરસ્થાનમાં કોઇ ચીજ ખાએ નહી પીએ નહીં, સુએ નહીં, અને તે જગ્યામાં નમાજ પડે નહીં દીવા બાળે નહીં અને તે જગ્યામાં અગ્નિ સળગાવે નહીં, અને કબર પર ગીલાફ [illegible] ઢાંકે નહીં." વગેરે. મુ. મો.

૪ શબે બરાત એટલે શાબાન મહીનાની તા૦ ૧૫ મીની રાત.

૫ કબરો પર ચીરાગ બાળવા વિષે હજરત (સલ) શું કહે છે તે જોઇએ. ઇબને હજરની જવાજેર પૃષ્ઠ ૧૨૯માં છે અબુ દાઉદ, તીરમીજી, નસાઈ, અને ઇબને હીબ્બાન ઇબને અબ્બાસથી રીવાયત કીધી છે કે રસુલલ્લાહે (સલ) લાનત કીધી કબરની જીયારત કરનારીઓ પર, અને તેના ઉપર મસજીદો બનાવનાર પર, અને ચીરાગો બાળનાર પર" ફરી લખે છે કે "જરા સરખો દીવો પણ કબર ઉપર બાળવો હરામ છે." કબર ઉપર દીવો બાળવાથી નકામો માલ જાએ થાએ છે. અને ફેટાડમાં પેગમ્બરની લાનત એનાથી છે, [illegible] મુસલમાનોને બચાવે મુ. મો.

૧ નીસાબ એટલે શરીઅતે જકાત વાજેબ થવા માટે ઠેરવેલો આંક. જેમકે સોનામાં વિસ મીસકાલ ચાંદીમાં બસો દીરહમ, ઉંટમાં પાંચ. ગાયમાં ત્રીસ. બકરામાં ચાલીસ, વગેરે. એ ઠેરવેલા આંકથી ઓછું હોએ તો જકાત ફરજ નથી. મુ. મો.

હીસઅમ છે. જેના બાવન તોલા છ માશા ચાંદી થાએ છે. જેને ખુદા તઆલા આપે અને ખાતા પીતા એટલી ચાંદી તેની પાસે બચે અને વર્ષ દહાડો તેપર વિતે તો ફરજ જાણીને ખુદાના માર્ગમાં ચાલીસમો હીસ્સો આપે, અને સોનાનો નીસાબ વીસ મીસકાલ છે. જેના સાત તોલા છ માશા સોનુ થાએ છે. જેની પાસે એટલું સોનું જરૂરી કારબારથી બચી રહે અને વર્ષ દહાડો તેપર વિતે તો ચાલીસમો હીસ્સો જકાત આપે. જેની પાસે નીસાબથી ઓછું સોનું હોએ અને નીસાબથી ઓછી ચાંદી હોએ તો (બેમાંથી એકનું) મુલ ઠેરવી (બીજાથી મેળવી) નીસાબ પુરો કરે. અને ચાલીસમો હીસ્સો જકાત આપે. જકાત આપવામાં નૈયત જરૂર છે. વગર નૈયતે અદા થતી નથી. જે કોઇપર જકાત ફરજ હોએ તે જે વેળા ચાલીસમો ભાગ જુદો કરે તો તેને જકાત ફરજ જાણીને જુદો કરે અને ફકીરોને આપે. અને જો જુદો નહી કરે તો જયારે કોઇ ફકીરને કંઇ આપે તે વેળા જીવમાં સમજે કે જકાત ફરજ અદા કરૂં છું. જો જકાતની નૈયત કરી નથી અને બધો માલ (ખુદાના માર્ગમાં) વેહેંચી આપ્યો તો (પણ) જકાત માથેથી ઉતરી ગઇ. અને જો કંઇક માલ રાખ્યો અને ફકીરોને આપ્યો અને જકાતની નૈયત કીધી નથી તો કેટલાક ઓલમાઓએ કહ્યું છે કે સર્વ માલની જકાત તેના પર લાજેમ છે, અને કેટલાકોએ કહ્યું છે કે જેટલો માલ વેહેંચ્યો તેની જકાત માથાથી ઉતરી અને જેટલો રહ્યો તેની જકાત આપે. (૨)જી તરેહ જકાતના માલની વેહપારનો માલ છે, ફરી તે કાપડ હોએ કે અનાજ હોએ કે કંઇ બીજું હોએ. જ્યારે એવા માલ પર વર્ષ દહાડો થશે કે તેની કીમત કરે. જો બાવન તોલા છ માશા ચાંદી અથવા તેથી વધુ તેનું મુલ ઠરે તો તેની જકાત આપે. (૩)જી તરેહ જકાતના માલની પશુ છે. એટલે ઉંટ ગાય (ભેંસ) બકરી (ગેટું) નરમાદા ભેલસેલ હોએ ને આખું વર્ષ અથવા અર્ધા વરસથી વધુ જંગલમાં ચર્યા કરે[૨] તો જકાત તેમાં વાજેબ છે. ઉંટની જકાતના મસલા (ફર્તાએ) ખ્યાલ કીધા નથી[૩] ત્રીસ ગાય બલથી ઓછામાં જકાત નથી. જયારે ત્રીસ પુરા થાએ અને વર્ષ દહાડો તે પર ગુજરે તો વર્ષ પુરૂં થઇ બીજું વર્ષ લાગેલો વાછરડો કે વાછરડી આપે. જયારે ચાલીસ થાએ તો બે વર્ષ વિતી ત્રીજુ વર્ષ લાગેલો વાછરડો કે વાછરડી આપે. જ્યારે સાઠ થાએ તો વરષ દહાડો પુરો થઇ ત્રીજું વરષ લાગેલા બે વાછરડા કે વાછરડી આપે. જયારે સીત્તેર થાએ તો એક વરસનો એક અને બે વર્ષનો એક (આપે] જયારે એંસી થાએ તો બે વર્ષ પુરાં થઇ ત્રીજું વર્ષ લાગેલા બે વાછરડા કે વાછરડી (આપે) જ્યારે નેવું થાએ તો વરષ પુરાં થએલા ત્રણ. જ્યારે સો થાએ તો વર્ષ પુરાં થએલા બે અને બે વર્ષ પુરાં થએલો એક. એવીજ રીતે દરેક ત્રીસે વર્ષનું અને દરેક ચાલીસે બે વરસનું આપ્યા કરે[૧]. ગાય ભેસની જકાત એક તરેહની છે. ચાલીસ બકરાંથી ઓછામાં જકાત નથી. જયારે ચાલીસ પુરાં થાએ અને તે પર વર્ષ ગુજરે તો એક બકરૂં જકાત આપે. એકસો વીસ સુધી. જયારે એકસો એકવીસ થાએ તો બે બકરાં જકાત આપે બસો સુધી. જયારે બસો એક થાએ તો ત્રણ બકરાં આપે ત્રણસો નવાણું સુધી. જયારે ચારસેં પુરાં થાએ ચાર બકરાં આપે. ફરી દર સેંકડે એક બકરી આપ્યા કરે, બકરાં ગેટાંની જકાત એક રીતે છે. જકાતમાં જોઇએ બકરી આપે જોઇએ બકરો આપે નાંઢલાં મોટાં દરેકને ગણીને જકાત આપે.

જકાત મુસલમાનોને આપે કાફેરોને આપે નહી. ફકીરોને આપે પૈસાવાળાને આપે નહીં.

---

૨ જંગલમાં ચરવાની મતલબ આ છે કે મફત ચરવાનું હોએ. જો સરકાર (ઇસ્લામી કાયદા વિરૂધ્ધ) ચરણ હરરાજ કરતી હોએ અથવા કોઇ જમીનના જો ચરણને બદલ મહીનાનુ કંઇ લતો હોએ તો તે ચરણ ગણતરીમાં નથી તે પૈસે ચારો ખવડાવવાની ગણતરીમા છે. ગુ. મો.

૩ કારણે કે તેના બયાનમાં ગણું લંબાણ છે તથા તેનું આ દેશમાં કામ પણ પડતું નથી પણ ટુંકમાં આટલું કે દર પાંચ ઉંટે એક બકરૂ વાજેબ છે. તે પચ્ચીસ સુધી. તે પછી જુદો હીસાબ છે. ગુ મો

૧ જો નીસાબ એક બીજાથી મળી જાએ, જેમકે કોઇ પાસે એકસો વીસ ગાય હોએ હવે તે ત્રીસ ચોક પણ થાએ છે અને ચાલીસ ત્રી પણ થાએ છે, તો જકાત આપનારને અખ્તીઆર છે. જોઈએ વર્ષ પુરાના ચાર વાછરડા કે વાછરડી આપે જોઈએ બે વર્ષ પુરાના ત્રણ વાછરડાં કે વાછરડી આપે. ગુ. મો.

પૈસાવાળો તે છે કે જે નીસાબનો માલેક હોએ[૨]. અને જો નીસાબથી ઓછો માલ તેની પાસે હોએ તો જકાત તેને દેવું દુરસ્ત છે, જકાત પોતાના મા બાપને. પોતાની ઓલાદને, ધણી ધણીયાણીને. ધરયાણી ધણીને, અને પોતાનાં ગુલામ બાંદીને આપે નહીં. જકાતનો પૈસો સૈયેદને આપે નહીં. જકાત વગર બીજું કંઇ અદબથી આપે. જો કાકા, ભાઇ અને સગાઇવાળા મોહતાજ હોએ તો જકાત તેઓને આપવી ધણીજ સારી છે.

સદકએ ફીત્ર જે શખ્સ નીસાબનો માલેક હોએ તે પર વાજેબ છે કે ઇદને દીવસે જેટલા ઘરમાં માણસ હોએ દરેકની તરફથી (હીંદુસ્તાની) બસેર[૩] ઘઉ અથવા ચારસેર જવ સદકએ ફીત્ર ફકીરને ઇદને ઇદની નમાજે જાએ પણ પોતાની બાયડી તરફથી તથા બાલેગ છોકરા છોકરી તરફથી દેવું જરૂર નથી. તેઓ પોતાની તરફથી જો શકિતવાન હોએ તો આપે પણ પોતાના ગુલામ બાંદી તરફથી (જરૂર) આપે જેણે ઇદને દીવસે સદકએ ફીત્ર ન આપ્યો તે જ્યારે ચાહે આપે.

જો કોઇ કોઇને ઘેર ઉતરે તેની ત્રણ દહાડા સુધી ખુશીથી મેહમાની કરવી સુન્નત છે. વગર ઘણી જરૂરતે સવાલ કરવો હરામ છે.

કુરબાનીનું બયાન.

જે શખ્સ નીસાબનો માલેક હોએ તે પર ઇદ અલહાને દીવસે કુરબાની કરવી વાજેબ છે. બકરિ વર્ષ દહાડાની કે વધારેની, અથવા ગાય બે વર્ષની કે વધારેની, અથવા ઉંટ પાંચ વર્ષનું કે વધારેનું જુબ્હ કરે. અને જો સાત માણસ (કે સાતથી ઓછા માણસો) મળીને ઉંટ કે ગાયની કુરબાની કરે તો જાએજ છે. જો સર્વની ગરજ કુરબાનીની હોએ તો. કુરબાની ફરબા (ભરેલુ) નીરઓબ જુબ્હ કરે. કુરબાની ઇદની નમાજથી પહેલાં દુરસ્ત નથી. ઇદની નમાજ પછી જુબ્હ કરે. ત્રણ દીવસ સુધી જુબ્હ કરવું દુરસ્ત છે. દસમી અગયારમી, અને બારમી, જો ત્રણ દીવસની અંદર કુરબાની નહીં કરી છે તો જીવતી કુરબાની અથવા તેની કીંમત ફકીરોનેઆપે. સદકો ફીત્રનો અને કુરબાની દરેક નીસાબવાળાપર વાજેબ છે. ફરી તે નીસાબ વધનારો હોએ (જેમકે સોનું ચાંદી પસુઓ) અથવા નહોએ જેમકે કપડા પેહેરવાથી, ઘર રેહવાથી વધારે હોએ. અને તેની કીંમત નીસાબ જેટલી હોએ અને નેયત વેપારની (પણ) ન કીધી હોએ. પણ જો નેયત વેપારની કરી હશે અને તે પર વર્ષ ગુજર્યું હશે તો જકાત ફરજ થશે.

રમજાનના રોજાનું બયાન.

ચોથું રૂકન ઇસ્લામનું રમજાન શરીફના રોજા રાખવું છે. જે કોઇ (એને) ફરજ નહીં જાણે તે કાફેર છે. અને જેના પર ફરજ હોએ અને નહીં રાખે તે મોટો પાપી છે. રોજામાં નેયત ફરજ છે, વગર નેયતે સહી નથી. નેયત દર રાતે કર્યા કરે. સર્વ ઓલમાઓના મજહબમાં નેયતનું વખત સુબહની નમાજથી પેહેલાં આખી રાત છે, પણ ઇમામ આજમ (રહ)ને નજદીક જેણે રોજાની નેયત રાતમાં નહીં કીધી હોએ તે દીવસના બપોરથી પેહેલાં કરે. જો કંઇ ખાધું પીધું નહીં હોએ તો. અને બપોર પછી નેયત કરવી કોઇના મજહબમાં સહી નથી.

જો કોઇએ રમજાન શરીફનો ચંદ્ર પોતાની આંખે દીઠો પણ કાજીએ તેની વાત પર ઇતબાર કીધો નહીં, અને શેહેરવાળાઓને રોજાનો હુકમ આપ્યો નહીં (તોએ) તે ચંદ્ર જોનાર પર રોજો રાખવો વાજેબ થયો. અને જો ઇદનો ચંદ્ર પોતાની આંખે જોયો અને કાજીએ તેના કેહવાથી ઇદ કીધી નહીં તો તે શખ્સને રોજો તોડવો જાએજ નથી. એટલુંજ નહીં પણ સર્વ મુસલમાનોની સાથે ઇદ કરે. અને જો બને સુરતોમાં તેણે રોજો નહીં રાખ્યોઅથવા એકમાં નહીં રાખ્યો તો તેના પર તે રોજાની કજા વાજેબ છે કફારો વાજેબ નથી.

[૨] કોઈ માણસ એવો હોએ કે તેની પાસે હાજતથી વધારે ઘરમાં વાસણ અથવા કપડાં બાવન રૂપીયા કીમતના હોએ અને નગત કંઈ ન હોએ તો પણ તે ગેઆવજની ગણતરીમાં છે. એટલે તેને જકાત લેવી અને તેને દેવી દુરસ્ત નથી. ગુ મો.

[૩] એટલે અડધો ભાગ ગુણનો, કે તેના એકમો છ ત્રીસ તોલાં ૭ માશા થાએ છે. લખનોના તોલથી રાદ સેરને લગભગ થાએ છે. અને ચાર સેર એટલે પુરા સાથ જેટલા બસો તોતેર તોલા થાએ છે. આ તોલ દરદ રાહે નજાતના હાસીઆ ઉપર મળી આવે છે. ગુ. મો.

રોઝો તુટવાનું બયાન.

જેણે રમજાનના રોજામાં જાણી બુજીને ખાધું કે પીધું ફરી તે ખોરાક હોએ કે દવા હોએ, અથવા જાણી બુજીને સ્ત્રી મીલાપ (જીમા) કીધો તો તેનો રોજો તુટયો. અને તે પર રોજાની કજા વાજેબ થઇ. અને કફારો એટલે ગુન્હગારી પણ વાજેબ થઇ (તે ગુન્હગારી આ છે) એક ગુલામ આજાદ કરે. અને જો ગુલામ નહીં મળે તો બે માસના સામટા રોજા રાખે. જો બે માસની અંદર કોઇ રોજો તુટયો ફરી તે ઊજરથી હોએ કે બે ઊજરથી હોએ, ફરી નવેસરથી બે મહીનાનાં રોજા રાખે. પણ જો હેજ નિફ્રાસને લીધે બે માસની અંદર કોઇ ઓરતે રોજો ખાધો તો કંઇ હરકત નથી. અને જો (બે માસના) રોજા રાખવાની શક્તિ નહોએ તો સાઠ ફકીરોને ખ.ઉં આપે. જેટલું સદકએ ફીત્રમાં આપે છે તેટલું એક એકને આપે, અને જો રમજાન વગર બીજો કોઇ રોજો રાખે અને તોડે તો કફારો વાજેબ નથી. પણ કજા વાજેબ છે. અને જો રમજાનનો રોજો ચુક (ખતા)થી તોડયો, જેમકે કોગળો કરતાં અવિચારે પાણી હલકમાં ઊતર્યું, અથવા કોઇએ પછાડીને જબર દસ્તીથી ગળામાં પાણી કે કંઇ બીજું નાખ્યું, અથવા કાનમાં કે નાકમાં દવા નાખી. અથવા જે ચીજ દવા કે ખોરાક નથી જેવી કે કાંકરી માટી લાકડી તેને જાણી જોઇને ખાધી, અથવા જાણી બુજીને મ્હોં ભરીને ઉલટી કીધી, અથવા રાત ધારીને સેહરીનું ખાણ ખાધું ને ફરી જણાયું કે રાત નહોતી પણ સુબ્હ સાદેક થઇ ગઇ હતી, અથવા એવું ધારીને કે દીવસ પુરો થયો અને રોજાનું વખત થઇ ગયું ને રોજો ખોલ્યો ફરી સુંર્ય નીકળી આવ્યો, અથવા સુતેલા માણસના ગળામાં પાણી જઇ પુગયું, આ બધી સુરતોમાં રોજો તુટયો અને તેની કજા વાજેબ થઇ પણ કફારો વાજેબ નથી. અને જો રોજાને ભુલી ગયો અને ભુલીને ખાધું પીધું કે સ્ત્રી મીલાપ કીધો. અથવા ગુસલની હાજત થઇ અથવા બદન પર તેલ મળ્યુ, અથવા આંખોમાં સુરમો આંજયો, તો પણ રોજો તુટયો નથી.*

રોજામાં ગીબત કરવી એટલે કોઇની નીંદા કરવી અને કોઇને ગાળો ભાંડવી ને બુરૂં કહેવું છેક બુરૂં છે. રોજાનો સવાબ જતો રહે છે, રોજદારને લાયક છે કે રોજાને પાક સાફ રાખે. અને હલાલ ચીજથી રોજો ખોલે અને બંદગીમાં મંડયો રહે. જુઠ દગાબાજીને રોકી રાખે. આ મુબારક મહીનાને ગનીમત સમજે આ મહીનાની એક ઇબાદત સિત્તેર મહીનાને બરાબર છે. ફકીર ગરીબની સેવાને ગનીમત સમજે,

બીમાર અને મુસાફરને રમજાનનો રોજો ખાવો દુરૂસ્ત છે. અને રોજો રાખે તો પણ દુરૂસ્ત છે. પણ જો (બીમારને) રોજો રાખવાથી મરવાની બીહીક હોએ તો રોજો રાખવો પાપ છે, જે બીમાર, મુસાફરે રમજાનના રોજા ખાધા હતા. અને તે તેજ બીમારીમાં કે સફરમાં મર્યો તો તે ગુન્હગાર નથી. અને જો બીમાર સાજો થઇને મર્યો છે અથવા મુસાફર ઘર આવ્યા પછી મર્યો છે તો જેટલા દીવસ સાજો થઇને જીવ્યો છે અથવા મુસાફર જેટલા દીવસ ઘર આવી રહ્યો છે તેટલા દીવસની કજા વાજેબ થશે. દાખલા તરીકે દસ રોજા બીમારીમાં કે સફરમાં ખાધા. ફરી સાજો થઇને કે ઘર આવીને પાંચ દીવસ જીવ્યો. હવે એનાપર પાંચ દીવસની કજા વાજેબ છે. જો કજા નહીં કરી તો વારેસ ઉપર વાજેબ છે કે દરરોજને બદલે બસેર ગઊં[1] અથવા ચાર સેર જઊ ફકીરોને આપે. પણ વારેસ ઉપર કેયારે વાજેબ છે કે મુડદું કહીને મરૂં હોએ. અને વગર કહે વાજેબ નથી, પણ વગર કહે વારેસે આપ્યું, તો પણ સહી છે. રમજાનની કજા જોઇએ સામટી રાખે જોઇએ તુકડે તુકડે રાખે. પણ કફારા (ના રોજા) એક પછી એક રાખવા વાજેબ છે. જે માણસ ઘણો બુઢ્ઢો હોએ અને રોજો રાખવાની શક્તિ નહોએ તો તે રોજો નહીં રાખે અને દર રોજાને બદલે સદકએફીત્ર જેટલું ફકીરોને આપે. ફરી જો રોજો રાખવાની શકિત આવે તો તે રોજાઓની કજા કરે. જે સ્ત્રી હમલથી હોએ અથવા દુધ પાતી હોએ (હવે) જો રોજો રાખવાથી તેના બચ્ચાને

---

* જેમ રોજો તુટયો નથી તેમ મકરૂહ પણ નથી, એવીજ રીતે ફુલ કે ખુશબો સુંઘવી મકરૂહ નથી. પણ રોજામાં અંબુર કે અગરબત્તીનો ધુમાડો લેવો નહીં. ગુ. મો.

[1] એટલે [illegible].

બજા થતી હોએ તો રોજાનું ખાએ. અને રોજાની કજા તેપર વાજેબ છે. હેજ તથા નિફાસવાળી સ્ત્રી રોજાને ખાએ ફરી જ્યારે પાક થાએ તો તેની કજા કરે.

જે કોઇ ઇદ અજહાના[2] અરફાને દીવસે રોજો રાખશે તેના એક વર્ષ આગળાના અને એક વર્ષ પાછલાના ગુનહ બખશાઇ જશે અને જે કોઇ આશુરા[3]નો રોજો રાખશે તેના એક વર્ષના ગુનહ બખશાસે.

જેવી રીતે ખુદા સિવાઇ કોઇની નમાજ પડવી જાએજ નથી તેવીજ રીતે કોઇના નામનો રોજો રાખવો દુરસ્ત નથી.

હજજનુ બયાન

ઇસ્લામનું પાંચમું રૂકન હજ્જ છે. ખુદા તઆલા જેને માર્ગ ખરચ તથા સ્વારી આપે, માર્ગમાં અમન (ચેન) હોએ, તેપર હજ્જ ફરજ છે જે કોઇ હજ્જને ફરજ નહીં જાણે તે કાફેર છે. અને જેનાપર ફરજ હોએ અને નહીં કરે તે ફાસેક એટલે મોટો પાપી છે. હજ્જ આખી ઉમરમાં એક વાર ફરજ છે. ખુદા અમબાબ બનાવે ત્યારે શીખે, માટે બાકી મસલા બયાન કીધા નથી.

ગુનહનું બયાન

જેવી રીતે ઇસ્લામના રૂકનો બજાવી લાવવા ફરજ છે તેવીજ રીતે ગુનહથી દુર રેહવું પણ ફરજ છે. કેટલાક ગુનહ કબીરા એટલે મોટા છે. તેના કરવાથી અજાબ થશે. જો તોબા નહીં કરે તો અને કેટલાક સગીરા (એટલે નાંહના) છે. તેના કરવાથી પણ અજાબ થશે, પણ થોડો. હવે કબીરા થોડા બયાન કરૂં છું:—*

ખુદાથી શીરક કરવો. નાહકક ખુન કરવું. મા બાપને ઇજા આપવી. સ્ત્રીથી જીના (વ્યભીચાર) કરવી. યતીમોનો માલ ખાવો. કોઇ સ્ત્રીને જીનાની ખોટી તોહોમત આપવી. એવડા કાફરોથી લડાઇમાં નહાસવું. શરાબ પીવો. નાહક જુલમ કરવો. કોઇને પાછળથી બુરાઇથી યાદ કરવો. કોઇના વિષે ખોટો ગુમાન કરવો. પોતાને બીજાઓ કરતાં સારો જાણવો. ખુદાથી નડર થવું. ખુદાની રેહમતથી નિરાસ (નાઉમેદ) થવું. કોઇથી વાએદો કરીને પુરો નહીં કરવો. પડોસીની છોકરી, બાયડી ઉપર બુરી નજર કરવી. કોઇની અમાનતમાં ખીયાનત કરવી. ખુદાનું ફરજ છોડવું. કુરઆન શરીફ પડીને ભુલી જવું. ખરી શાક્ષીને છુપાવવી. જુઠી શાહેદી આપવી. જુઠ બોલવું. વિશેશ કરી જુઠી કસમ ખાવી કે જેથી કોઇનો માલ, જાન, કે ઇજ્જત જતી રહે.[†] ખુદાના નામ વગર બીજા કોઇની કસમ ખાવી, ખુદા વગર કોઇનો સિજદો કરવો. કુરઆનની મજલીસમાં બીજા કોઇ કામમાં લાગવું. જુમઆની નમાજ છોડવી. હમેશ જમાઅત છોડવી. મુસલમાનોને કાફેર કેહવું. કોઇની ગીબત સાંભળવી. ચોરી કરવી. જુલમકારોની ખુશ—આમદ કરવી. વિયાજ ખાવું. ખોટો ચુકાદો કરવો. સોદો લેતાં દેતાં કમ તોલવું. ભાવ કીધા પછી પાછલથી જબરદસ્તીએ ઓછું આપવું (કરડો કરવો). છોકરાઓથી ખુરફી કામ કરવું. હેજની હાલતમાં પોતાની બાયડી કે ખપાલોંડીથી સોહબત કરવી. અનાજની મોહોંગવાડીથી ખુશ થવું. પારકી સ્ત્રી સાથે એકાંતમાં બેસવું. પશુઓથી ખરાબ કામ કરવું. જુગાર રમવો. કાફેરોની રીત (રસમ) પસંદ કરવી. નજુમી (જોશી) ની વાતોને સાચવવી. પોતાની ઇબાદત અને પરહેજગારીનો દાવો કરવો, મુડદા ઉપર પીટવું પુકારીને રડવું. ખાવાને બુરૂં કેહવું. નાચ જોવો. વાજાઓથી રાગ સાંભળવો. લોકોને દેખાડવા ઇબાદત કરવી. કોઇના ઘરમાં વગર પુછે ઘુસી જવું. શક્તિ હોવા છતાં નસીહત કરવી નહીં. કોઇને મસખરી કરીને બે ઇજ્જત કરવો.

એ વગર બીજા ઘણા ગુનહ છે. મતલબ કે સર્વ ગુનહોથી દૂર રહે અને તોબા કરતો રહે.

---

[2] બકર ઇદનો આગળો દીવસ એટલે જીલહજ્જ મહીનાની ૯મી તારીખ તેજ અરફા છે તથા મુબારક દીવસ છે. પણ જેઓ દરેક તહેવારના આગળા દીવસને અરફા ગણે છે તથા તેને માનીતો ગણે છે તેઓ ભુલ કરે છે. ગુ. મો.

[3] આશુરા એટલે મોહર્રમની ૧૦મી તારીખ. એ દીવસનું માન હજરત ઇમામ હુસેન (રહ)ની શહાદતથી નથી પણ એ દીવસ હજરતના વખતથી એટલુંજ નહીં પણ બીજા પેગમ્બરોના વખતથી પણ માનીતો છે કોઈ પણ બુજરગના મરવાથી તે દીવસ તેહવાર થતો નથી શરીઅતે જે દીવસને તેહવાર ઠેરવે તેજ તેહવાર છે. ગુ. મો.

* કબીરાના બયાનમાં ઇબને હજર મક્કીએ (૧૯) ઈ.ક. પુસ્તક "જવાજેર, અન ઇરતેકાફુલ કબાએર" ઘણું સરસ લખ્યું છે. ગુ. મો.

† જુઠી સાક્ષી છુપાવવી એ પણ કબીરા ગુનહ. ગુ. મો.

હદીસ શરીફમાં આવેલું છે કે "મુસલમાન તે શખ્સ છે કે જેની જુબાનથી અને હાથથી કોઇને ઇજા થાએ નહીં" ઇનસાનને લાજેમ છે અને લાએક છે કે તે પોતાપર નજર કરીને પોતાને સર્વથી બુરો સમજે અને કોઇને બુરો જાણે નહીં. અને કોઇની એબ તલાશ કરે નહીં. પણ જો વગર તલાશ કીધે કોઇની એબ જણાએ તો નરમીથી તેને નસીહત કરે અને ફજીહત કરે નહી. ખુદાતઆલા અમલની તોફીક આપે. (લ-સ્સલાતો) વસ્સલામો અલા રસુલિહી મોહમ્મદીન વ આલિહી વ અસહાબિહી અજમઇન બે રહમતેક યા અરહમ-ર્રા હેમીન.

સમાપ્ત.

દીબાચો.

અલ્લાહ તઆલાનું લાખ લાખ શુકર કે તેણે અમારે માટે હીદાયતનો એક સીધો માર્ગ ઠેરવ્યો. જે તે માર્ગે ચાલ્યો તેનો બેડો પાર થયો અને જેણે તે માર્ગ તજયો તે ગુમરાહ થયો. અને લાખ લાખ દુરૂદ હજરત મોહમ્મદ મુસતફા ઉપર કે જેવણે તે માર્ગને અમારે માટે ખુલ્લો કર્યો અને જેવણની તાબેદારી તે ખુદાની મોહબ્બત મેળવવાનું કારણ થયું. અને તેવણની આલ ઉપર અને અસહાબ ઉપર કે જેવણ તે માર્ગને ખુલ્લુ રાખવામાં તન, મન અને ધનથી મંડેલા અને તમામ મુમેનો ઉપર.

એ પછી ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેજ સાદેક ખુદા તેના હાલને સુધરેલો રાખે અને તેને પોતાની મોહબ્બત આપે, કહે છે કે **રાહે નજાત** નામની કીતાબને મેં ઉર્દુથી ગુજરાતીમાં તરજુમો કર્યો છે. એ કીતાબ જો કે નાહની છે પણ ઘણી ઉપયોગી છે. એજ કારણથી ઇસ્લામી ઘણા મદરસાઓમાં પડાંવવામાં આવે છે. અને કાનપુર દીલ્લી લખનોવ અને મુંબાઇ વગેરે અનેક શેહેરોના અનેક પ્રેસમાં અનેકવાર છપાઇ છે. મારી જાણમાં એક પ્રત છે કે જે મુંબાઇના હેદરી પ્રેસમાં સને ૧૨૮૫ હીજરીમાં જનાબ કાજી ઇબરાહીમ સાહેબ પુલબંદરી અને નુરૂદ-દીન જીવા ખાનજી સાહેબના એહતેમામથી છપાયલી જેને આજે ૭૫ વર્ષ થયા તે પછી મુંબાઇમાં ઘણીજવાર છપાઇ અને લોકો માન દઇ પડે છે અને એજ કારણથી મુબાઇમાં ઇંદુપ્રકાશ પ્રેસમાં સને ૧૨૦૩ હીજરીમાં ગુજરાતી અક્ષર અને ઉર્દુ વાતમાં કાજી ફતેહમોહમ્મદ તથા કાજી અબદુલ કરીમે છપાવેલી છે.

એ એવી ઉપયોગી થાએ એમાં કાંઇ નવાય નથી કારણ કે એના રચનાર મોલવી હાફેજ મોહમ્મદઅલી પાણીપતી સાહેબ (રહ) છે કે જેવણની દીનદારી પ્રહેજગારી જગત જાહેર છે.* શેખુલ મશાએખ કાજી સનાઉલ્લાહ પાણીપતી સાહેબ (રહ) પોતાના વસીયતનામામાં લખે છે કે (મારી) જનાજાની નમાજ મોટી જમાઅતથી તથા નેકબખ્ત ઇમામથી બજાવી લાવવી. ફરી તે નેકબખ્તોમાં પેહેલું નામ મોલવી હાફેજ મોહમ્મદઅલી સાહેબનું તેવણે લીધું છે. એવણની નેક નીયતનોજ અસર છે કે બરાબર હજારો માણસ લાભ લઇ રહ્યા છે, અને તેવણનીજ નેક નેમતી અને તેવણનીજ બરકતને આધારે હું આશા રાખું છું કે મારો આ તરજુમો પણ લોકોપયો-

* એજ કારણથી એ કીતાબને ઉંડા ઉતરી વાંચેથી એક નુર જણાએ છે. અને તે નુર ગુજરાતી તરજુમામાં વધેલુ જણાએ છે. ગુ. મો.

ગી થઈ હજારો માણુસ લાભ લેશે.ξ

મેં તરજુમામાં કંઇ ઘટાડુજ નથી અને જો કંઈ વધારૂં છે તો તેને કાંઉસમાં નાખ્યું છે.

ગુજરાતીમાં દીની કીતાબો થવી ઘણીજ જરૂર છે પણ એ જરૂરત એક બે માણુસથી પુરી પડે તેમ નથી. ઘણા માણુસો તરજુમો કરનાર તથા ઘણાઓ છપાવનાર જોઇએ. કારણ કે ગુજરાતમાં લોકો દીની ઇલમથી ઘણા અનજાણુ છે. અને અધુરામાં પુરૂ કેટલાક અધુરા વાંએજી દીનમાં નુકસાન કરનાર નીકળ્યા છે. જો કે તેઓનો ઇલમ ઓછો હોવાથી તથા કેટલાક તો ફકત ઉર્દુ ઉપરજ આધાર રાખી વએજ કરવાથી મતલબ કંઇ હોએ છે અને બયાન કંઇ કરે છે. દાખલા તરીકે એક મોલવી સાહેબે કીતાબમાં જોયું કે હજરત મોહમ્મદ (સલ) ખુદાના નુર છે. હવે તેની મતલબ તેવણુ બયાન કરે છે કે ખુદાનુ નુર ખુદાથી જુદુ નથી તો ફરી હજરત મોહમ્મદ (સલ) પણુ ખુદાથી જુદા નથી. હજરત જે ચાહે તે કરી શકે છે. આપના અખ્તીયારમાં તમામ જહાન છે વગેરે વગેરે. આથી વાંચનાર સમજી શકશે કે આ બયાન કેટલે દરજે ઇસ્લામ વિરૂદ્ધ છે. અને લોકોને કેટલું ગુમરાહ કરનાર છે. ખુદા તો કહે છે હજરત (સલ)ને "તારે માટે તે બાબતમાં કશો અખ્તીયાર નથી. (સુરાઆલે ઇમરાન ૩;૧૨૮. તથા બીજી જગ્યા કહે છે "તું કેહ (ઓ મોહમ્મદ) બેશક સર્વે કામ અલ્લાહનાજ અખ્તીયારમાં છે (આલે ઇમરાન ૩;૧૫૪) તથા બીજી જગ્યા કહે છે "તારી પાસે તેઓની હીદાયત નથી પણુ અલ્લાહ જેને ચાહે તેને હીદાયત આપે છે." (સુરા બકર ૨;૨૭૧) બીજી જગ્યા કહે છે "તું જેને દોસ્ત રાખે છે તેને હીદાયત કરી શકતો નથી" (સુરા કસસ ૨૮;૫૬) વગેરે આ આયતો સાફ રીતે બયાન કરે છે કે ખુદાઇ કારખાનામાં હજરતનો કશો દખલ નથી. વળી હદીસ શરીફમાં સાફ રીતે આવેલું છે કે ખુદાએ હજરત (સલ)ના નુરને ઉત્પન્ન કર્યું છે. ત્યારે ઉત્પન્ન થએલો અનાદી (કદીમ) કેમ થાએ? અને ખુદા તો કદીમ છે. જે કોઇ હજરતને અથવા હજરતના નુરને ખુદા કે ખુદાનો ભાગ ગણુશે તેને ઇસ્લામ સાથે કશી લાગણુ વલગણુ નથી. ફોકહા સાફ રીતે લખી ગયા છે કે દરેક પેગમ્બર બશરજ (આદમી) છે પણુ ગુજરાતના કેટલાક અંજ્ઞાનીઓ હજરતને બશર કેહવું કુર સમજે છે. એ અકીદાની બાબતથી અનજાણુ રેહવાની ખરાબી છે. જેવી રીતે હજરત વિષે ખુદાનું નુર કેહવાયુ છે તેવીજ રીતે ઇસા (અલે) વિષે ખુદાની રૂહ કેહવાયું છે અને ખ્રીસ્તીઓ તે ઉપરથી ગુમરાહ થયા અને ગુમરાહ કરે છે. તેઓ કહે છે કે ખુદાની રૂહ એ ખુદાથી જુદી નથી ફરી ઇસા (અલ)ને ખુદા કે ખુદાનો ભાગ માનવા લાગી ગયા. એવોજ હાલ કેટલાક અજ્ઞાન મુસલમાનોનો છે. આખર હજરત (સલ)ની પેશીન ગોઇ હતી કે મારી ઉમ્મતમાંથી કેટલાક યહુદ અને નસારાઓની ચાલે થશે તો તેમજ થયું. ખુદા એવા નામના મુસલમાનોને હીદાયત કરે. તેઓને હું સમજાવીને કહું છું કે હજરત (સલ)ને જે ખુદાનું નુર કેહવાયું છે એના હકીકી અર્થ નથી. એ એક માનનો લફ્જ છે. જુઓ દરેક શૈય ખુદાની મિલક છે છતાં કાબાને બૈતુલ્લાહ (ખુદાનું ઘર) કેહવાયું. હજરત સાલેહ (અલે)ની ઉટણી નાકતુલ્લાહ (ખુદાની ઉંટણી) કેહવાઇ. હજર અસવદ યમીનુલ્લાહ (ખુદાનો સાંધો હાથ) કેહવાયો. આદમ (અલે) તથા ઇસા (અલે) રૂહુલ્લાહ (ખુદાની રૂહ) કેહવાયા. તો શું એના ખર અર્થ લેશું? કદી નહીં. એ શબ્દો માનમાં કહેલા ગણીશું. તેવીજ રીતે હજરત (સલ)ના નુરૂલ્લાહ થવાને સમજો. હજરત મોહમ્મદ (સલ) સર્વ મખલુકથી શ્રેષ્ઠ છે. આપ હબીબુલ્લાહ છે. ઓલુલ અજમ પેગમ્બરોમાંથી છે. શફીઉલ મુજનબીન છે. છતાં આપ ખુદાના બંદા છે. દરહાલતમાં ખુદાના મોહતાજ છે. આપને ખુદાએ ઉત્પન્ન કીધા. તો પોતાના પેદા થવામાં ખુદાના મોહતાજ થયા. ને પછી એક વખતથી બીજા વખત સુધી ખુદાએ બાકી રાખેલા તો પોતાના બકામાં પણુ ખુદાનાજ મોહતાજ. આપની જરૂરતો ખુદા પુરી પાડતો હતો તેમાં પણુ ખુદાનાજ ગરજવાન. અને આપની વફાત

ξ ખુદાનું લાખ લાખ શુકર કે તેણે મારી આશા પુરી કરી અને એથી હજારોએ લાભ લીધો જેથી આ બીજી વાર બહાર પડે છે. ખુદા એને દીન પ્રતીદીન વધુને વધુ લોકોપયોગી કરો. આમીન. ગુ઼ા મો.

પછી પણ અમો દુરૂદ પડી ખુદાથી તેમની તરફકી માંગીએ છીએ તેમાં પણ ખુદાનાજ મોહતાજ. એની સાબેતીમાં સેંકડો હદીસ છે. અને અગણીત આયતો છે. ખુદા સમજ આપે. ઉપલું લખાણ લખવાની જરૂરત એક મસનવી ખાંના બકવાથી અને કેટલાકના અકીદામાં ફુતુર પડવાથી માલમ પડી છે. નહી તો એ વાત ખુલ્લી છે.

પંજ વખતની ફરજ નમાજ અદા કરવાની ઘણી તાકીદ આવેલી છે જહંનમીયોને જ્યારે પુછાશે કે "તમોને સકર (જહંનમ) માં કોણ લઇ ગયું? તેઓ કેહશે અમો નમાજીઓ-માંથી નહોતા અને મીસકીનોને ખવડાવતા નહોતા.' ઇત્ય (સુરા મુદદ-સ્સેર ૭૪, ૪૨-૪૪) મુસલેમમાં છે. "માણસમાં અને શીરક કે કુફરમાં નમાજ છોડવાનો અંતર છે" અબુ દાઉદ અને નસઇમાં છે "બંદામાં અને કુફરમાં નમાજ મુકવાનો ફેર છે" તિરમીજીમાં છે "કુફર અને ઇમાનમાં નમાજ છોડવાનો ફરક છે" હાકેમે રિવાયત કરી છે "જે અહદ કે અમારામાં અને તેઓમાં છે તે નમાજ છે તો જેણે તેને છોડી તેણે કુફર કીધુ" તબરાનીમાં છે. "જેણે જાણી જોઇને નમાજને છોડી તેણે ખુલ્લું કુફર કર્યું" તિરમીજીમાં છે "નમાજ વગર બીજા કોઇ અમલને છોડવા વિષે મોહમ્મદ (સલ)ના સહાબીયો કુફર જાણતા નહોતા" ઇબને માજા અને બેહકીએ અબૂદ-દરદાથી રિવાયત કરી છે "તેવણે કહ્યું કે મને મારા દોસ્તે (સલ) વસીયત કરી છે કે કોઇ શયને ખુદાની સાથે શરીક ના કર, અગર જો તું તુકડા તુકડા થઇ જાએ. અને અગર જો તું બલાયો જાય. અને જાણીબુજીને ફરજ નમાજને છોડવું નહીં. જે કોઇ એને જાણી બુજીને છોડશે તો તેનાથી ખુદાનો જીમ્મો જુદો થાએ છે. અને શરાબ પીવો નહીં કેમકે તે દરેક બુરાઇની કુંચી છે" અબુ નોએમે રીવાયત કરી છે કે "જે કોઇ જાણી બુજીને નમાજ છોડે તો અલ્લાહ તેના નામને અગ્નીમાં દાખલ થનારાઓમાં અગ્નિના દરવાજા ઉપર લખે છે' એ વગર બીજી ઘણી હદીસો ઇબને હજર મક્કીએ જવાજેરમાં લખી છે તેમ બીજી કીતાબોમાં પણ છે. આ હદીસો ઉપરથી સહાબાઓમાંથી હજરત ઓમર, અલી, ઇબને મસઉદ, ઇબને અબ્બાસ, મઆજીબને જબલ, જાબેર બીન અબદુલ્લાહ, અને અબુ દ-દરદા અને તાબેઇનમાંથી અબુદાઉદ, અબદુલ્લાહ બીન મોબારક, ઇમામ નખઇ, હકમ બીન ઓયયના, અને કેટલાક તબાતાબેઇનો તથા ઇમામ અહમદ બીન હંબલ અને કેટલાક શાફેઇ જાણી બુજીને એક નમાજ છોડનારને કાફેર કહે છે, અને ખુદ ઇમામ શાફેઇ તથા કેટલાક શાફેઇઓ તેને કાફેર તો નહીં કહેતા પણ તેને કતલ કરવાનો હુકમ કરે છે. અને ઇમામ આજમ (હનફી મજહબના પેશવા) તેને જ્યા સુધુ તોબા નહીં કરે ત્યા સુધી હમેશ કેદનો હુકમ કરે છે. અને ઉપલી હદીસોના અર્થ જુદા કરે છે. અને કહે છે કે એ નકારની રૂએ છોડનાર વિષે છે. અથવા તે કાફેરોના જેવો છે. વગેરે. આ એક પબલીક વાત છે. ઘણી કીતાબોમાં એનું બયાન મળી આવે છે. માલાબુદ્દમિન્હા જેવી છોકરાઓને પડાવવામાં આવતી કીતાબમાં પણ છે. પણ આ દેશ એવી જહાલતમાં સપડાયલું છે કે તેઓને બે નમાજી વિષે ઉપર બતાવેલા વિદ્વાનોના મતો સાંભળી અચરત આવે છે એટલુજ નહીં પણ કેટલાક તો બેનમાજી વિષે કાફેર કહેનારાઓને ભાંડણા ભાંડે છે. તેઓ આટલું નહી સમજતા કે એ ગાળો તેઓ કોને આપે છે. એ નમાજીને કાફેર કેહવાનો મત તો મોટા મોટા સહાબીઓનો તથા તાબેઇનોનો છે. તો સહાબાઓને ગાળો આપવી કોનું કામ છે? એ તો શીયાઓનું અને ખારજીઓનું કામ છે. અને મુજતહેદો (ઇમામ અહમદ હંબલ વગેરે)ને ગાળો આપવી એ તો વહાબીઓનું કામ છે. જ્યારે બે નમાજી માટે આવી સખતાઇ છે તો દરેક મુસલમાનને લાજેમ છે કે નમાજ પડવામાં કોશીષ કરે. સરકશી કરે નહીં.

આજ કાલ વહાબીનો શબ્દ ઘણો સેહેલો થઇ ગયો છે. એ શબ્દ બે તરેહના માણસો ઉપર ખુલ્લી રીતે લોકો વાપરી રહ્યા છે એક તો તે માણસ પર કે જે વહાબી કેહનાર માણસની ચાલથી તથા તેના માનેલા અકીદાથી વિરૂદ્ધ હોએ. ફરી તે પાકો હનફી કેમ ન હોએ. દાખલા તરીકે કોઇ દેશમાં સેંદી (તાડી) નહીં પીનારને કહે છે તો કેથે તાજીઆને નહીં માનનારને કહે છે. કેથે આશુરીયાતમાં આંગળી

ઉચકનારને કહે છે તો કેથે કાળી પાગડી પહેરનારને ને બાર્વિપીંડલીએ ઉંચી ઇજાર પહેરનારને કહે છે. કેથે કબરોની માનતા લેવાથી કબરોપર ચીરાગો બાળવાથી સંદલ ચડાવવાથી તથા કબરોપર નારયલ ફોડવાથી મના કરનારને કહે છે તો કેથે શાદીમાં સેહરો ઘોડો નહીં કરનારને કહે છે. હવે ઉપર વર્ણેલા માણુસોને વહાબી કેહવું એ પોતાની જહાલત જાહેર કરવી છે; કારણ કે ઉપર બતાવેળા માણુસો તો હનફી મજહબ પ્રમાણે કરે છે તથા તેઓ હનફી મજહબનો પુરાવો પણ આપે છે. હવે તે પુરાવાને તપાસવાનું છે. અને વહાબી કહેનારા જે વિરૂદ્ધ પડી ઉપલા કામોને કરે છે તથા કેટલાક કામોને બુરા જાણે છે તેના પુરાવાને તપાસવાનું છે. જેથી દરેક ઇનસાફ કરી શકશે. બીજા તે માણુસપર વપરાય છે કે જેઓ ચાર મજહબમાંથી કોઇ પર ચાલતા નથી અને ગેર મોકલ્લેદ છે. હવે જો હનફી શાફેઇ વગેરે મજહબથી વિરૂધ્ધ ચાલી કોઇ મજહબનું ફોકટમાં નામ લે છે તેવા માણુસને ગેર મોકલ્લેદો કહે કે અમો દરેક બાબતમાં હનફીથી કે શાફેઇથી વિરૂધ્ધ નથી અને કોઇક મસલામાં હનફી વિરૂધ્ધ છીએ તો તે મસલો શાફેઇ કે માલેકીને મોફેક છે એમ છતાં જો અમો વહાબી કેહવાશું તો તમો જે ઘરમાં તસવિરો રાખો છો, હજરત પીરાન પીર હજરત ફાતેમા હજરત મોહમ્મદ (સલ)ની તસવીરોની ઝીયારત કરો છો કરાવો છો, કબરોને સિજદા કરો છો તે પર સંદલ ચોપડો છો તેપર રોશની કરો છો નગારાં વગડાવો છો રેશમી કપડા પહેરો છો ગુટીથી નીચે ઇજાર પેહેરો છો તાજીયાદારી કરો છો તાજીયાદારીને ઉત્તેજન આપી ઇનામો આપો છો. તાપતી પુજામાં શામેલ થાઓ છો. વગેરે ઘણા કામો છે કે જે એકે મતે ચારે મજહબમાં હરામ છે તેને તમો કરો છો. હવે તમારે માટે વહાબીનો કે તેથી હલકો ભારી ખીતાબ નહી લાગુ પડે તેનું કારણ શું ? તેમો શો જવાબ છે ? જો એમ કહો કે અમો હનફી કે શાફેઇ મજહબની વિરૂદ્ધ તો ચાલીએ છીએ પણ અમો કોઇ પણ એકના તો કેહવાડીએ છીએ અને અમો કોઇ મજહબના કેહવાતા નથી. તો તેમો જવાબ આ છે કે માત્ર એક મજહબનું નામજ લેવું અને તેને વિરૂદ્ધ કર્મો કરવું એ તો યહુદીઓ તથા ખ્રીસ્તીઓ પણ કરતા હતા તેઓ કેહતા હતા કે અમો ઇબરાહીમી મીલ્લતમાં છીએ વાંચો જલાલેન પૃષ્ટ ૨૨૫ ફરી તેઓ કેમ બુરા ઠર્યા. વળી એક માણુસ મ્હોંથી ઇસ્લામનો દાવો કરે અને કુફ્ર શીરકને ક્યાં કરે તો શું માત્ર ઇસ્લામનું નામ લેવું ઉપયોગી થશે ? કદી નહીં. એવોજ હાલ તમારો છે. કે મજહબનો દાવો કરો છો અને ચારે મજહબથી વિરૂધ્ધ ચાલો છો. એ સવાલનો જવાબ વહાબી કહેનાર શું આપશે તે હું સમજી શકતો નથી. મુસલમાનોમાં નાઇત્તેફાકી નાખવા કેટલાક ખુદ ગરજીઓ તરેહવારે બાજી રચે છે પણ આખર ખુદાને મ્હોં દેખાડવાનુ છે.

એક વાત [illegible]ની રહી જાએ છે તે એકે કેટલાક ખુદ [illegible] સુરતમાં લોકોને બેહકાવ્યા છે [illegible]મદ જે ગુજરાતીમાં છપાવે છે [illegible] રસુલના નામો આવે છે. કુરઆન શરીફની આયતોના અને હદીસ શરીફના તરજુમા આવે છે એ ઘણુ અપમાન થાએ છે. આ વાતને ઘણો મસાલો દઇ ઢબ છબથી બોલી લોકોને ભોરવે છે. અને કેટલાક ભોળા માણુસો તેઓના બહેકાવવામાં આવેળા પણ નજરે પડે છે. તેઓને મારે આટલુંજ કહેવું છે કે ફારસી, ઉર્દુ, બંગાલી, બ્રહ્મા, જાવા, ચીનાઇ, અફ્ગાની, તુરકી મલબારી વગેરે ભાષાઓમાં દીની કીતાબો છપાયલી છે. અને વગર વાંધે તે વપરાઇ રહેલી છે. ફરી ગુજરાતીએ શું કસુર કીધી ? કેટલાકો કહે છે કે ગુજરાતી હીન્દુઓની ભાષા છે તેથી એમાં લખવી જોઇએ નહી. તેનો જવાબ કે ગુજરાતી ભાષા હીન્દુઓની છે એ માનવું ખોટું છે. ગુજરાતી ભાષા એ ગુજરાત દેશની ભાષા છે. ગુજરાતના રહીસ હીન્દુ મુસલમાન બંને બોલે છે. જેવી રીતે ફારસી ભાષા ફારેસ દેશની છે ત્યાં મજુસી અને મુસલમાન બંને બોલે છે. ઉર્દુ હીન્દુસ્તાનની ભાષા છે ત્યાં હીન્દુ મુસલમાન બંને વાપરે છે. બંગાલી એ બંગાલની ભાષા છે ત્યાં હીન્દુ મુસલમાન બંને વાપરે છે. ફરી ત્યાં દુરસ્ત હોએ અને હયાં દુરસ્ત નહી હોએ તેનું કારણ નથી. પણ ભાયો ખુદ ગરજીઓ પેલી કેહવાતવાળુ કે "દુખે પેટ ને

બતાવે માથુ” તેમ કરી રહ્યા છે. તેઓએ જોયુ કે જો ગુજરાતીમાં દીની કીતાબો પ્રગટ થશે અને દીની મસલાથી લોકો ખબરદાર થશે તો ફરી હમારા ભોરવવામાં આવશે નહીં અમારો ચકર ચાલશે નહીં જેથી તેઓને બેહકાવવુ શરૂ કર્યું છે. દીલ્લીમાં શાહ વલીયુલ્લાહ (રહ) સાહેબે કુરઆન શરીફનો તરજુમો ફારસી બાષામાં કર્યો હતો ત્યા પણ કેટલાક ખુદ ગરજીઓએ તરેહ તરેહથી લોકો ને બેહકાવ્યા હતા કોઇ કેહતો હતો કે ફારસીમાં તેવણે તરજુમો કરી કુરઆન શરીફની હલકાઇ કરી છે, તો કોઇ કેહતો હતો કે એ કામ કુફરનું છે. તે એટલા સુધી કે ગામમાં શોર પડી રહ્યો હતો. (વાંચો હયાતે તૈયબા પૃષ્ટ ૧૧-૧૩) પણ આખર “ખોટું ખપનાર છે અને ખરૂં તરનાર છે” તે પરમાણે તે બહેકાવનારા તો નહીં રહ્યા અને તે ફારસી તરજુમો તો આખા ઇન્ડીયામાં ફેલાયો છે અનેક પ્રેસમાં અનેકવાર છપાયો છે. અને ઘણાં માનથી લોકો તેને જોઇ રહ્યા છે. વળી એ ખુદ ગરજીઓનું કહેવું શરારતથી છે તેનો તમને પુરાવો આપું છું:—સર્વથી પેહેલી જે ચોપડી મેં લખી હતી તે “ખ્રીસ્તી અને મોહમ્મદી ધર્મ નો ચુકાદો”છે. એ સને ૧૩૦૫ હીજરીમાં છપાઇલી. તેને આજે ૧૪ વર્ષ થયા છે. તે પછી કેટલીક બીજી ચોપડીઓ ગવ રક્ષાની સામે લખેલી કેટલીક ચોપડીઓ ખ્રીસ્તીઓની સામે લખેલી એ સર્વમાં મોકાસર કુરઆન શરીફની આયતનો, હદીસ શેરીફનો તરજુમો લખાયલો છે. અને અલ્લાહના, રસુલના નામો લખાયલાં છે. અને તે છપાઇને એક બે નહીં પણ સેકડો નકલ સુરતમાં મફત વેહેંચવામાં આવી છે. જેઓ હાલ બેહકાવી રહ્યા છે તેઓને પણ પુગી છે. પણ ત્યારે કોઈ તેની નીન્દા કરતું નહોતું. સર્વ કોઇ તારીફ કરતા હતા ઉપકાર માનતા હતા ત્યારે હવે નિન્દા કરવાનું કારણ શું ? તે એજ કે પ્રથમ મારા કલમની રૂખ હીંદુ તથા ખ્રીસ્તીઓ તરફ હતી અને હવે મારા કલમની રૂખ મુસલમાનોના તરફ છે. જો એની નિન્દા નહીં કરે તો લોકો જાણીતા થાએ છે અને તેથી ખુદ ગરજીઓનો તો કેટલોક લાભ જાએ છે. તેમ લાંબી મુદતથી ચાલી આવેળી બાપ દાદાની બુરી રસમો, કબરોને ચુમવાની કબરના ગીલાફ ચુમવાની તે પર સંદલ ચડાવવાની તે પર દીવા બાળવાની વગરે, તજવી પડે છે. હવે જો તજી દે છે તો અણ સમજ જાહેલોની બતરીસીએ ચડે છે. અને જો નહીં તજે છે તો જાણીતાઓ આગળ તથા મોલવીઓ આગળ શરમીન્દા થવું પડે છે કે બે હયાય અખ્તીયાર કરવી પડે છે. જેથી તેઓને આ માર્ગ અખ્તીયાર કરવો પડે છે. * પણ તેઓએ યાદ રાખવું કે ખુદાનો ભય તે ડહાપણનું મુળ છે. દીની કામમાં આડે આવવું એ ખુદાનો મુકાબલો કરવો છે.

આ મહીનો રમજાનનો છે એમાં બને તેટલી નેકી કરવી જોઇએ સદકો જકાત ખેરાત આપવી જોઇએ. આપનારે ગરીબોનું એહસાન માનવું જોઇએ કે તેઓને લીધે અમોને જકાત ખેરાત આપવાનો લાભ મળે છે. સદકો ખેરાત ફકત ધનનીજ થાએ છે તેમ નહીં પણ વિદ્યા હુનરથી પણ થાએ છે. હવે કોઇ ગરીબે કોઇને ઇલમ શીખવ્યો છે મસલો બતાવ્યો છે તેણે દીનમાં લાભકારક તથા આત્માનો ખોરાક આપ્યો છે. તેણે તેજ સદકો કર્યો. હવે જો કોઇ પૈસાવાળો તેને કંઇ પૈસા આપે તો તેણે બેશકક એહસાન કર્યું પણ પેલા નિર્ધન આલેમના જેટલું એહસાન કીધું નથી. આથી તમો શમજી શકશો કે જેઓ કોઇ ગરીબથી શીખે છે મસલો પુછે છે અને તેનું એહસાન કંઇ નહીં જાણુતા તથા પોતાનું કંઇ આપેલું ધ્યાનમાં રાખી તેઓને હલકા તથા દબેલ ગણે છે એ તેઓની ભુલ છે. તેઓએ ઇલમની જોઇએ તેવી કદર કીધી નથી. ખુદા સમજ આપે. સદકો ખેરાત કરનારા ત્રણ તરેહના છે. એક પૈસાની ખેરાત કરનાર બીજો ઇલમની ખેરાત કરનાર ત્રીજો બનેની ખેરાત કરનાર પણ કુરઆનમાં કેહવા પ્રમાણે—“તું તારા રૂબ્બની નેઅમતોને બયાન કર” (સુરા વદદોહા ૧૧)-ખુદાનો ઉપકાર

*પણ ખાન સાહેબ અબદુલકાદેર બાકરજીનો તથા સૈયદ ઝેન અલ ઈદરૂસનો મારે ઉપકાર માનવો જોઇએ કે તેઓએ મહારાણી વીકટોરિયા સાહેબાના મરણમાં સોગ પાલવાના જે સુચના છપાવી પ્રગટ કરી હતી તેને મથાલે કુરઆન શરીફના આયત ગુજરાતી અક્ષરોમાં છપાવી હતી. તેથી ઘણાઓની ઊંઘ ભાગી છે. તથા ગુજરાતી તરજુમાની નિન્દા તે મુરખાઇ તથા અદેખાઇથી હતી. એ તેથી પ્રગટ થાએ છે. શ્રા. મો.

માની કહું છું કે તેણે મને ત્રીજી તરેહવાળાઓમાંથી કીધો છે.

વળી બીજી એક જાણવા જોગ બાબત આ છે કે લોકોમાં એ ઇલમીના સબબથી કેટલાકો કહે છે કે ફલાણા બુજરગ ખુદાના લાડકા છે ખુદા તેમનો લાડ ઉચકે છે તેઓને ખુદાનો ડર સાનો? આ વાત ઘણી બુરી છે. મુસલમાનોએ એવા સફ્જો બોલતાં અચકાવું જોઇએ. પીર પેગમ્બર દરેક ખુદાના પીયારા છે તેમ દરેક હજરતની તાબેદારી કરનાર તાબેદારીના પ્રમાણમાં ખુદાની મોહબ્બતમાં દાખલ થતો જાએ છે. છતાં કોઇ ખુદા પર લાડ કરી શકતો નથી સર્વ તેની ભય અને આશા રાખનાર છે. અને ઇમાન પણ ખોફ અને આશાને વચ્ચે છે. ખુદાથી નિર્આસ (નાઉમેદ) થવું જેમ કુફર છે તેમ તેનાથી નડર થવું પણ કુફર છે. અલ્લાહતઆલા પેગમ્બરોના ગુણ શું બયાન કરે છે. તે આપણે સુરા અંબીય આયત ૯૦ને વાંચીએ "બેશક તેઓ નેક કામોમાં જલદી કરતા હતા. અને (અમારી રહમતની) આશા રાખતાં અને (અમારા અજાબથી) બીહતાં અમોને પુકારતા હતા (અથવા બંદગી કરતા હતા)" બીજી જગ્યા સુરા સિજદા આયત ૧૬માં તહજ્જુદ પડનાર મુમેનોની બાબતમાં ખુદા ફરમાવે છે. "તેઓ પોતાના પરવરદીગારને (તેના અજાબથી) બીહતાં અને (તેની રહમતની) આસા રાખતાં પુકારે છે. અને અમોએ તેઓને જે આપ્યું છે તેમાંથી તેઓ સદકો કરે છે" વળી સુરા યુનોસ આયત ૬૩માં વલીયોની સીફત ખુદાની બીહીકજ કેહવાઇ છે. હજરત પીર (રહ) ફોતુહુલ ગેબ પૃષ્ટ ૧૯૩માં કહે છે કે "આરેફની દરેક હાલત અને મુકામને માટે પક્ષીના બે પરની જેમ એક બીહીક છે અને બીજી આશા છે. એ સિવાઇ તેને સંપુરણતા (કમાલ) મળતી નથી." ફરી જે કોઇ પણ બુજરગ વિષે એવું કેહશે કે તે ખુદા પર લાડ કરતા હતા ખુદાથી નડર હતા એ ખરું જોતાં તે બુજરગની નિન્દા કરનાર છે તે બુજરગને વીલાયતથી કહાડનાર છે.

હવે હું તબર્રૂક દાખલ હજરત પીરાન પીર (રહ)ની ફોતુહુલ ગેબ કીતાબથી કેટલીક નસીહત લખુ છું. "જે કોઇ દુન્યા અને આખેરતમાં સલામતી ચાહતો હોએ તેનાપર લાજેમ છે કે તે સબર કરે અને (ખુદાની કજા પર) ખુશ રહે અને મખલુક પાસે ફરયાદ લઇ જવી છોડી દે. અને પોતાની હાજતોને ખુદા પાસે લઇ જાએ. તેની બંદગીને લાજેમ જાણે અને તેના તરફ મુશકેલ કોશાઇની આશા રાખે અને તેના તરફ અલાહેદો થાએ. કેમકે તે તેની તમામ મખલુકથી બેહતર છે (તો તેના તરફ હાજત લઇ જવી જોઇએ) ઘણું ખરૂ તેનું નહીં આપવું તે આપવું છે. તેનું દુઃખમાં રાખવું તે નેઅમત છે. તેનું બલા મોકલવું તે દવા છે. તેનો વાએદો કરવો તે નગદ છે તેનું ઉધાર કરવું તે તુરતનું છે. તેનું કેહવું તે કરવું છે. તેનું કે[illegible] ફરમાવવું તો આજ છે કે જયારે તે કોઇ [illegible] ઇરાદો કરે છે કે તેને કહે છે કે [illegible] થાએ છે. તેના દરેક કામ સારાં છે [illegible]પણાવાળા છે અને લાભકારક છે પણ અલબત્ત કે તેણે તે લાભોને બંદાઓના ઇલ્મથી પોશીદા રાખ્યા છે અને પોતે એકલોજ તેને જાણનાર છે* તો બંદાને બેહતર અને તેના હાલને લાએક ખુદાથી રાજી રેહેવું તથા તેના હુકમપર ગરદન ઝુકાવવી છે. અને તેના હુકમને બજાવવામાં અને તેની મનાઇથી રોકાવામાં બંદાપણાને કામમાં લાવવું છે અને તકદીરમાં ગરદન ઝુકાવવી છે. અને ખુદાઇ કામમાં એતેરાજ કરવાને તજવું છે, કે જે ખુદાઇ કામ (રબુબીયત) કે તે તકદીરોની તેના ચલાવવાની અને તેના ઓસુલો (મુળ)ની દલીલ (કારણ) છે. અને (બંદાને લાયક છે કે) શા માટે કેમ અને કેયારે કેહવાથી તથા પોતાની તમામ હાલચાલમાં ખુદાપર તોહોમત મુકવાથી ચુપકો રહે. અને આ બધી બાબતોનો આધાર અબદુલ્લાહ બીન અબ્બાસ (રદી)ની હદીસ ઉપર છે. અને તે અતાથી (રદી) તે ઇબને અબ્બાસથી રિવાયત થઇ છે ઇ-

---

* આ ઈબારત સાફ કહી રહી છે કે કેટલાક લાભ અને મસલેહતને ખુદા વગર કોઈ જાણતું નથી. ફરી હજરત પીર(રહ) વિષે જેઓ કહે છે કે તેઓ દરેક ચીજને જાણે છે તથા નબી સાહેબ દરેક ચીજનેજાણે છે તેને ખુદ હજરત પીર (રહ) જુઠ્ઠે છે. ગુ. મો.

બને અબ્બાસે કહ્યું કે હું સ્વારી પર હજરત (સલ)ની પાછલ બેઠો હતો તેવામાં તેવણે મને કહ્યુ "ઓ છોકરા ખુદાની સંભાલ રાખ (તેના હુકમ બજાવી લાવીને અને તેના મનાઇ કામ છોડીને) તો ખુદા તારી સંભાલ કરશે (રહમતથી, બખ્શીસથી, અને મદદથા) તું ખુદાની સંભાલ રાખતો તે તારી આગલ્ર રહેશે (મદદ કરવાને) જયારે તું કંઇ સવાલ કરે અને માંગે તો ખુદાથીજ માંગ અને જયારે તું મદદ ચાહે તો ખુદાથીજ મદદ ચાહુ જે થવાનું હતું તેના વિષે કલમ સુકાઇ ગયું છે. જો ખુદાએ તારે માટે તકદીરમાં કોઇ ચીજ નહીં લખી છે અને તમામ બંદા તેનો લાભ આપવા કોશીશ કરે તો કદી શક્તિવાન થશે નહીં અને ખુદાએ તારે માટે તકદીરમાં કંઇ નુકસાની કે હરકત લખી નથી અને સર્વ બંદા તને કોઇ ચીજનું નુકશાન કરવા કે હરકત કરવા ચાહે તો કદી શકિતવાન થશે નહીં* જો તું સચ્ચાઇ અને યકીનની સાથે ખુદાનું કામ કરવા શકે છે તો કર અને જો શકિતવાન નથી તો નાઉમેદ થવું નહીં કે જે ચીજને તું પસન નહીં કરતો તેપર ધીર (સબર) રાખવામાં ઘણા લાભ છે અને તું જાણ કે ધીરજમાં મદદ મળે છે. ગમમાં છુટકારો છે અને સખતાઇની સાથે આસાની છે. તો દરેક મુમેનને લાએક છે કે આ હદીસને પોતાના દીલ માટે દરપણ (આરસી) કરે. અને એને પોશાકની જેમ લાજેમ કરી રાખે. અને એને બોલતો રહે. અને પોતાની સર્વ હીલચાલમાં એના પર અમલ કરતો રહે. કે જેથી તે દુન્યા અને આખરતમાં સલામત રહે અને ખુદાની મેહેરથી બંનેમાં તે ઇજત મળવે** જે કોઇએ લોકોથી માંગણી કરી તેણે ખુદાથી જાહેલ રેહવાથી તથા પોતાના ઇમાનમાં, પેહેચાનત (મઅરેફત) માં, અને યકીનમાં જઇફ થવાથી તથા પોતાના ઓછા સબરથી માંગણી કરી છે. અને જે કોઇ લોકોથી માંગણી કરતો અચકાયો તે ખુદાની સાથે પુરતો ઇલમ રાખવાને લીધે છે તથા પોતાના ઇમાનની યકીનની કુવવને લીધે છે તથા દરેક વખત પોતાના પરવરદીગારની 'મારેફતના નખરાથી છે. અને તેનાથી શરમ કરવાને લીધે છે." વાંચો કોતુહુલ ગેબ મકાલો ૪૨, ૪૩ મો પૃષ્ટ ૧૮૯-૧૯૩ આ કોતુહુલ ગેબ શીરક બીદઅતથી દુર રાખવામાં અને તોહીદ શીખવવામાં અમુલ્ય છે પણ હજરત પીરાનપીર (રહ)થી નામની મોહબ્બત રાખનારા તેમની આ કીતાબને વાંચતા નથી. નહીં તો કદી તેવણના તરફ કલ્પના કરે નહીં તેમનાથી ગરજો માંગે નહીં તેમને કે કોઇ બીજા વલીને સવાબ પોહોંચાવવા ખાઉ રાધી ખુનચામાં કે તેને આસપાસ ધોલે દીસે દીવા બત્તીઓ મુકે નહીં. જેમકે સુરતના કેટલાક નામના મશાએખ કરી રહ્યા છે. ખુદા તેઓને સમજ આપે એ સર્વનુ મુળ કારણ દીનથી અજ્ઞાન રેહવું છે.

દીનની તાલીમ બચ્ચાઓને બાળપણથી આપવી જોઇએ તેનો સરસ માર્ગ આ દેશમાં આજ છે કે મુસલમાનોની ગુજરાતી સ્કોલોમાં સરકારી સાત ચોપડી નહીં ભણાવતાં ઇસ્લામી ગુજરાતી ચોપડીઓ ચલાવાએ. ઇનજુમન હીમાયતે ઇસ્લામ લાહોરે પોતાની ચોપડીઓ ઉરદુમાં કહાડી છે અને તે હજારો નહીં પણ લાખો છપાઇ છે. અને મુસલમાના વાપરી રહ્યા છે તેવી ચોપડીઓ ગુજરાતમાં ગુજરાતીમાં ચલાવવાની જરૂર છે કે જેથી છોકરાઓ ગુજરાતી વાંચવા ભણવા પણ શીખે અને દીનનું જ્ઞાન પણ આવતું જાએ. જે લોકો સરકારથી ગરાટ મેળવે છે તેઓ પર સરકારી ચોપડયો ભણાવવાની ફરજ છે પણ જેઓ સરકારથી કશી મદદ મેળવતા નથી તેઓને સરકારી ચોપડયો ચલાવવાની જરૂર નથી. પાદરીઓ પોતાની સ્કોલોમાં મુસલમાનોને. હીન્દુઓને પોતાના ધર્મની ચોપડીઓ ચલાવે છે પણ અફસોસ કે મુસલમાનો મુસલમાનોને ધર્મિ ચોપડીઓ ચલાવતા નથી. ખુદા હીદાયત કરે

આ કેટલીક બાબતો જે મેં લખી છે. તે અગર જો રાહે નજાત સાથે સંબંધ નહી રાખતી પણ કેટલીક જરૂરતોને લીધે ટુંકમાં દાખલ કરવી પડી

*હજરત પીરાન પીર (રહ) સાફ રીતે કહે છે કે તકદીર ટલતી નથી જે થવાનું હતુ તે લખાઇ કલમ સુકાઇ ગયુ છે આથી સાફ જણાએ છે કે જે વાએજો બયાન કરે છે કે કુવાળાની કીસમતમાં છોકરાં નહીં હતાં અને હજરત પીરે આપ્યા અને કીસમતને બદલી કહાડી કલમનું લખેલું લોહેમહફુજથી મટાડયુ એ તેઓના બકલા છે એવી વાત માનવામાં કુફરનો ભોફ છે.

. અને બીજી કેટલીક બાબતો બીજી કીતાબમાં દાખલ કરીશ. ઇન્શા અલ્લાહ. ખુદાનું શુક્ર કે તેણે રાહે નજાતને પુરી કરાવી અને આગળ બીજું ખિદ્મત મકબુલ કીતાબનો તરજુમો મુજ અહનાને હાથે આરંભ કરાવ્યો. પ્રથમ એ કીતાબનો તરજુમો ઉરદુમાં થઇ ઘણા પ્રેસોમાં છપાયો છે પણ તે ફક્ત કીતાબનોજ તરજુમો થયો છે. પણ ગુજરાતીમાં હાશીઆ (નોટ) સહીત તરજુમો થાએ છે. એ ખુદા તું તેને સાથ ખેર ને પુરો કરાવી લોકોપયોગી કર. અઈમ્માઓની ખુરાકથી હું તારી પનાહ માંગુ છુ. એ અલ્લાહ હું તને તેઓના સીનાપર કરૂં છું, અને તેઓની બુરાયોથી તારી પનાહ માંગુછું. આમીન વસલ્લલ-લ્લાહો અલયહી.

ઇલમે ગેબનો ફતવો

સવાલ દીનના ઓલમાઓ અને શરઅના મુફતીઓ આ બાબતમાં શું ફરમાવે છે. કે એક શખ્સ કહે છે કે રસુલુલ્લાહ (સલ) ને માકાન વમા યકુન તમામ કુલ્લીયાત જુજઇયાતનો ઇલમ હતો. અને કોઇ શેય આપના ઇલમના ઘેરાથી બહાર નથી. જેને. સાર આ છે કે નબી સાહેબ (સલ)ને તમામ ચીજોનો ઇલમે ગેબ છે. અને અમર કહે છે કે નબીએ અકરમ (સલ ને કુલ્લ ચીજોનો નહીં પણ કેટલીક ચીજોનો ઇલમ છે કે જે ચીજ કે હાલ છે કે પેહેલાં હતી કે આવતા વખતમાં થનાર છે તે સર્વ જાણવું અને સર્વને ઇલમના ઘેરામાં લેવું એ ખુદાની જાત વગર બીજાથી બની આવતું નથી. હા, નબીએ અકરમ (સલ)ને અલ્લાહ સુબહાનહુએ કેટલીક ગેબપર ખબર કરી છે. જેમકે આ આયતથી સમજાએ છે "અલ્લાહ પોતાના રસુલોમાંથી જેને ચાહે તેને પસંદ કરે છે તેના સિવાય અલ્લાહ તમોને ગેબપર ખબરદાર કરતો નથી." (સુરા આલે ઇમરાન ૧૭૯) એટલુંજ નહીં પણ કેટલાક વલીયોને પણ હક સુબહાનહુ કોઇ કોઇ વાર કશફ અને ઇલહામની રૂએ બાજ ગેબપર ખબરદાર કરે છે. પણ દરેક ગેબપર ખબરદાર થવું અને માકાન વમા યકુન થી કોઇ પણ ચીજનો ઇલમ બાકી નહીં રેહવો ખરૂ નથી. જેમકે આ આયત શરીફથી સમજાએ છે. "જો હું ઇલમે ગેબ જાણત તો ઘણો લાભ મેળવત" (સુરા આરાફ ૧૮૭) અને જે કોઇ એને વિરૂધ્ધ દાવો કરે તેને માથે પુરાવાથી બયાન કરવું છે હવે દાવો કોનો ખરો છે?

જવાબ (તેજ ખરી અને ઠીક વાતનો ઇલહામ કર્તા છે) અમરનો દાવો ખરો છે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ પાક અહમદ મુજતબા મોહમ્મદ મુસતફા (સલ)ને બાજ ગેબ પર ખબરદાર કીધા છે. કુલ્લ ગેબપર નહીં. આવી રીતે કે માકાન વમા યકુનના અજલથી અબદ સુધી કોઇ જુજ બાકી નહીં રહી હોએ અને તમામ જુજઇયાત (દરેક વસ્તુ) હજરતના ઇલમના ઘેરાવામાં હોએ એ ઘણી ખરી આયતો અને હદીસો અને (સહાબાના) આસારને વિરૂધ્ધ છે. જેમકે જમાઅતથી (મસજીદમાં નમાજ પડવા)ની બાબતમાં ઓરતો વિષે હજરત આએશા (રદી)એ કહ્યું છે. "ઓરતોએ જે નવું કામ કહાડયું છે તેનો જો રસુલુલ્લાહ (સલ)ને જાણ થાત તો તેવણ તેણીઓને મસજીદથી મના કરત.' અને અમરનો દાવો સલફ શોહદાએ કરામના માફક છે. અને આયતો અને હદીસોમાં તતબીકની એજ સુરત છે." એને (મોલવી) નજફ અલી ખાને લખ્યો છે.

એના ઉપર ઘણા વિદ્વાનોએ સહી કરેલી અને સુરતના ઓલમાઓમાંથી મોલવી મોહમ્મદ બરકતુલ્લાહ, મોલવી મહમુદ, મોલવી નુર મોહમ્મદ મોલવી અબદુલ કાદેર બાવાકજહ અને મોલવી મોહમ્મદ કાજમ વગેરેએ સહી કરેલી. પણ બાઓજહ સાહેબે તે પછી એથી વિરૂદ્ધ મસલા ઉપર પણ સહી કરી છે. પણ આ સહી શું સમજીને કરી અને ફરી એને વિરૂદ્ધ શા માટે સહી કરી તેનું કારણ તેવણને પુછવા છતાં પ્રગટ કરતા નથી. જો કોઇ મજબુત પુરાવાના સબબથી હોએ તો તેને પ્રગટ કરે. મોટો ઉપકાર થશે તેમ તેઓને કોઇ કેહશે પણ નહીં કે અદેખાઇ તથા દુશમનાઇને લીધે વિરૂદ્ધમાં સહી કરી છે. અને વળી મજબુત પુરાવો પુરવાર થયેથી હું પણ મારૂં લખાણ ખેંચી લઇશ. * હાલ તો એજ. ખુદા શરીરોની શરારતને દફા કરે આમીન.

---

* મોલવી અ લીક વડોદરાવાળાના રીસાલાનો ટુંક જવાબ કહાડ્યાને આજે બે વરસ થયા છે પણ તેનો જવાબ હજુ તેઓથી થયો નથી મુ. મો.

જાહેર ખબર.

"તોહફતુલ હિંદ" નામનું પુસ્તક જે કે હિંદુસ્તાનમાં ઉર્દુ ભાષામાં ૧૧ વાર છપાઇ માન પામેલું તેનો તરજુમો ગુજરાતી ભાષામાં થઇ ૫૦ રતલી રોયલ ગલેઝ આઠ પેજી ૨૮૯ પૃષ્ટમાં છપાયો છે. એમાં કર્તાએ માત્ર હિંદુ ધર્મ તથા ઇસ્લામી ધર્મનો મુકાબલો કરી બતાવ્યો હતો. પણ ભાષાંતર કરનારે નોટમાં ક્રીસ્તી ધર્મનો તથા આર્ય સમાજવાળાનો પણ મુકાબલો કરી બતાવ્યો છે. એમાં માત્ર મુકાબલોજ છે એમ નહિ પણ મુસલમાની ધર્મમાં ખુદાને કેમ માનવો. તથા ફીરસ્તઓને કેમ માનવા? પેગમ્બરોને કેમ માનવા? કીતાબોને કેમ માનવી? ઇત્યાદિ. તથા પાંચે બીનાએ ઇસ્લામનુ પણ વર્ણન છે. કુરાણથી નિકાહ. તલાક, હરામ, હલાલ, સલામ, પારકા ધર્મવાળાને નહોતરૂં કરવું વગેરે. તથા પાદરીઓના ચોપાનિયામાં ઇસ્લામના ચંદ્ર ઉપર જે તેઓએ ધુળ ઉડાવી છે, તેનો ઉત્તર આપી તે ધુળ તેઓ પર પાડી છે. અને લગભગ બધી શંકાઓનો જવાબ એમાં છે. તથા પારસીઓના પુસ્તકોથી હજરત મોહમ્મદ સાહેબના ભવિષ્યવાદપણાની સાબેતી વગેરે છે. એજ કારણથી તે ટુંક મુદતમાં ખપી ગઇ અને હવે ફક્ત ૨૫ નકલ બાકી છે. કીમત રૂા. ૨.. પોષ્ટ વગર.

"તોહફતુલ હિંદ" અંગ્રેજી. મજકુર પુસ્તકની કેટલાક વધારો સહીત એક બી. એ. સાહેબ પાસે તરજુમો કરાવી ૬૦ રતલી ગલેઝ કાગળપર છપાવ્યું છે. કીંમત રૂા. ૨ પોષ્ટ વગર.

"ઇઝહારૂલ હક" નામનું પુસ્તક કે જે મોલવી રહમતુલ્લા કેરાનવી મક્કી સાહેબનું રચેલું છે તેનો તરજુમો ગુજરાતી ભાષામાં કરી ગલેઝ ૫૦ રતલી કાગળ ઉપર આઠ પેજી પૃષ્ટ ૫૦૦ ઉપર છપાવ્યું છે જે આખી જગતના પાદરીઓને બગીર્ત કરનારૂં છે. આમા એક પ્રસ્તાવના છ અધ્યાય છે. પ્રસ્તાવનામાં કેટલીક જાણવાજોગ બાબતો લખી પાદરી ફાનડરની મીઝાનુલ હકના કેટલાક ફકરાઓના જવાબ છે. પેહેલા અધ્યાય માં બાઇબલનું વર્ણન છે તથા તેની ભુલો ખોટા રાની સાબેતી છે. બીજા અધ્યાયમાં બાઇબલના ફેરફાર થયાનો સિદ્ધાંત તથા પાદરીઓના ધોકાઓનો ઉત્તર છે. ત્રીજામાં નાસેખ મનસુખનું વર્ણન છે. ચોથામાં ત્રીદેવનું (તસલીસનુ) ખોટાપણું બાઇબલથી તથા અકલી દાખલાઓથી છે. અને ત્રીદેવ વિષે તેઓના લીધેલા આધારનો ઉત્તર પણ છે. પંચમામાં કુરઆનનું કલામુલ્લાહ થવું સિદ્ધ કરી કુરઆન ઉપર તેઓની કીધેલી શંકાઓનો ઉત્તર છે. તથા એની સાથે હદીસોનો કે લોકોનો હાલ તથા તે વિષેની શંકાઓનો ઉત્તર. અને છેલ્લામાં હજરત મોહમ્મદ (સલ.) સાહેબના પેગમ્બરીની સાબેતી છે. અને એની વચ્ચે બીજી ઘણી બાબતો સમાએલી છે. હજરતની નબુવત ઘણી સારી રીતે તેઓની બાઇબલથી પણ સાબેત કરવામાં આવી છે. કી. રૂ ૨--૦--૦ પોષ્ટ વગર.

બાઇબલ પરીક્ષા કીમત આના ૨ } આ બંને ચોપડીઓ
જેહાદની હકીકત કી આનો ૧ } ઇઝહારૂલ હકના
} નમુના છે.

તોહફતુલ હીન્દ ગુજરાતી બીજીવાર છપાવવાનો બંદોબસ્ત થાએ છે જે આવતા રજબથી ઇનશાઅલ્લાહ છપાવવા શરૂ થશે. અને તે પછી છ મહીનામાં તેયાર થશે. જો કે પેહેલી આવૃત્તી રૂા. ૨થી ખપી છે. પણ બીજી આવૃત્તી માટે જે ૧લી રજબ સને ૧૩૨૧ હીજરી સુધી નામ નોંધાવશે તેને જેટલી પ્રતો લખાવી હશે તે આના બારની કીમતથી અપાશે. તે પછી રૂા. ૨ લેવામાં આવશે.

મુશાહદતે લારેબ ઉરદુ ગેબ વિષે કી. આ. ત્રણ

રાહે નજાત ઉરદુ કી. આનો ૦.૯.

નસીહતુલ મુસ્લેમીન ઉરદુ કી. આનો એક

હીદાયતુલ મોહતદીન ઉરદુ કી. આના ત્રણ

ઇસલાહુર રેસુમ ઉરદુ કી. આના પાંચ.

કુરઆન શરીફ મોટા તથા ઉમદા ખતમાં અને તેની નીચે શાહ અબદુલ કાદેર (રહ)નો જગત જાણીતો તરજુમો ગુજરાતી અક્ષરોમાં કી. રૂા. ૫

શાહ અબદુલ કાદેર સાહેબની તફસીર **મુજેહ કુરઆન** ઉરદુ સાત ભાગમાં પુરી કી. પુરીની રૂ

રાકાશ ચાલ રદદે પૃથ્વી ચલ. કી. આને ૧

રાહે નજાત ગુજરાતી ભાષામાં
નસીહતુલ મુસલેમીન
હીદાયતુલ મોહતદીન
મોલવી બશીરના રીસાલાનો ટુંક જવાબ
રેસાલા ગેબી
સહમુલ ગેબ
ઇજાલતુર-રેબ
તાજીયાની હકીકત
રીસાલા અવજ ક્રીસ્તીઓનો રદ.
ફીલસુફીની કસોટી
રચ :ટ્રોન ઓફ ફલાસ ફરસ અંગ્રેજી

આ પુસ્તકો દરેકને માટે પોસ્ટ ખરચ અરધા આનની ટીકીટ મોકલેથી મફત મોકલવામાં આવશે

ગુલામ મોહમ્મદ બી. હાજી હાફેજ સાહેબ
મુ. રાંદેર જીલ્લે સુરત.